કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ ૫૭મું · અંક ૬ઠ્ઠો · માહે જૂન · ઈ. ૧૯૮૦

સંસ્થાપક · સ્વ રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત


ઉપતંત્રી · બિહારીલાલ ટાંક



'છબિકળા–અભિવ્યક્તિનું
એક સરળ માધ્યમ',
આ અંકની 'કલાવાર્તા'ના
એ લેખનું એક દૃષ્ટાંત ચિત્ર (નં. ૧)
કલાકાર : જ્યોતિ ભટ્ટ

સળંગ
૬૭૮
મો અંક

કવિ
નર્મદાશંકર
લાલશંકર
સત્તાવીસ
વર્ષની
વયે
▷





◁ આ અંકની 'કલાવાર્તા'માંના શ્રી જ્યોતિ ભટ્ટના
લેખ 'છબીકળા-અભિવ્યક્તિનું એક સરળ માધ્યમ'નાં ત્રણ દૃષ્ટાંતચિત્રો ▽


ચિત્ર ૨



ચિત્ર ૩



ચિત્ર ૪



કુમાર

જૂન ૧૯૮૦ · અંક ૬૭૮

તંત્રી : બચુભાઈ રાવત · ૧ ~ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે લેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત · મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

દયાનંદ સરસ્વતી

'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ'-માં પ્રો. ડૉ. મધુસૂદન પારેખ જણાવે છે કે, 'દયાનંદનું પૂર્વજીવનનું નામ મૂળશંકર હતું ને સૌરાષ્ટ્રના મોરબી પાસે ટંકારામાં તેમનો જન્મ થએલો'. ('કુમાર' નવેમ્બર, ૧૯૭૯, પૃ ૩૫૭)

ઈ. ૧૯૭૮માં કૅનબેરાની ઑસ્ટ્રેલીઅન નેશનલ યુનિવર્સિટીના પ્રાધ્યાપક જે. ટી. એફ. જોર્ડન્સ લિખિત દયાનંદ સરસ્વતીનું જીવન-ચરિત્ર ('દયાનન્દ સરસ્વતી, હિઝ લાઈફ ઍન્ડ આઈડિયાઝ') પ્રકટ થયું છે. આ પુસ્તક વિશાળ અને ગહન સંશોધનની નીપજ હોઈ નિષ્પક્ષ અને સમતોલ છે. પ્રા. જોર્ડન્સ તેમ જ શ્રી ઝવેરચંદ મેઘાણી (દયાનંદ સરસ્વતી' બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૫૭) મૂળશંકરનો જન્મ ટંકારામાં થયો હોવાનું સ્વીકારે છે. પરંતુ નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી તરફથી પ્રકાશિત પ્રાધ્યાપક બી. કે. સિંઘ લિખિત 'સ્વામી દયાનંદ' (અંગ્રેજીમાં, ૧૯૭૦, પૃ. ૧૦)માં છે કે મૂળશંકરનો જન્મ ટંકારામાં નહિ, પરંતુ ટંકારા તાલુકાના જીવાપુર ગામમાં થએલો.

ડૉ. પારેખ, કૃષ્ણરાવ ભોળાનાથ લિખિત 'ભોળાનાથ સારાભાઇનું જીવનચરિત્ર'(ઈ. ૧૮૮૮, પૃ. ૧૧૭-૮)ના આધારે સારાભાઈ સાથેની વાતચીતમાં દયાનંદ સરસ્વતીનો જવાબ રજૂ કરે છે. 'એ સબ બાત તો સચ હે, પરંતુ ભોળાનાથજી, એસે સમજાયે સિવાય લોક સબ અપની સંગ કેસે આને વાલે? ઓર અપની ગાડી ચલે કેસી?' પ્રા. જોર્ડન્સ પ્રસ્તુત જીવન-ચરિત્રની ૧૮૬૭ની આવૃત્તિનો ઉલ્લેખ કરીને દયાનન્દે આવો જવાબ આપ્યો હોવાનું સ્વીકારતા નથી. (પૃ. ૩૧૬, નોંધ ૧૭, પૃ. ૧૩૩-૪)

ડૉ. પારેખ જણાવે છે: 'તદુપરાંત દયાનન્દ સરસ્વતીને વેદ એ જ સર્વસ્વ છે એવું સિદ્ધ કરવા માટે થોડુંક ભ્રામક વચન બોલવામાં વાંધો નહોતો. ડૉ. પારેખના આ કથનને અમુક અંશે શ્રી રામકૃષ્ણ પરમહંસ (૧૮૩૬-૧૮૮૬)ના કથનથી સમર્થન મળે છે. શ્રી પરમહંસ દયાનન્દ સરસ્વતીને એક વાર મળેલા. શ્રી પરમહંસના કથન મુજબ દયાનન્દ સરસ્વતીએ વ્યાકરણની સહાયથી શાસ્ત્રોના ઘણા ફકરાઓના અર્થનો અનર્થ કરેલ હતો.

(વડાલા) —વી. બી. ગણાત્રા

શેત્રુંજી નદી

એપ્રિલ-૮૦ 'માધુકરી'માં શેત્રુંજી નદીનો સંક્ષિપ્ત પરિચય ગમ્યો, પરંતુ આપેલા નકશા સાથે તેનો મેળ બેસતો નથી. (૧) સૌરાષ્ટ્રના મધ્યભાગ-પઠારમાંથી નીકળી નદીઓ ચારે દિશામાં વહે છે. (૨) ભાદર અને શેત્રુંજી વિશે એક નોંધપાત્ર હકીકત એ છે કે તેઓ બન્ને એક જ ડુંગરમાળામાંથી નીકળે છે. ઊગમણા ઢોળાવ પરથી શેત્રુંજી નીકળે છે ને આથમણા ઢોળાવ પરથી ભાદર નીકળે છે.

હવે પરિસ્થિતિ એ છે કે આપેલો નકશો શેત્રુંજીને સૌરાષ્ટ્રના મધ્યભાગમાંથી નીકળતી કે ભાદર-શેત્રુંજીનાં મૂળ એક દર્શાવતો નથી। શ્રી વિજયગુપ્તભાઈ તો અમારા વડીલ બંધુ છે, પરંતુ ક્ષમાયાચના સાથે લખવાનું કે તેમણે આપેલી માહિતી બરાબર નથી. શેત્રુંજી સૌરાષ્ટ્રના મધ્યપ્રદેશમાંથી નહિ પણ નકશામાં દર્શાવ્યા મુજબ ધારી પાસેના ગિરના ડુંગરોમાંથી નીકળે છે. ભાદર અને શેત્રુંજી એક ઢોળાવ પરથી નહિ પણ શેત્રુંજીને મળતી ઠેબી વગેરે નદીઓ પઠારમાંથી નીકળે છે અને અમરેલીથી નીચે ત્રણેક માઈલ શેત્રુંજીને મળે છે. ધારી તરફના ફાંટાને જ શેત્રુંજી કહે છે અને જે નકશામાં યોગ્ય રીતે જ રજૂ થયેલ છે.

ઇતિહાસની જેમ ભૂગોળની બાબતમાં પણ ગુજરાત પછાત છે એ તો ગુજરાતની ભૂગોળ એક મહારાષ્ટ્રી મિત્રને લખવી પડી તે ઉપરથી જ સર્વવિદિત છે. ઑફિસો અને શિક્ષણસંસ્થાઓમાં ટીંગાતા નકશાઓ તેમ જ અધિકારી કહેવાય એવી 'વસતી ગણતરી-પત્રિકાઓ', જેની ઉપરથી યુનિ. ગ્રંથનિર્માણે 'નકશામાં ગુજરાત' પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે, તે સર્વે અસંખ્ય ભૂલોથી ભરેલાં છે. વર્ષો પહેલાં ઉપલેટા ગએલો ત્યારે ત્યાંની એક પ્રાથમિક શાળામાં ત્રીજા ધોરણના શિક્ષક 'ઉપલેટા ભાદરને કાંઠે' એમ શીખવતા હતા! મેં આશ્ચર્યથી પૂછેલું કે તમારું ગામ ભાદરને કાંઠે છે? ત્યારે શિક્ષકે હસીને જવાબ વાળેલો કે ના. અમારું ગામ તો મોજને કાંઠે પણ થોડે દૂર ભાદર મળે છે એટલે ભાદર કહેવાય!! મારી સાથેના એક મિત્રે કહેલું કે યમુના પણ થોડે દૂર જઈ ગંગાને મળે છે એટલે મથુરાને ગંગા કાંઠે કહેવાશે? પેલા શિક્ષકે ત્રીજા ધોરણની ભૂગોળ બતાવી હતી અને તેમાં ઉપલેટાને ભાદર કાંઠે આવેલું કહેલું હતું!! આ સ્થિતિ ઘણી જ શરમજનક છે કે આજે આટઆટલાં સાધનો હોવા છતાંય આપણે તાલુકા, જિલ્લા અને પ્રદેશવાર સાચા નકશા બનાવી શક્યા નથી કે પાઠ્યપુસ્તકોમાં પણ યોગ્ય માહિતી આપી શક્યા નથી.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

બોધિસત્ત્વ-જાપાની ચિત્ર

એપ્રિલ '૮૦ના અંકના પૂઠા પરનું બોધિસત્ત્વનું જાપાની ચિત્ર (૧) બોધિસત્ત્વ અને (૨) અજંટા ચિત્રશૈલી – એ ઉભયનો પ્રસાર કેટલી ઝડપથી થયો – ના વિચારમાં આપણને મૂકી દે છે. ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ઉદ્ભવેલો બૌદ્ધધર્મ, સમ્રાટ અશોકના પ્રયત્નોથી વ્યાપક બન્યો. ઈ.સ.ની આજુબાજુ એમાં મહાયાન અને હીનયાનના ફાંટા પડ્યા અને ચિત્ર-શિલ્પના વિરોધી એ ધર્મમાં ચિત્ર ને શિલ્પની ગંગાયમુના વહી. પેલા ફાંટાઓમાંથી પેટાફાંટા રૂપ વજ્રયાનનો જન્મ થયો અને કલાઓમાં પરાકાષ્ઠા દર્શાવી બૌદ્ધધર્મ પતન પામ્યો.

પૂજાસ્થાને રહેલા ભગવાન બુદ્ધ સમય જતાં પાંચ ધ્યાની બુદ્ધોમાં વિભક્ત બન્યા. કલ્પના એવી કરવામાં આવી કે આ પાંચ ધ્યાની બુદ્ધો પોતપોતાની શક્તિથી સૃષ્ટિનું સંચાલન સંભાળે છે. દરેક ધ્યાની બુદ્ધનો એકએક કલ્પ છે, એના રખેવાળ તરીકે એકએક બોધિસત્ત્વને નિયુક્ત કરવામાં આવ્યા છે. આમ બૌદ્ધધર્મ મુજબ સૃષ્ટિના પાંચ કલ્પ, તેના અધિષ્ઠાતા પાંચ ધ્યાની બુદ્ધ અને પાંચ ધ્યાની બુદ્ધના પાંચ બોધિસત્ત્વો છે. દરેક બોધિસત્ત્વ પોતાના ધ્યાની બુદ્ધની આકૃતિ મસ્તક ઉપર ધારણ કરી કલ્પનો વહીવટ ચલાવે છે।

હાલ જે કલ્પ ચાલુ છે તેના જે બોધિસત્ત્વ છે એનું નામ અવલોકિતેશ્વર છે પ્રસ્તુત જાપાની ચિત્ર આ અવલોકિતેશ્વર બોધિસત્ત્વનું છે. અવલોકિતેશ્વરના ધ્યાની બુદ્ધ છે અમિતાભ, આ ચિત્રના માથા પરના મણિબંધમાં વચ્ચે તેની આકૃતિ જોઈ શકાય છે. અવલોકિતેશ્વરના હાથમાં પદ્મ હોય છે આથી તેને પદ્મપાણિ પણ કહેવામાં આવે છે. બૌદ્ધધર્મની માન્યતા મુજબ ભગવાન બુદ્ધના નિર્વાણ પછી સૃષ્ટિનો કારભાર આ પદ્મપાણિ અવલોકિતેશ્વર સંભાળે છે અને ભાવિમાં જ્યારે ફરી વાર બુદ્ધ પોતે આવિર્ભાવ પામશે ત્યાં સુધીના સમયનો કારભાર તેમની પાસે જ રહેશે, આ કારણે પાંચ બોધિસત્ત્વોમાંથી આ અવલોકિતેશ્વર સૌથી વિશેષ લોકપ્રિય બનેલા છે। હાલ આ બોધિસત્ત્વ સત્તાસ્થાને છે.

અવલોકિતેશ્વરની કલ્પના લગભગ અશોકના સમયમાં સ્પષ્ટ થઈ ગએલી મનાય છે, પરંતુ તેનાં શિલ્પો કે ચિત્રો તે સમયનાં પ્રાપ્ત નથી. ખાસ કરીને ચિત્રની બાબતમાં અજંતાએ અવલોકિતેશ્વરને વિશેષ ખ્યાત બનાવ્યા છે અને ભારત બહાર પણ તેનો બહોળો પ્રચાર થએલો છે. જાપાનમાં હોર્યુજી અને નારા એ બે મુખ્ય બૌદ્ધસ્થાનો છે. આમેય જાપાનમાં બૌદ્ધધર્મનો પ્રવેશ ઈ. સ.ની છઠ્ઠી સદીના

અંતમાં કોરિયામાંથી થએલો છે ને તે વખતના રાજા શોટોકુએ હોયુજીમાં વિશાળ બૌદ્ધસ્થાનની રચના કરી. શોટોકુને જાપાનનો અશોક કહેવામાં આવે છે. આ પછી પ્રાયઃ આઠમી સદીમાં સમ્રાટ શોમુ અને તેની પત્નીએ નારામાં એક મહાન બૌદ્ધમંદિર બનાવ્યું, જ્યાંનું એક સુંદર ચિત્ર 'કુમાર'ના આ એપ્રિલ '૮૦ના અંક દ્વારા આપણી નજરમાં આવ્યું.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

બંગાળી વાર્તાઓ

'કુમાર'માં આવતી બંગાળી અનુવાદિત વાર્તાઓ સુ-રસ હોય છે. એ બારી હમેશાં ઉઘાડી જ રહે તે ઇચ્છવાયોગ્ય છે. બંગાળી વાર્તાકારોનો પરિચય પણ એટલો જ પ્રેરક રહે છે. ડૉ. સુકન્યા ઝવેરીની આ સાહિત્ય-સેવા ખરે જ પ્રશસ્ય છે. એમને અભિનંદન.

(દ્વારકા) —પ્રા. ઈશ્વર પરમાર

'કુમાર'માં આવતી સત્યજિતરાયની રહસ્યકથાઓ ખરેખર સુંદર હોય છે. આમ તો ગુજરાતીમાં રહસ્યકથાઓ લખાય છે, પણ આવી નહિ. સાહિત્યમાં રહસ્યકથાઓનું ભલે ગમે તે સ્થાન હોય, પણ વાચકને એ ઘણું ઘણું શીખવી જાય છે. આ વાર્તાઓના અનુવાદો માટે સુકન્યાબહેનને અભિનંદન. વચ્ચેવચ્ચે 'શેરલૉક હૉમ્સ'ની પણ કથા આપશો તો ફેલુદા અને તેની સરખામણીમાં રસ પડશે.

(પાણશીણા) —કાન્તિભાઈ કે. આચાર્ય

'કુમાર' ફેબ્રુઆરી '૮૦ના અંકમાં 'વાચકો લખે છે' એ વિભાગમાં શ્રી વિ. દ. રિસબડકરનો 'ઋગ્વેદમાં વિમાન' એ શીર્ષક નીચેના પત્ર સંબંધી હું નીચે પ્રમાણે જણાવવા રજા લઉં છું.

ઈ. સ. પૂર્વે ૧૨૦૦માં થઈ ગએલા મહર્ષિ ભરદ્વાજે 'વૈજ્ઞાનિક પ્રકરણ' અને 'અંશુબોધિની શાસ્ત્ર' નામના બે ગ્રંથો રચ્યા છે, આ ગ્રંથો મૂળ સંસ્કૃત ભાષામાં લખાએલા છે. અને તેમની હિંદી ભાષાંતરની મુદ્રિત પ્રતો ડિસેમ્બર ૧૯૭૮માં ભાવનગર ખાતે સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરીન કૅમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના પ્રાંગણમાં ભરાએલા નૅશનલ સોલર એનર્જી કન્વેન્શન વખતે યોજાએલા સૂર્યશક્તિના ઉપયોગ વિષેના પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી. આ પરિષદમાં મેં ભાગ લીધો હોઈ આ પ્રતો પ્રત્યક્ષ જોવાની તક મને મળી હતી. 'વૈજ્ઞાનિક પ્રકરણ'ના પુસ્તકમાં વિદ્યુત સંચાલિત વિમાનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં વિમાનને ચલાવવા માટે ૩૨ પ્રકારની રીતો અને વિમાનના ૩૧ ભાગો વિષે વર્ણન આપ્યું છે. વળી, વિમાનના પ્રવાસીઓના પોશાક તથા ખોરાક સંબંધી પણ તેમાં માહિતી રજૂ કરાઈ છે. પ્રદર્શનમાં આ પુસ્તક મૂકવાનો હેતુ એ હતો કે આ વિમાનો સૂર્યશક્તિદ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી વિદ્યુતશક્તિનો ઉપયોગ કરતાં હતાં અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણને ઉલ્લંઘીને ઊડતાં. 'સુંદર વિમાન' નામના પ્રકરણમાં વિદ્યુતશક્તિના વિવિધ પ્રકારો જેવા કે સંઘર્ષણ વિદ્યુત્ (સ્ટેટિક ઇલેક્ટ્રિસિટી?) પાકજન્ય વિદ્યુત્ (રાસાયણિક પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી વિદ્યુતશક્તિ?), જલપાતમ્ વિદ્યુત્ (હાઇડ્રોઇલેક્ટ્રિસિટી), સંયોજકમ વિદ્યુત્ (ધર્મોકપલથી ઉત્પન્ન થતી વિદ્યુત્!) ને અંતમાં કિરણજન્ય વિદ્યુત્ (સૂર્યકિરણોદ્વારા ઉદ્ભવતી વિદ્યુત્?), નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ પુસ્તકો મુંબઈથી શ્રી નરેન શેઠ દ્વારા ઉપલબ્ધ થયાં હતાં. તેમનું સરનામું આ પ્રમાણે છે: શ્રી નરેન શેઠ, ડાયરેક્ટર, એરો એજન્સિઝ પ્રા. લિ૦; ૧૧૨, મૅડોઝ સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦ ૦૨૩.

આથી મારું માનવું છે કે શ્રી શિવકર તળપદેએ મહર્ષિ ભરદ્વાજના ગ્રંથ 'વૈમાનિક પ્રકરણ'નો ઉપયોગ કર્યો હોય.

(વડોદરા) —પદ્મકાંત ર. શાહ

કુમારના સુજ્ઞ વાચકો નીચેના બે વિષયો પર પ્રકાશ પાડે એવી આશા ને વિનંતી છે:

(૧) ભાથીજીનું મંદિર. ભાથીજી એટલે શું? ખેડા જિલ્લાનાં ગામો વગેરે સ્થળોએ ભાથીજીનાં મંદિર હોવાનું વાંચીએ જોઈએ. આ મંદિર ભગવાનના કયા સ્વરૂપનું હોય છે; સૈયદ કાકાનું મંદિર, કાળ ભૈરવ કે ક્ષેત્રપાલની દહેરી કે કોઈ સાધુ મહાત્માનો મઠ યા આશ્રમ જેવું આ મંદિર છે?

(૨) કૃષ્ણ પ્રણામી મંદિર. ગુજરાત તથા ગુજરાત બહાર આવાં મંદિરો હોય છે. આ મંદિરમાં કૃષ્ણની કે કોઈની મૂર્તિ હોતી નથી. તેને કૃષ્ણ પ્રણામી કહેવાય? પ્રણામી સંપ્રદાયે વિધર્મીઓના જુલ્મથી હિંદુધર્મને બચાવવા ઘણું ઉપકારક કાર્ય કર્યું છે. એમાં ગ્રંથપૂજા થાય છે અને તે ગ્રંથનું નામ 'કુલઝૂમ સ્વરૂપ સાગર' (કુલઝૂમ =મહાસાગર) હોવાનું કહેવાય છે. આ ગ્રંથ ઉર્દૂ કે ફારસીમાં હોય છે. તેનો તરજુમો મળી શકે? કુલઝૂમમાં શિક્ષાપત્રી જેવાં અથવા શિખ ધર્મના શબદ જેવાં બોધવચનો હોય છે? અથવા ઈસ્લામી ધર્મ પુસ્તકના જેવો તે ઈશ્વર રચિત ગ્રંથ છે? પ્રણામી સંપ્રદાયના અનુયાયી ઓએ એ ગ્રંથના મૂળ લખાણનું પારાયણ કરવાનું હોય છે, એમ તો ફારસીમાં ગીતા છે—ઉર્દૂમાં ગાયત્રી છે—તરજુમા રૂપે. પરંતુ હિંદુ ધર્મનું મૂળ પુસ્તક ઉર્દૂ ફારસીમાં હોઈ શકે? સંશોધન માટેની આ સરસ સામગ્રી છે.

(સુરત) —શશિકાંત ચીમનલાલ જરદોસ

ભેદ / જશવંત લ. દેસાઈ

કિયા જન્મે, કેવી સ્થિતિ મહીં, કયા કારણ થકી,
ઝિલાઈ આ હૈયે સઘન છવિ કો ગ્લાનિ તણી કે
ભરી મ્હેફિલોમાં ઉર ઊછળતું હોય હરખે,
ઉદાસીની પેલી છવિ કહીંથી ડોકાય – ન ચૂકે;

અને મારી આખી બગડી જ જતી બાજી પળમાં,
ઉજાણી થૈ જાતી ત્વરિત ધૂળધાણી પલકમાં,
વિમાસું: એવું તે ગત ભવ તણું પાપ શું હશે?
દુભાયેલા કોઈ ઋષિમુનિ તણો શાપ શું હશે?

મને ખેંચે કોઈ સતત, મુજ આ અંતરતમ
લઈ બંધાયેલું અતૂટ અદીઠી રસ્સી સહ કો,
કદી એની તાણો સખ્ત, કદી વા હોય હળવી,
પરંતુ એનાથી અલગ ક્ષણ ના એક મળવી;

હું વ્હેમાઉં : એવું અગર નવ કો હોય મુજને
રહ્યું ખેંચી જિદ્દી પ્રીત થકી પથે ઊર્ધ્વતરને?

જીવશ્વાસ / મનસુખ વાઘેલા

શ્વાસોમાં તડબડતા ઘોડા શ્વાસ ખાય છે!
અલ્યા!
કોઈ પકડો કે આ તો જીવ જાય છે!

ઘોલો ઘોલો લમતાં દાદા! લાકડીઓ મેં તોલી;
મૂંછ ફૂટતાં ધીમે ધીમે દોરે માયા ખોલી,
અને દાઢીએ યુવાનડી આ હવા વાય છે.
અલ્યા!
હવા ના જકડો એથી જીવ જાય છે!

ઘોડા પર બેસીને સાફો લાલ ચૂંદડી લાયો;
માયાની આ અગનઝાળમાં સંસારી લપટાયો,
પછી પ્રભુનાં ફૂલ અમારો જીવ ખાય છે.
અલ્યા!
ફૂલ ના તોડો એથી જીવ જાય છે!

ઘોડો ઠીંઠીં ઠીંઠીં કરતો; ટાલે થોડાં ધોળાં;
મોંઢા ઉપર ફીણ આવતાં ફીકી થાતી ડોળા,
મને બાંધતા ડાઘુઓમાં રામ ગાય છે!
અલ્યા!
ખભા તો આલો મારો જીવ જાય છે!

મન / ચિનુ મોદી

· ગઝલ ·

સૂર્યને બાળી શકે છે, એ જ મન છે, એ જ મન,
પળ પછી છાનું બળે છે, એ જ મન છે, એ જ મન.

આમ તો છે અંધ એ ને તે છતાં અંધારમાં
જાગતું બેસી રહે છે, એ જ મન છે, એ જ મન.

દોષ પંખી પાળવાનો પિંજરા પર જાય છે,
એ છતાં પિંજર બને છે, એ જ મન છે, એ જ મન.

ગામ ભેગું થાય એવો ઢોલ પીટાવ્યા પછી
તુર્ત ગામતરું કરે છે, એ જ મન છે, એ જ મન.

તપ્ત એવા લોહસ્તંભે કાંઈ પણ કારણ વગર
એક જે કીડી ભમે છે, એ જ મન છે, એ જ મન.

કાચની કાયાપલટનો કીમિયો શિખવાડવા
દશ્યમાં જાતે દ્રવે છે, એ જ મન છે, એ જ મન.

મ્હારનું તો કોઈ પણ નડતું નથી 'ઈર્શાદ'ને
છેક અંદરથી નડે છે, એ જ મન છે, એ જ મન.

■ ભેદ : હૈયે ગ્લાનિની જે છવિ ઝિલાઈ છે તેનાથી નાયક કહે છે : '...મારી આખી બગડી જ જતી બાજી પળમાં.' અને પછી આનો ભેદ પામવા નાયક-મન પ્રશ્નાવલીમાં પરોવાય છે અને જાણે એ ગ્લાનિનો ભેદ સ્થૂળ પ્રીતિમાંથી કોઈ ઊર્ધ્વતર માર્ગે ખેંચાણની અનુભૂતિમાં ઊકલી રહેતો ન હોય એમ અંતિમ પ્રશ્ન દ્વારા એ અભિવ્યક્ત થયો છે. ત્યાં જાણે પેલી ગ્લાનિની અપ્રિય અનુભૂતિના ભેદનું પ્રિય સમાધાન શોધવા ચિત્ત દોડી જાય છે. ■ મન : માનવીના મનની ગહનતા-વિલક્ષણતા માનવીને એ સમજવા માંડી હશે ત્યારથી જાણે ગવાતી આવી છે. એ જ જૂની વાત અહીં નવીન પરિસર અને ટેકનિકથી આધુનિક ગઝલકારે પ્રાસાદિક સચોટતાથી પ્રત્યેક શેરમાં મૂકી છે. અભિવ્યક્તિની સરળતા અહીં કથયિતવ્યની ગરિમાને દઢાવી રહે છે. 'એ જ મન છે એ જ મન' કહી એની વિલક્ષણતા કવિએ પારખી અને પરખાવી બતાવી છે. ■ જીવ-શ્વાસ: ચોટદાર ઉપાડ સાથે શરૂ થતા આ કાવ્યમાં મૃત્યુક્ષણે જીવના શ્વાસ-જિજીવિષાના ભાવ-ની તાણ અનુભવતા નાયકની ઉક્તિઓ રજૂ થએલી છે. ક્ષણાર્ધમાં જ જાણે બાળપણથી વૃદ્ધત્વ સુધી જીવનયાત્રા એ નાયક પાછે પગલે સ્મરી રહે છે. 'ઘોલો ઘોલો લમતા દાદા' જેવી શિશુ-સહજ કાલી વાણી અને 'ઘોડો ઠીંઠીં ઠીંઠીં કરતો' જેવી ક્રિયાના નિર્દેશો દ્વારા આ વ્યંજિત થયું છે. આખરે ઘોડો એ જાણે જીવનો પર્યાય બનીને ઊભો રહે છે. છેલ્લે એકઠા થએલા ડાઘુઓ રામધૂનમાં ગરકાવ થઈ જઈ ખભો આપવાનું જાણે ભૂલી ગયા હોય એવી કલ્પનામાં 'અલ્યા! ખભા તો આલો મારો જીવ જાય છે!' એમ કહી વેદનાગર્ભ વ્યંગ ઘૂંટી અપાયો છે તે માણી શકાશે. —ધી. પ.

કરકસર

બહાદુરશાહ પંડિત

જ્ઞાતિના* આગેવાનો ફંડ એકઠું કરવા નીકળ્યા હતા. ખૂબ શ્રીમંત એવા એક જ્ઞાતિબંધુના ઘરમાં પ્રવેશવા જતા હતા ત્યાં જ તમાચાના અવાજ સાથે એક વાક્ય સંભળાયું: 'મૂર્ખ, જરૂર વિના તેં દીવાસળી શા માટે સળગાવી?'

આગેવાનો એટલા આગળ થંભી ગયા. એક જણ બોલ્યો: 'જે માણસ એક દીવાસળી માટે પોતાના એકના એક લાડકવાયા દીકરાને લાફો મારી દે છે એ મખ્ખીચૂસ આપણને શું દાન આપવાનો છે?'

'ન આપે તો કંઈ નહિ. પણ દાણો ચાંપી જોવો એ આપણી ફરજ છે. ફાળો લેવા નીકળ્યા પછી આપણાથી ઘર ટાળી ના શકાય.' એક વડીલ જ્ઞાતિજને કહ્યું.

અને સૌ અચકાતા અચકાતા ઘરમાં ગયા. પેલા જ્ઞાતિજને સૌનું સ્વાગત કર્યું ને ફંડ શેના માટે ઉઘરાવાય છે એના અંગે પૂછપરછ કર્યા બાદ પાંચ હજાર રૂપિયાનો ચેક લખીને આગેવાનના હાથમાં મૂકી દીધો. ફંડ ઉઘરાવવા આવેલા આગેવાનો તો સ્તબ્ધ થઈ ગયા. એકે તો હિંમત કરીને પૂછ્યું પણ ખરું: 'માફ કરજો વડીલ, પણ અમે આપના ઘરમાં પ્રવેશ કરતા હતા ત્યારે આપે આપના પુત્રને એક દીવાસળી સળગાવવા બદલ લાફો મારી દીધો હતો જ્યારે અમને આટલી મોટી રકમનો ચેક...'

'હા, તમને આશ્ચર્ય થાય એવી વાત છે. પણ નિરર્થક એક દીવાસળી પણ ના બગડે એનું ધ્યાન રાખીને જ હું આટલો શ્રીમંત થઈ શક્યો છું.'

આ પ્રસંગમાં કરકસરની સાચી વ્યાખ્યા ચરિતાર્થ થઈ છે. કંજૂસાઈ, કરકસર ને ઉડાઉપણું એ ત્રણ વૃત્તિઓ વચ્ચેની ભેદરેખા બહુ પાતળી અને સૂક્ષ્મ છે. કરકસરમાં સ્વાર્થ ભળે તો એ કંજૂસાઈ બની જાય અને બેદરકારીનો સ્પર્શ થાય તો ઉડાઉપણું. એનો માનદંડ માત્ર ઔચિત્ય અને વિવેકબુદ્ધિ જ હોઈ શકે.

આવો વિવેક ગાંધીજીમાં હતો. ટપાલમાં આવેલા પરબીડિયાની કોરી બાજુનો ઉપયોગ કરવા જેટલી કે કાંતતાંકાંતતાં એકઠા થતા નકામા સૂતરમાંથી 'પીનકુશન' બનાવવા જેટલી કરકસર એમના માટે સહજ હતી. પણ એ જ ગાંધીજીએ, દાર્જિલિંગમાં બીમાર ચિત્તરંજનદાસને જોવા ગયા હતા ત્યારે ત્યાંથી પાછા ફરતાં સમયસર નવાબગંજ પહોંચવા માટે પાર્વતીપુરથી ગોઆલંદો સુધી સ્પેશિયલ ટ્રેન કરાવી રૂપિયા ૧,૧૪૦નું ભાડું ચૂકવ્યું હતું. આ ગાંધીજી મહાદેવભાઈએ પોતાના હાથ ધોવા માટે લીધેલું માટીનું એક ઢેફું ખેતરમાં પાછું નંખાવી દે છે. 'હાજતે જઈ આવ્યા પછી હાથ ધોવા માટે જોઈતી માટી માટે કોઈના ખેતરમાંથી આટલા મોટા ઢેફાનો દુર્વ્યય ના થાય. તે તો રાષ્ટ્રીય સંપત્તિનો બગાડ કહેવાય.' એ એમની દલીલ હતી. પણ એ જ ગાંધીજીએ સંબંધીની પુત્રીની માંદગીના સમાચાર સાંભળી એની સારવાર માટે સૂચના આપતો ૧૯ રૂપિયાનો તાર કરાવ્યો હતો. આમ, પૈસા કે કોઈ ચીજનો વિવેકપુરઃસર ઉપયોગ કરવો એનું નામ કરકસર.

કરકસર વ્યક્તિ તેમ જ સમાજ બંનેના હિત માટે આવશ્યક એવી આદત છે. કરકસર કરવાની સંસ્કારગત આદત હોય એવો માણસ થોડી જરૂરિયાતોથી પણ સંતોષ માને છે. ગમે તેટલી તંગીમાં પણ એની જરૂરિયાતો એને મળી રહે છે. એથી એ થોડી આવક હોય તો પણ સંતોષ અને આનંદથી જીવી શકે છે. બીજી દષ્ટિએ જોઈએ તો બધી ચીજોનો ઉપયોગ કરકસરથી થાય તો રાષ્ટ્રની સંપત્તિ અને સમૃદ્ધિ વધે છે. બધા જ માણસો જો કરકસરથી જીવતા હોય તો સમાજમાં આટલા બધા માણસોને તંગી ના અનુભવવી પડે.

એક પ્રજા તરીકે આપણામાં કરકસરથી જીવવાની દૃષ્ટિ હજી જરા પણ વિકસી નથી. મોટાં શહેરોમાં નળ ખુલ્લા રાખીને પાણીનો કેટલો બધો બગાડ કરવામાં આવે છે? જે રૂમનો ઉપયોગ ના હોય એ રૂમની બત્તી બંધ કરવાની આપણામાંથી કેટલાને આદત હશે? પંખો જરૂર હોય ત્યારે જ અને એટલી જ ઝડપે ચલાવવો જોઈએ એ આપણે કદી ધ્યાનમાં રાખતા નથી. સરકારી ગોડાઉનો કાળજીના અભાવે સડેલા અનાજથી ગંધાઈ ઊઠ્યાના સમાચાર આપણે અવારનવાર વાંચીએ છીએ.

કરકસરની આદત બાળપણથી પાડવી જોઈએ. એ માટે સૌપ્રથમ તો સમજણા થએલા પ્રત્યેક બાળકને વસ્તુનું મૂલ્ય સમજાય એ માટે પ્રયાસ કરવો જોઈએ. બાળકને રમવા આપેલું રમકડું એ કેટલા સમય સુધી ચલાવે છે એના પરથી એની કરકસર કરવાની વૃત્તિ ને શક્તિનો ક્યાસ કાઢી શકાય.

કરકસર કરવા માટે થોડો ભોગ આપવો પડે છે. પણ આવા ભોગના બદલામાં જે પ્રાપ્ત થાય છે, એનું મૂલ્ય ઘણું હોય છે.

અમારી પોળમાં એક કલાર્ક રહેતા હતા. એમની પત્નીએ ઘરમાં વાસણ માંજવા અને કપડાં ધોવા એક ૧૫ રૂપિયા પગારમાં છૂટક નોકર રાખેલો. એક દિવસ સાંજે એમને હું મળવા ગયો ત્યારે એમનાં પત્નીએ કહ્યું: 'એ તો ઑફિસેથી આવીને ટ્યુશન કરવા ગયા છે.'

'એ ટ્યુશન પણ કરે છે એમ?'

'હા, ભાઈ, આ મોંઘવારીમાં પૂરું ના થાય એટલે ટ્યુશન તો કરવું જ પડે ને.'

'ટ્યુશનના કેટલા પૈસા મળે છે?' મેં પૂછ્યું.

'૨૫ રૂપિયા, એમને પાંચમા–છઠ્ઠા ધોરણનાં ટ્યુશન જ ફાવે એટલે વધારે તો શું મળે?' એમની પત્નીએ કહ્યું.

મને આશ્ચર્ય થયું કે આ ભાઈ પચીસ રૂપિયા કમાવા સાંજના ઑફિસેથી થાકીને આવેલા ટ્યુશન કરવા જાય છે ને એમાંથી પંદર રૂપિયા નોકરને આપે છે. બાકી દશ વધ્યા. એટલા પૈસા તો એ શાકપાંદડાંમાં કરકસર કરીને બચાવી શકે. 'ત્રેવડ ત્રીજો ભાઈ' એ કહેવતમાં કેટલું ગહન સત્ય સમાયેલું છે? થોડી ઝીણવટ દાખવે અને મોટાઈના ખ્યાલનો ત્યાગ કરવામાં આવે તો પતિપત્ની બંને જણાં સાંજનો સમય સાથે બેસીને આનંદથી પસાર ના કરી શકે?


ગાંધીજીએ આશ્રમવાસીને લખેલા પત્રમાં લખ્યું છે: 'આપણો ગરીબથી પણ ગરીબ થઈને રહેવાનો ધર્મ છે. એક પૈસાથી ચાલે તો બે ના ખરચીએ ને એમ કરતાં જોખમો ખેડવાં પડે તો ખેડીએ. તેથી જેટલી મુસાફરી વિના ચલાવી શકાય એટલી મુસાફરી વિના ચલાવી લઈએ. જેટલી સગવડો વિના ચલાવી શકાય તેટલી સગવડોનો ત્યાગ કરીએ અને આ ગરીબી માત્ર પૈસાની જ નહિ, પ્રવૃત્તિની પણ હોવી જોઈએ. શબ્દો પણ કંજૂસાઈથી વાપરીએ, વિચારો પણ કંજૂસાઈથી વાપરીએ. આમ કરીએ તો જ સત્ય, અહિંસા, બ્રહ્મચર્યાદિનું પાલન થઈ શકે.'

આમ કરકસર માત્ર અન્ન, વસ્ત્ર અને પૈસાની જ કરવાની નથી. સમયનો ઉપયોગ પણ કરકસરથી કરવો જોઈએ. 'છાણ નાખતી આવું અને છાસ લેતી આવું' જેવી તળપદી કહેવતમાં પણ સમયની કરકસરનો આદર્શ છુપાયો છે. 'એક પંથ, દો કાજ' અને 'એક કાંકરે બે પક્ષી મારવાં' જેવી લોકોક્તિઓ પણ કરકસરનો ઉપદેશ આપે છે.

કરકસર શબ્દના બે અવયવોને છૂટા પાડીએ તો એમાં એક આદેશ રહેલો છે: 'કર કસર.' કસર કરવાનો આ આદેશ વિવેકપૂર્વક જીવનમાં ઉતારનાર માણસ કદી દુઃખી થતો નથી.

એક અગ્રગણ્ય ક્રાંતિકારી અને માર્ક્સવાદી હિંદી લેખક-પત્રકાર

શિવ વર્મા



લેખક
અશોક દવે
'મલાલ'

મધરાતના સન્નાટામાં લાહોરની સેન્ટ્રલ જેલમાં એક પછી એક કેટલીક કોટડીઓનાં તાળાં ખુલી રહ્યાં હતાં. 'પ્રભાત', વિજય, કિશોરીલાલ, અને ગયાપ્રસાદને બહાર આવવા હુકમ થયો. સરકાર એમને અહીંથી મુલતાનની જેલમાં ખસેડી રહી હતી.

'અપને સાથીઓસેં મિલોગે?' ચાલતાં ચાલતાં જેલરે એમને પૂછ્યું. અને તે કેદીઓએ હા પાડતાં એમને ફાંસી માટેના કેદીઓની કોટડીઓ પાસે લઈ જવામાં આવ્યા. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ત્યાં રાખવામાં આવ્યા હતા.

આ એ સાથીઓની છેલ્લી જ મુલાકાત હતી. હવે ભગતસિંહ સુખદેવ કે રાજગુરુ ફરી કદી જોવા પણ નહિ મળે એ ખયાલથી સૌ ઉદાસ બની ગયા. 'પ્રભાત'ની આંખો ભિનાતી જોઈ ભગતસિંહે સ્મિત કરતાં કહ્યું, 'ભાવુક બનવાનો સમય હજી નથી આવ્યો, પ્રભાત! હું તો થોડા જ દિવસોમાં આ બધી જંજાળોમાંથી છૂટી જઈશ, પણ તમારે લાંબી સફર પાર કરવી પડશે. મને વિશ્વાસ છે કે જવાબદારીના બોજથી આ લાંબા અભિયાનમાં તમે થાકશો નહિ, તેમ જ નિરાશ થશો નહિ અને હાર માનીને માર્ગમાં બેસી નહિ પડો'.

હિંદુસ્તાનમાં અંગ્રેજી શાસનને ખળભળાવી દઈને ફાંસીએ ચડનાર ક્રાંતિકારી ભગતસિંહ વગેરેના એ સાથી 'પ્રભાત' કોણ હતા? પ્રભાત એ એનું ખરું નામ નહોતું જ: સાચું નામ તો હતું શિવ વર્મા. 'હિંદુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સેના'—હિ. સ. પ્ર. સે. (હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રીપબ્લિકન આર્મી)ના એક અગ્રગણ્ય નેતા.

સંવત ૧૯૬૨ (ઈ. ૧૯૦૬)માં કૃષ્ણાષ્ટમીના દિવસે મોસાળ કલોલીમાં એમનો જન્મ થએલો. હરદોઈ જિલ્લામાં ગોમતીથી થોડે દૂર ખટેલી નામના એક નાના ગામમાં મધ્યમવર્ગના એક મોટા આર્યસમાજીના એ પુત્ર હતા. પિતા કન્હૈયાલાલ વર્મા વૈદ્ય હતા. પણ એના છ યે પુત્રો-બુદ્ધિસાગર, શિવગોપાલ, શિવનારાયણ, શિવ (વર્મા), કૈલાસ અને જનેશ્વર પર કાકા બલદેવપ્રસાદનો અધિક પ્રભાવ હતો. બલદેવપ્રસાદ મામલતદાર હતા. હરિયાળાં ખતરો, ટેકરી પરનાં જંગલો, આંગણાંમાં ઢમકતા ઢોલ અને લલકારતાં ગીતોની વચ્ચે ઊછરતા શિવ વર્માએ કાકા પાસેથી આ દેશના વીરપુરુષોનાં પરાક્રમો અને ૧૮૫૭ના બળવાની વાતો સાંભળેલી. એટલું જ નહિ, બંદૂક, બરછી ને તીરકામઠાં ચલાવતાં પણ શીખેલા. ભણતર પૂરું થયું એટલે તેમને હરદોઈ જવાનું થયું. પ્રથમ વિશ્વયુદ્ધના એ દિવસો હતા.

પલટાતા ઇતિહાસની અનેક વાતો ત્યારે હવામાં ચોપાસ ગુંજતી હતી. રૂસની મજૂરોની ક્રાંતિ, જલિયાંવાલા બાગનો હત્યાકાંડ, શાસન સામે વિરોધપ્રદર્શનો, હડતાલો, દમન એમ એક પછી એક અનેક સનસનાટીપૂર્ણ ઘટનાઓની જોશીલી ચર્ચાઓ ચોતરફ ચાલતી રહેતી હતી. અખબારો અને સામયિકોમાં પણ પ્રજાના ઘૂંધવાટનો અણસાર મળતો રહેતો હતો. વાતાવરણમાં રાષ્ટ્રીય ગીત-કવિતાઓ પણ ગુંજતાં પ્રસરતાં હતાં. કાનપુરના એક સાપ્તાહિક 'પ્રતાપ'માં આવી દેશપ્રેમની કવિતાઓ ને લેખો પ્રકટ થતાં. શિવ વર્મા અને શિવનારાયણ બંને ભાઈઓનું 'પ્રતાપ'ના વાચનથી દેશના રાજકારણ તરફ આકર્ષણ વધતું ગયું. એ સમયના વાતાવરણ અને 'પ્રતાપ'ના વાચનથી રોપાએલું બીજ આગળ જતાં વૃક્ષ રૂપે ફૂલ્યું ફાલ્યું.

ઈ. ૧૯૧૯માં શિવનારાયણ સ્થાનિક આર્ય કુમારસભામાં જોડાયા. શિવ વર્માની વય નાની એટલે તેઓ એમાં તો જોડાઈ શક્યા નહિ પણ ૧૮ વર્ષની વયે એમણે 'બાલહિતકારણી સભા' સ્થાપી હતી.

ગાંધીજીનું અસહયોગ આંદોલન જોરમાં હતું ત્યારે શિવનારાયણ તથા શિવ વર્મા અભ્યાસ છોડી દઈ તેમાં જોડાઈ ગએલા. તેમાં શિવનારાયણ—'પ્રેમ'ની ધરપકડ પણ થઈ. આગળ જતાં ચૌરીચૌરા કાંડના વિરોધમાં ગાંધીજીએ આંદોલન સમેટી લેતાં જે કેટલાક કાર્યકર્તાઓમાં નિરાશા છવાઈ ગઈ તેમાં શિવ વર્મા પણ હતા.

એમણે હરદોઈ જિલ્લાના ખેડૂતોને સંગઠિત કરીને ત્યાંના જમીનદારોના જુલમો સામે બળવો કરાવ્યો. કેટલાક કોંગ્રેસીઓએ આ 'એકલ આંદોલન'ને ગાંધીજી અને કૉંગ્રેસના સિદ્ધાંતોથી વિરુદ્ધનું જણાવી ઉહાપોહ કર્યો. એમના અંદરોઅંદરના આ મતભેદોનો લાભ લઈ સરકારે દમનપૂર્વક એ આંદોલનને દબાવી દીધું.

આ આંદોલનમાં સરકારે ખેડૂતો પર ગુજારેલા સિતમોની લખનૌમાં કોંગ્રેસની પ્રાંતીય બેઠકમાં અધ્યક્ષ શ્રી માલવિયા સમક્ષ રજૂઆત થઈ ત્યારે તેઓ એ દમનકથા સાંભળીને રડી પડયા ખરા, પણ એ દમન સામે વિરોધનો પ્રસ્તાવ લાવવા માટે કબૂલ ન થયા. સત્યદેવ પરિવ્રાજકે પણ એ વાત ઉડાવી દીધી. અને પરિણામે શિવ વર્માની કૉંગ્રેસમાં રહીસહી શ્રદ્ધા પણ ઊઠી ગઈ. બે માસ બાદ 'પ્રેમ' જેલમાંથી છૂટયા, તેઓ પણ કૉંગ્રેસથી નિરાશ થઈ ગએલા. બધી પ્રવૃત્તિઓ ત્યજી એમણે તો સંન્યાસ લઈ લીધો. ઈ. ૧૯૨૭માં એમનું અવસાન થયું. શિવ વર્માએ આઝાદી માટે હવે વિપ્લવનો રાહ અપનાવ્યો.

ક્રાંતિકારી સંગઠન માટે યુવકોનો સંપર્ક સાધવા-વધારવા શિવ વર્મા ફરી સ્કૂલમાં જોડાયા. સુરેન્દ્ર પાંડેય અને વિજયકુમાર સિંહાની સહાયથી શિવ વર્મા ક્રાંતિકારી દળમાં સામેલ થયા. પાછળથી તેઓ જયદેવ કપૂરને પણ દળમાં લઈ આવ્યા.

કાકોરી કેસની ધરપકડો બાદ યુક્ત પ્રાંતમાં કાનપુર જ એક એવું કેન્દ્ર હતું જ્યાં કેટલાક સાથીઓ બચી ગએલા. અન્યત્ર બધે ક્રાંતિકારીઓનું સંગઠન વિખરાએલું હતું. ૧૯૨૬માં દિલ્હીથી કાશીરામે ભગતસિંહને શિવ વર્માને મળવા કાનપુર મોકલ્યા. અને કાકોરી કેસના કેદીઓને છોડાવવાની ભગતસિંહની યોજના વિષે વિચારણા થઈ.

શિવ વર્માએ ગોરખપુર, અલ્લાહાબાદ, બનારસ અને બંગાળનાં વિખરાએલાં સૂત્રોને તો ફરી સાંધ્યાં, પણ આ કાર્ય માટે પૈસા કે હથિયારની ખોટ હતી. ગોરખપુર પોસ્ટ ઑફિસમાંથી ૨૩૦૦ રૂપિયા ઉઠાવીને કૈલાસપતિ કાનપુર નાસી આવેલો. એ પૈસામાંથી શિવ વર્માએ રાધામોહન ગોકુલની સહાયથી ઈંદોરથી બે પિસ્તોલો મંગાવી.

કાકોરી કેસના એક કેદી યોગેશ ચેટરજીને ફતેહગઢની જેલમાંથી આગ્રા જેલમાં લઈ જવાનો છે એવી જાણ થઈ. એનું આ સ્થળાંતર થાય

તે દરમિયાન જ પોલીસોની વચ્ચેથી એને છોડાવી લેવાની યોજના વિચારાઈ. આ અંગે યોગેશની સાથે સંતલસ કરી લેવા શિવ વર્મા અને વિજય ફતેહગઢ ગયા. ખોટાં નામ આપીને કેદીને મળવા માટે અગાઉથી આવેદનપત્ર પણ આપી દીધેલાં.

ફતેહગઢમાં જેલ-સુપ્રિન્ટેન્ડન્ટની પાસે પરવાનગી લેવા બંને જણ એના બંગલે ગયા. ત્યાં લૉન પર એક સૂટધારી આદમી ટહેલતો હતો. આ બંનેને જોઈને એણે એમની પૂછપરછ ને ઊલટતપાસ કરવા માંડી. એવા પ્રશ્નો જેલ-અધિકારીના ન હોય એટલે આ માણસ પોલીસનો જ હશે અને તે કંઈ જાળ બિછાવી રહ્યો છે એવો બંને મિત્રોને વહેમ પડ્યો, અને તેઓ ત્યાંથી નાઠા. સાંજે એ બંને જણ કાનપુર જવા ગાડીમાં બેઠા ત્યારે શિવ વર્માએ પેલા જ માણસને સ્ટેશન માસ્તરના કમરામાં બેઠેલો જોયો. એક ટિકિટ-ચેકર ડબામાં આવી એમની ટિકિટો તપાસવાના બહાને ટિકિટના નંબર તથા તે ક્યાંની છે તે પણ જાણી ગયો. ડબામાં ચડેલા કેટલાક નવા પ્રવાસીઓ પણ સી. આઇ. ડી.ના માણસો જ છે અને આ બધો પેંતરો કાનપુર સુધી પોતાનો પીછો કરીને ત્યાંના સાથીઓને ઓળખવા-પકડવાનો છે એ શિવ વર્મા અને વિજય બંને સમજી ગયા હતા.

રાત ઢળી ગઈ હતી. જલાલાબાદ વટાવીને ગાડી ઝડપ પકડી ચૂકી હતી. એકાએક ઊભા થઈને શિવ વર્માએ ડબાનો દરવાજો ખોલ્યો અને ચાલતી ગાડીએ બહાર કૂદી પડ્યા. પાછળ એક પોલીસ પણ કૂદી પડ્યો પણ એ બહુ ખરાબ રીતે ઘાયલ થયો.

જલાલાબાદમાં શિવ વર્મા ડૉ. ગયાપ્રસાદને દવાખાને પહોંચ્યા. જોગાનુજોગ પેલો ઘાયલ પોલીસ પણ પોતાની સારવાર માટે ત્યાં જ આવ્યો. પાટાપીંડી કરાવતી વખતે તેણે ડૉક્ટરને ઈજા થવાનું કારણ બતાવી દીધું. એને ક્યાંથી ખબર હોય કે એનો શિકાર પણ આ જ ડૉક્ટરના ઘરમાં હતો. ડૉક્ટરે એને મોર્ફિયાનું ઇંજેક્શન આપીને ઘેનમાં સુવાડી દીધો અને શિવ વર્માને સ્ટેશને પહોંચાડી દીધા.

શિવ વર્મા જ્યારે કાનપુર પહોંચ્યા ત્યારે વિજય પણ ચાલુ ટ્રેને કૂદી જઈને પોતાની જાતને ઉગારીને ત્યાં પહોંચી ગયો હતો.

મુનેશ્વર અવસ્થી અને જયદેવ કપૂરે 'બિસ્મિલ'ને છોડાવવાને કરેલો પ્રયાસ નિષ્ફળ ગયો. છેવટે 'બિસ્મિલ'ને મળવા માટે શિવ વર્માએ 'બિસ્મિલ'ની માતાની મદદ લીધી. 'બિસ્મિલ'ને ફાંસીના એક દિવસ અગાઉ (૧૮ ડિસેમ્બર, ૧૯૨૭) 'બિસ્મિલ'ની માતા સાથે એમના ભાણેજ બનીને શિવ વર્મા ગોરખપુર જેલમાં પહોંચી ગયા. આ અંતિમ મુલાકાત વખતે શિવ વર્માએ 'બિસ્મિલે' સંતાડેલાં હથિયારોનું સ્થાન તથા દળને માટે એમનો અંતિમ સંદેશ પૂછી લીધો.

શિવ વર્માએ 'બિસ્મિલ' સાથેની આ મુલાકાત ઈ. ૧૯૨૮ના 'ચાંદ'ના 'ફાંસી અંક'માં છપાવી હતી. ચાંદના આ અંકમાં ૫૦ પૃષ્ઠોમાં ક્રાંતિકારી શહીદોનાં જીવનચરિત્રો છપાયાં હતાં. એમાં ચાર જીવનચરિત્રો ભગતસિંહે લખેલાં અને બાકીનાં બધાં 'ફૌજી'ના ઉપનામે શિવ વર્માએ લખેલાં. સરકારે એ અંકની પ્રતો જપ્ત કરી લીધી. આઝાદી બાદ સ્વ. રામરખસિંહ સહગલે 'ચાંદ'ના એ અંકની શોધ કરીને 'આઝાદી કે પરવાને' નામે પુસ્તક રૂપે તેનું પ્રકાશન કર્યું છે.

'બિસ્મિલે' આપેલા સરનામા પ્રમાણે શાહજહાનપુર જઈને શિવ વર્મા છુપાવેલાં હથિયારો લાવ્યા. આ ઉપરાંત તેમને 'બિસ્મિલ'ની આત્મકથા 'લાસ્ટ ઇન્સ્ટૉલમેન્ટ' પણ મળી ગઈ. જેને શ્રી 'વિદ્યાર્થી'એ 'પ્રતાપ'માં પ્રકટ કરી. સરકારે એ આત્મકથા પણ તરત જ જપ્ત કરી. આઝાદી બાદ એ આત્મકથાની એક પ્રત ખૂબ જ મહેનતે એ શોધીને બનારસીદાસ ચતુર્વેદીએ ફરી પ્રસિદ્ધ કરી. તે કાર્યમાં પણ શિવ વર્માની મદદ હતી જ.

શિવ વર્મા એ સમયે ભગતસિંહ અને 'વિદ્યાર્થી'ના સંપર્કમાં રહેતા. કાનપુરમાં રાધામોહન ગોકુલ, શૌકત ઉસ્માની, સોહનસિંહ 'જોશ', કેદારનાથ સહગલ જેવા પ્રખર માર્ક્સવાદીઓએ દળને સમાજવાદના માર્ગે વાળ્યું હતું. શિવ વર્માનો એમાં ઘણો જ મોટો ફાળો હતો. આ સંગઠન હજી થયું જ હશે ત્યાં ફતેહગઢ પોલીસે શિવ વર્મા અને વિજયને કાનપુરમાં શોધી કાઢ્યા. એક સાંજે ડી. એ. વી. કૉલેજમાં પાર્ટીમીટિંગ ચાલતી હતી ત્યારે વિજય પોલીસના સમાચાર લઈ આવ્યો. પાર્ટીએ તરત જ શિવ વર્મા અને વિજયને ફરાર થવાનો આદેશ આપી દીધો. સુરેન્દ્ર પાંડે અને બ્રહ્મદત્ત મિશ્ર પણ રાજસ્થાન તરફ ભાગી છૂટ્યા.

આ તરફ જલાલાબાદમાં ડૉ. ગયાપ્રસાદને પોલીસે એમના મકાનમાં ઘેરી લીધા, પણ ગયાપ્રસાદ પાછલા બારણેથી ખેતરોમાં કાદવ ખૂંદતા ભાગી છૂટેલા અને કાદવથી લદબદ સ્થિતિમાં જ કાનપુરમાં શિવ વર્મા પાસે પહોંચ્યા. શિવ વર્માએ એમને સુખદેવ, મહાવીરસિંહ, કૈલાસપતિ પાસે લાહોર મોકલી દીધા. વિજય બિહારમાં નાસી ગયા. અને શિવ વર્મા પંજાબ તરફ. એ વખતે એમને સખત તાવ હતો.

ડૉ. બી. એસ. નિગમના નામથી ગયાપ્રસાદ ફિરોજપુરમાં દવાખાનું ચલાવતા હતા ત્યારે એ દવાખાને સૌ સાથીઓ સંતાવા માટે આવતા. પણ હજી સુધી ક્રાંતિકારીઓમાં કોઈ આંતરપ્રાંતીય સંગઠન નહોતું. અલગ અલગ પ્રાંતોમાં જુદાજુદા નામોથી અલગઅલગ દળ કામ કરતાં હતાં. આ બધાંનું સંગઠન કરવા શિવ વર્મા બંગાળના 'અનુશીલન' દળના નેતાઓને મળવા કલકત્તા ગયા. પરંતુ 'અનુશીલન' દળનો સાથ ન મળ્યો. સામૂહિક નેતાગીરી માટે પણ તેઓ તૈયાર ન થતાં નિરાશ થઈ શિવ વર્મા પાછા ફર્યા. ત્યાર બાદ ૮-૯ સપ્ટેમ્બર ૧૯૨૮ના ફિરોજશાહ કોટલામાં એક મીટિંગ બોલાવાઈ. પંજાબ, યુક્ત પ્રાંત, બિહાર, રાજસ્થાનના કુલ દસ સાથીઓ ત્યાં હાજર હતા. ભગતસિંહે એચ. આર. એ. નામ બદલીને 'હિંદુસ્તાન સોશ્યાલિસ્ટ રીપબ્લિકન આર્મી' એવું નવું નામ પાર્ટીને આપ્યું. તેની કેન્દ્રીય કમિટીમાં આઝાદ, ભગતસિંહ, સુખદેવ, શિવ વર્મા, વિજય, કાકોરીલૂંટના કુંદનલાલ અને ફણીન્દ્ર ઘોષ હતા. ચંદ્રશેખર સેનાપતિ બન્યા. ભગતસિંહ અને વિજયને પ્રચારકાર્ય સોંપાયું. શિવ વર્માને યુક્ત પ્રાંત, સુખદેવને પંજાબ, જયદેવને બનારસ અને કુંદનલાલને રાજપૂતાનામાં દળ–સંગઠનનું કામ સોંપાયું.

આગરામાં દળનું કેન્દ્રીય મથક સ્થપાયું. દળ તો સ્થપાયું પણ પૈસા ક્યાં હતા? શિવ વર્મા સાથીઓ સાથે નેશનલ બૅંક લૂટવા માટે લાહોર પહોંચ્યા. લાહોરમાં ત્યારે સાઈમન કમિશન સામે લાલા લજપતરાયે વિરાટ સરઘસ યોજ્યું હતું. પણ તેમાં પોલીસના લાઠીમારથી લાલા ઈજા પામ્યા અને થોડા દિવસો બાદ એમનું મૃત્યુ થયું. આ રાષ્ટ્રીય અપમાનનો બદલો લેવા તા. ૧૭ ડિસેમ્બર (૧૯૨૮)ના રોજ લાહોરમાં ભગતસિંહ, રાજગુરુ, જય ગોપાલ તથા આઝાદે સાથે મળીને લાલાજી પર લાઠીમાર કરનાર સૉંડર્સની હત્યા કરી. શિવ વર્મા અને વિજયની સશસ્ત્ર ટુકડીએ પોતાના એ સાથીઓને રક્ષણ આપેલું. ભગતસિંહ, રાજગુરુ તથા આઝાદ નાસી ગયા.

કલકત્તાથી ભગતસિંહ સાથે આગરા આવેલા યતીન્દ્રનાથ પાસેથી શિવ વર્મા, સુખદેવ અને ડૉ. ભગવાનદાસ 'માહૌરે' બૉમ્બમાં મસાલો ભરવાની તાલીમ લીધી. એ પછી 'સાઈમન કમિશન'ના સભ્યોને લઈ જતી ગાડી પર બૉમ્બ ફેંકવા માટેની યોજનામાં શિવ વર્માએ બનાવેલા બૉમ્બ ગાડીમાં લઈ જતાં જ ફાટ્યા ને એમાં માર્કંડેય નામના એક સાથીનું મૃત્યું થયું.

ત્યાર બાદ આઠમી એપ્રિલે (૧૯૨૯) ઍસેમ્બલીમાં બૉમ્બધડાકા કરી ભગતસિંહે ધરપકડ વહોરી લીધેલી. વાઈસરોય પર બૉમ્બ ફેંકવાની એક યોજના પણ એળે ગએલી. બીજી બાજુ લાહોરની બૉમ્બ ફૅક્ટરી-

માં પણ કેટલાક સાથીઓ પકડાઈ ગએલા. આથી શિવ વર્મા પર દળની જવાબદારી વધી ગએલી. એક દિવસ ઝાંસીમાં આઝાદ, માહોર, રાજગુરુ, મલકાપુરકર ને કુંદનલાલ સાથે શિવ વર્મા કંઈ વાતો કરતા બેઠા હતા ત્યાં ગભરાતા આવેલા સુરેન્દ્ર પાંડેએ ખબર આપ્યા કે યુક્ત પ્રાંતની પોલીસ આઝાદને શોધતી ઝાંસીમાં આવી પહોંચી છે. આઝાદે તુરત જ શિવ વર્માને ઝાંસી છોડી જવા હુકમ કર્યો, અને બીજા સૌ સાથીઓ પણ ફરાર થઈ ગયા. પોલીસે વહેલી સવારે છાપો માર્યો ત્યારે તો ત્યાં કોઈ નહોતું.

ઝાંસીથી શિવ વર્મા સહરાનપુર પહોંચી ગયા. ડૉ. ગયાપ્રસાદના દવાખાનાનો આશરો ત્યાં હતો. અહીં શિવ વર્માએ ડૉક્ટર અને જયદેવના સાથમાં બૉમ્બ બનાવવા માંડયા. પણ બીજે તો એક પછી એક સાથીઓ પકડાતા જતા હતા. પોતે પણ સહરાનપુર છોડી જવા માટે જરૂરી પૈસા લઈ આવવા ડૉક્ટરને કાનપુર મોકલ્યા. એમના પાછા ફરવાની રાહમાં આખી રાતનો જે ઉજાગરો થએલો તેના પરિણામે વહેલી પરોઢે એમને જરા ઊંઘ આવી ગઈ અને તા. ૧૩મી મે (૧૯૨૯)ની વહેલી સવારે પાંચ વાગ્યે દરવાજો ખટખટયો. જાગી જઈને શિવ વર્માએ બારણું ખોલ્યું, તો ડૉ. ગયાપ્રસાદના બદલે પોલીસો જોયા. આખા મકાનને તેમણે ઘેરી લીધેલું. કોટવાળે તુરત અંદર જઈ સૂતેલા જયદેવને હાથકડી પહેરાવી દીધી. પછી ચાલેલી તલાશીમાં બૉમ્બ બનાવવાનાં સાધનસામગ્રી, આતંકવાદી પુસ્તકો, વગેરે જેવા આ ક્રાંતિકારીઓની વિરુદ્ધમાં કામ લાગે એવા ઘણા પુરાવાઓ પોલીસે હાથ કર્યા. દરમિયાન તક સાધીને એક બૉમ્બ હાથમાં ઉઠાવી લઈ શિવ વર્માએ પોલીસોને ગભરાવી મૂકયા. પણ કોટવાળે સમયસૂચકતા વાપરીને શિવ વર્માને પકડી લીધા. આ ધરપકડ પછી યે પોલીસ ત્યાં જ રોકાઈ રહી અને કાનપુરથી પાછા ફરેલા ગયાપ્રસાદને પણ ઝડપી લીધા.

ત્રણે સાથીઓને સહરાનપુરથી લાહોર લઈ જવાયા. ત્યાં સમ્રાટ જ્યૉર્જ છઠ્ઠા સામે યુદ્ધ છેડવાના તથા બૉમ્બ બનાવવાના અપરાધ બદલ કેસ ચલાવાયો. ભગતસિંહ અને બી. કે. દત્તને દિલ્હીના ઍસેમ્બ્લી હૉલમાં બૉમ્બ ફોડવા બદલ આજીવન કેદની સજા થયા બાદ એમને પણ આ લાહોર કેસમાં સામેલ કરી દેવામાં આવ્યા. આ ઉપરાંત એમના જૂથના બીજા અગ્રગણ્ય સાથીઓને પણ એમની સાથે સંડોવવામાં આવેલા. આઝાદ અને યશપાલ પર પણ વૉરંટ અને ઈનામ હતાં પણ તેઓ બંને હજી પકડી શકાયા નહોતા.

દસમી જુલાઈ (૧૯૨૯)ના રોજ લાહોર કેસ શરૂ થયો. આરંભમાં ક્રાંતિકારીઓએ દળનો પ્રચાર કરવા માટે અદાલતના મંચનો જ ઉપયોગ કરવા માંડયો. અદાલતી કારવાઈમાં થતા સવાલ-જવાબોની એવી ઊતબાજી આયોજાઈ કે જેના દ્વારા અન્યથા અશક્ય એવી કેટલીયે બાબતો એમણે જાહેરમાં પ્રસારી દેવા માંડી. દલીલોમાં સાક્ષીઓને તોડી પાડવામાં તો શિવ વર્માએ ડંકો વગાડી દીધો. તાજના સાક્ષી બની ગએલા ફણીન્દ્ર ઘોષના મોંમાંથી તો એમણે બૉંબ બનાવવાની સમગ્ર પ્રક્રિયા જાહેરમાં બોલાવી દીધી, અને અદાલતની દૈનિક કારવાઈના રૂપમાં એ અખબારોમાં પણ છપાઈ. જે અન્યથા બિલકુલ અશક્ય જ હતું.

પણ પછી સરકાર આ ચાલ કળી ગઈ. મેજિસ્ટ્રેટની અદાલતમાંથી સરકારે મુકદ્દમો ઉઠાવીલઇને લાહોર ષડ્યંત્ર કેસ ઑાર્ડિનન્સ નં. ૩/૧૯૩૦ હેઠળ હાઇકોર્ટનાત્રણ જજોનું ટ્રિબ્યુનલ રચ્યું; જેનો ફેંસલો અંતિમ હતો.

ટ્રિબ્યુનલમાં કેસને ચાર છ દિવસ થયા ત્યાં આઝાદીનાં ગીત ગાવા માટે જજે આરોપીઓને હાથકડી પહેરાવીને મારપીટ કરાવી. બીજા દિવસથી ભગતસિંહ અને શિવ વર્માએ અદાલતનો બહિષ્કાર કર્યો અને અધ્યક્ષ માફી માગે તેવી માગણી કરી. સરકારે અધ્યક્ષ જજ બદલવો પડયો, પણ ટ્રિબ્યુનલના એકમાત્ર ભારતીય જજને પણ હટાવી દીધા! ફરી શિવ વર્મા અને ભગતસિંહે નવા અધ્યક્ષને પણ બદલવાની માગણી કરી. સરકાર માની નહિ. પછી તો બધી કારવાઈ આરોપીની ગેરહાજરીમાં એકપક્ષી ચાલતી રહી. આરોપી તરફથી ન કોઈ સાક્ષી, ન કોઈ વકીલ, ન કોઈ સફાઈ...! એ રીતે આ એક નિરાળો કેસ હતો, જેમાં ચુકાદો સંભળાવવા માટે હાઇકોર્ટના જજોને ખુદ જેલમાં આવવું પડયું હતું!

તા. ૧૩ જુલાઈ (૧૯૨૯)થી લાહોર કેસના બધા સાથીઓ રાજનૈતિક કેદીઓ સાથેના દુર્વ્યવહારના વિરોધમાં તથા રાજનૈતિક કેદીઓને વિશેષ શ્રેણીમાં રાખવાની માગણી સાથે ઉપવાસ પર ઊતર્યા. સત્તરમા ઉપવાસ વખતે શિવ વર્માને દસબાર તગડા કેદીઓએ દબાવી દીધા અને ડૉક્ટર શિવ વર્માને નાકમાં રબરની નળી નાખી દૂધ પીવડાવવા લાગ્યા. શિવ વર્માએ પંદરવીસ મિનિટ સુધી તો પ્રતિકાર કર્યો. પણ આ હોંસાતોંસીમાં દૂધ ફેફસાંમાં ભરાઈ જતાં એમને ડબલ ન્યૂમોનિયા થઈ ગયો. આ પહેલાં યતીન્દ્રનાથના પણ એવા જ હાલ થયા હતા. એ ભૂખ હડતાલ ૬૩ દિવસ સુધી ચાલી! અને ૧૩મી સપ્ટેમ્બરે યતીન્દ્રનાથ એમાં શહીદ થઈ ગયા. યતીન્દ્રની સ્મશાનયાત્રામાં કલકત્તામાં પાંચ લાખ લોકો ઊમટયા હતા, જે કલકત્તા માટે કદાચ આજે પણ એક વિક્રમરૂપ ગણાય છે. શિવ વર્મા પણ મોતના આરે પહોંચી ગયા હતા! ગભરાએલી સરકારે એક કમિશન નીમ્યું અને ક્રાંતિકારીઓની માગણીઓ પૂરી કરવાનું વચન આપ્યું. પં. નેહરુ, મહમદઅલી ઝીણા અને માલવિયજીના આગ્રહથી હડતાલ સમાપ્ત થઈ.

પણ સરકારે તો કમિશન નીમવામાં બહાનાં કરવા માંડયાં. આથી જાન્યુ. '૩૦માં શિવ વર્માએ સાથીઓ સાથે ફરી ઉપવાસ આદર્યા. એમાં રાજગુરુ અને શિવ વર્માની હાલત ચિંતાજનક થઈ ગએલી. અંતે બાવીસમા દિવસે સરકારે કમિશનની નિમણૂક જાહેર કરી. આજે જેલોમાં 'એ' અને 'બી' વર્ગની જે શ્રેણીઓ છે તે આ ભૂખહડતાલનું જ ફળ છે.

જુલાઈ (૧૯૩૦)ની સાતમી તારીખના એકપક્ષી ચુકાદામાં ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસી, શિવ વર્મા અને અન્ય ૭ જણને આજીવન કેદ તથા અન્યોને જુદીજુદી સજા થઈ, અને એમને લાહોરની સેન્ટ્રલ જેલમાં મોકલી દેવાયા. આ જેલમાં પણ ગંદી કોટડીઓમાં રાખવા સામે શિવ વર્માએ તેર ઉપવાસ કર્યા અને પાણી પીવાનું પણ છોડી દેતાં બેભાન બની ગએલા, પણ અંતે ગંદી કોટડીઓમાં રાખવાનું રદ થયું. તે પછી એ લોકોને મુલતાન લઈ જવાનું ઠર્યું. ભગતસિંહ, રાજગુરુ ને સુખદેવને છેલ્લી વાર એ લોકોએ મળી લીધું.

એકાદ મહિનો મુલતાનની જેલમાં રાખ્યા પછી શિવ વર્મા અને તેમના સાથીઓને ત્યાંથી પણ હટાવીને છેક રાજમુન્દ્રી (હાલ આંધ્ર પ્રદેશ)ની જેલમાં મોકલી દેવાયા. ક્રાંતિકારીઓના જૂથને એકબીજાથી અલગ પાડી દેવાની આ એક રીત હતી. રાજમુન્દ્રીમાં 'મીઠા સત્યાગ્રહ'માં પકડેલા ઘણા યુવાન કૉંગ્રેસીઓને પણ રાખેલા. એકઠા થઈ ગએલા આ સૌ રાજકીય કેદીઓ વચ્ચે જે ચર્ચાઓ ચાલતી તેનાથી આગળ જતાં કૉંગ્રેસમાં રચાએલા સમાજવાદી જૂથનાં બીજ રોપાયાં હતાં. વખત જતાં એ જૂથ કૉમ્યુનિસ્ટ પાર્ટીમાં ભળી ગએલું.

રાજમુન્દ્રીમાં એક દિવસ હેડ વૉર્ડર કંઈ અપશબ્દો બોલેલો તેથી શિવ વર્મા, જયદેવ અને ગયાપ્રસાદે એને મેથીપાક આપીને તેના દાંત તોડી નાખ્યા. આથી ગુસ્સે થએલા આઈ. જી.એ જયદેવને ૯૦ ફટકાની સજા કરી, અને શિવ વર્માને મદ્રાસ મોકલી દીધા.

સુભાષચંદ્ર બોઝ પણ ત્યારે મદ્રાસની જેલમાં હતા. એમણે શિવ વર્માની મુલાકાત સાધી અને પછી તો લગભગ દરરોજનો એ ક્રમ બની ગયો. બંને વચ્ચે રાષ્ટ્રીય આંદોલનો વિષે ચર્ચાવાર્તા થતી. લડત અંગેના ગાંધીજીના માર્ગ વિષે શિવ વર્માએ ત્યારે ઘણી ટીકાઓ કરેલી. માર્ક્સવાદી વિચારધારાઓ પણ તેઓ ચર્ચતા.

થોડા સમય પછી શિવ વર્માને ફરી રાજમુન્દ્રી લઈ જવાયા. ભગતસિંહ વગેરેને ફાંસી અપાયાના ખબર આવ્યા ત્યારે તેઓ ત્યાં જ હતા. જેલમાં થતા દુર્વ્યવહાર સામે અહીં ફરી એ લોકોએ લડત ઉપાડીને ઉપવાસ આદર્યા. પાંચ મહિના અને વીસ દિવસ સુધી ચાલેલી આ ભૂખહડતાલમાં જયદેવને લકવા થઈ જઈ એની કમરથી નીચેનું શરીર જકડાઈ ગયું હતું. પણ એમની લડત જારી જ હતી. સરકારે બીમાર જયદેવને રાજમુંદ્રીમાં જ રાખી શિવ વર્માને બહેરામપુર અને વિજયને વિશાખાપટ્ટમ મોકલી દઈ ત્રણેને અલગ પાડી દીધા, છતાં યે એમના ઉપવાસો ચાલુ રાખતાં એ ત્રણેયને છેક આફ્રિકામાં નાઇરોબીની જેલમાં મોકલી દેવાનું પણ વિચારાયું, પણ તેમાં સફળતા ન મળતાં અંતે સરકારે એમની માગણીઓ સ્વીકારી અને પછી જ તેઓએ ઉપવાસ છોડયા.

ઈ. ૧૯૨૧માં રાજકીય કેદીઓને આંદામાનની જેલમાં મોકલવાનું બંધ કરી દીધેલું, પણ ૧૯૩૩માં આ ત્રણેને ત્યાં મોકલીને ફરી એ રવૈયો ચાલુ કર્યો. એ દિવસોમાં આંદામાનની જેલ તદ્દન નર્કાગાર સમી જ હતી. દિવસે પણ કેદીઓને કોટડીઓમાં જ પૂરી રખાતા. સડેલા લોટની રોટલી, જીવડાં પડેલી દાળ ને ઘાસપાલાનું શાક એમને અપાતું. આ અત્યાચારો સામે અહીં શિવ વર્મા ને મહાવીરસિંહે ૧૨ મે (૧૯૩૩)થી ભૂખહડતાલ આદરી. એમને બળજબરીથી ખોરાક આપવાના પ્રયત્નમાં મહાવીરસિંહનું ૧૭મી મેએ મૃત્યુ થયું. બંગાળના મોહિત મિત્ર અને મોહન કિશોર પણ ઉપવાસ કરીને શહીદ થયા. સરકાર ચોંકી ગઈ. આ મૃત્યુના સમાચારોથી સર્વત્ર ખળભળાટ મચી ગયો. પરિણામે જેલ-અધિકારીઓ બદલાયા, ખોરાકમાં સુધારો કરવો પડયો અને કોટડીઓમાં સતત પૂરી રાખવાની રસમ બંધ થઈ.

આ પછી આંદામાનના રાજકીય કેદીઓનું જીવન રાજનૈતિક વાદ-વિવાદ, અધ્યયન અને ચિંતનમય બની રહ્યું. શિવ વર્માએ ત્યાં પણ એક સામ્યવાદી જૂથ ઊભું કર્યું. કેટલાકને એ ગમ્યું તો નહિ, પણ માર્ક્સવાદી સાહિત્યનો પ્રભાવ તેઓ અટકાવી શક્યા નહિ. આઝાદી પછી કોની સરકાર રચાશે ને કોના હિત માટે એ કામ કરશે એ શિવ વર્મા અને એના સાથીઓને મનગમતી ચર્ચાનો વિષય હતો. પ્રજાનું શોષણ અટકાવી શકાય તો જ ખરી આઝાદી આવી કહેવાય અને એ માટે માર્ક્સવાદ જ યોગ્ય હોવાનું શિવ વર્માનું માનવું હતું.

ઈ. ૧૯૩૭માં ફરી એક લડત ઊપડી. આંદામાનમાં રાખેલા બધા જ રાજનૈતિક કેદીઓએ સ્વદેશ પાછા લઈ જવા માટે શિવ વર્મા સાથે ભૂખહડતાલ આદરી. સતત ૩૩ દિવસ સુધી એકસાથે ૩૦૦ કેદીઓ આ રીતે ભૂખહડતાલ પર ઊતરે એ એક અદ્વિતીય ઘટના હતી. અને તેની અસર પણ પડી. સપ્ટેમ્બરમાં ત્યાંના બધા ક્રાંતિકારી કેદીઓને સ્વદેશની તળભૂમિમાં પાછા મોકલી દેવામાં આવ્યા, અને ફરી રાજકીય કેદીઓને આંદામાન મોકલવાનું બંધ થયું. શિવ વર્માએ આમ અવારનવાર ભૂખહડતાલ પર ઊતરીને કુલ ૩૨૦ થી યે વધુ ઉપવાસો કર્યા હતા.

શિવ વર્માને પ્રથમ ડમડમ, ને પછી લાહોરની જેલમાં લઇ જવાયા. અહીં પંજાબ સરકારે લાહોર ષડયંત્રના કેદીઓને હેરાન કરવા એમને 'સી' વર્ગમાં રાખ્યા. શિવ વર્માએ ફરી લડત આદરી અને અંતે 'બી' વર્ગ મેળવ્યો. છેવટ યુક્ત પ્રાંતમાં કૉંગ્રેસનું શાસન રચાતાં ત્યાંની સરકારે પંજાબની કેદમાંના રાજકીય કેદીઓને સ્વીકારી લેતાં શિવ વર્માને નૈનીતાલની જેલમાં જવું પડયું. બે મહિના પછી યુ. પી. સરકારે ક્રાંતિકારી કેદીઓને લખનઉની જેલમાં એકઠા કરી દીધા. અહીં આ કેદીઓને વાંચવાલખવાની પણ સારી સગવડો મળી. આ જ કેદમાંથી છૂટેલા યશપાલ 'વિપ્લવ' નામનું હિંદી માસિક પત્ર ચલાવતા હતા. શિવ વર્મા તેમાં 'પી. વર્મા'ના નામે લેખો લખતા. યશપાલ એમને મળવા અવારનવાર જેલમાં આવતા. તેઓ એમને 'વાઈઝ મૅન ઑવ ઈસ્ટ' કહેતા. 'પ્રતાપ'માં પણ શિવ વર્મા 'સમાજવાદી વિચારોકા ઇતિહાસ'ની એક લેખમાળા લખી હતી. માર્ક્સવાદના જાણીતા નેતા ચંદ્રસિંહ ગઢવાલી અહીં જ એમના શિષ્ય બનેલા.

ઈ. ૧૯૪૧માં પં. જવાહરલાલ નેહરુ અને રણજિત પંડિત પણ આ જેલમાં બે-એક મહિના કેદમાં રહેલા. શિવ વર્માનો એમના પર પણ સારો પ્રભાવ પડેલો. શિવ વર્મા જ્યારે કેદમાંથી છૂટયા ત્યારે રણજિત પંડિતે અખબારોમાં એમને બિરદાવેલા, અને પં. નેહરુએ પણ પોતાના પુસ્તક 'ડિસ્કવરી ઑવ ઇંડિયા'માં શિવ વર્મા અને એમના સાથીઓ વિષે નોંધ લીધી છે.

પણ યુક્ત પ્રાંતની સરકાર કૉમ્યુનિસ્ટ પાર્ટી પ્રત્યે બહુ શંકાશીલ હતી. લખનૌની જેલમાં પણ શિવ વર્મા પર જાસૂસો ગોઠવ્યા હતા. અને આગળ જતાં ૧૯૪૨માં શિવ વર્માને નૈની તથા જયદેવને બરેલીની જેલમાં મોકલી બંનેને છૂટા પાડી દીધા હતા.

પછી આવી 'હિંદ છોડો'ની વ્યાપક લડત. યુક્ત પ્રાંતના અનેક નેતાઓ જેલમાં એકઠા થયા. અહીં શિવ વર્માએ સાથે રહેતા સંખ્યાબંધ કૉંગ્રેસીઓને માર્ક્સવાદનો રંગ લગાડયો. પછી જ્યારે કૉંગ્રેસની બેઠક મળેલી ત્યારે તેમાં પચાસથી યે વધુ માર્ક્સવાદી કૉંગ્રેસીઓને જોઇને ગાંધીજીએ અનુશાસનના નામે એ સંખ્યાબળને દબાવી દેવું પડેલું.

ફરી શિવ વર્મા અને જયદેવને હરદોઇની જેલમાં મોકલવામાં આવ્યા. પંજાબ સરકારે એમને જો તેઓ બંને જણ રાજકીય ચળવળ ન ચલાવે કે સરકાર ઉથલાવવાનું આંદોલન નહિ કરવાની લેખિત બાંહેધરી આપે તો કેદમાંથી છોડી મૂકવાની તૈયારી બતાવી પણ તેઓએ એ અપમાનજનક શરત ઠોકરે મારી જવાબ વાળ્યો કે, 'શરતો સાથે છુટ્ટી ખરીદવાને બદલે હજુ બીજા સત્તર વર્ષ જેલ ભોગવવા તૈયાર છીએ.'

પણ પં. નેહરુએ નૈની જેલમાં શિવ વર્માને કહેલું કે 'આપણે બહુ જલ્દીથી બહાર મળીશું'. અને એમણે પંજાબ સરકાર પર શિવ વર્મા, જયદેવ, ગયાપ્રસાદ તથા કિશોરીલાલને છોડી મૂકવા માટે બહુ દબાણ કર્યું. અંતે ૨૧ ફેબ્રુઆરી ૧૯૪૬ના રોજ સરકારે એ ચારેયને કેદમુક્ત કર્યા. સત્તર વર્ષ બાદ એ લોકોએ જેલ બહારની મુક્ત હવા માણી.

મુક્ત થયા પછી શિવ વર્મા કૉમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા. શાહજહાનપુરના મજૂરોના યુનિયનના અધ્યક્ષ બની આખા દેશમાં ફર્યા. પાર્ટી-સ્કૂલો ચલાવી, રેલવે મજૂરો સાથે રહ્યા, યુ. પી.માં પણ લોકપ્રિયતા મેળવી. ૧૯૪૭માં પાર્ટીના કાર્યાલય-મંત્રી બન્યા. પરંતુ ફરી ૧૯૪૭માં ૨૨ ફેબ્રુઆરીએ જોનપુર જિલ્લા કિસાન સંમેલનમાં પ્રિવેન્ટિવ ડિટેન્શન ઑર્ડિનન્સ હેઠળ યુ. પી.ની સરકારે ધરપકડ કરી અને જેનીબાદમાં એક વર્ષની નજર કેદની સજા થઈ.

આ ધરપકડ અને સજાની પણ દિલચસ્પ કથા છે. શિવ વર્માએ પોતાના પરનો આરોપ ખોટો હોવા અંગે સરકાર પાસે તપાસ કરાવી. દરમિયાન એમને જેલમાં 'સી' વર્ગમાં રાખવામાં આવેલા. (આ જ શિવ વર્મા અને યતીન્દ્રની ભૂખહડતાલના પરિણામે રાજકીય કેદીઓએ 'એ' અને 'બી' વર્ગની સુવિધાઓ ભોગવી હતી. અને એમાંના જ કેટલાક હવે સત્તા પર પણ હતા.) એવું બનેલું કે મુગલસરાઈમાં રેલવે મજૂરો સમક્ષ એમણે સામ્યવાદ વિષે વ્યાખ્યાન આપ્યું હતું. પણ સી. આઈ. ડી.ના માણસે એમને અંગેના પોતાના અહેવાલમાં 'કૉમ્યુનિઝમ'ના બદલે 'કૉમ્યુનાલિઝમ' (એટલે કે કોમવાદ, સાંપ્રદાયિકતા) શબ્દ વાપર્યો હતો. અને સરકારે કોમવાદી ભાષણ આપવા બદલ એમને પકડેલા.

ઈ. ૧૯૪૮માં પણ કૉમ્યુનિસ્ટોની ધરપકડો થવા લાગી. જયદેવ-કપૂર પકડાઈ ગયા, પણ શિવ વર્મા ભૂગર્ભમાં ચાલ્યા ગયા, ને ૧૯૫૧માં કૉમ્યુનિસ્ટ પાર્ટી કાનૂની બની ત્યાં સુધી ગુપ્ત રહ્યા. પરંતુ આ દરમિયાન પણ એમણે પાર્ટીના એક મુખપત્ર 'નયા સવેરા'નું (અનુ. પૃ. ૧૯૯)

મુંબાઈની ફિલ્મીદુનિયામાં ડિટેક્ટિવ ફેલુદાની નવી રહસ્યશોધ

જેટ બહાદુર

મૂળ લેખક : સત્યજિત રાય - અનુવાદક : સુકન્યા ઝવેરી

લાલમોહનબાબુ ઉર્ફે 'જટાયુ'ના હાથમાં મીઠાઈનું ખોખું જોઈ મને બહુ નવાઈ લાગી. આમ તો તેઓ જ્યારે અમારે ત્યાં આવે ત્યારે એમના હાથમાં છત્રી સિવાય બીજું કંઈ ન હોય. હા, જ્યારે એમનું કોઈ નવું પુસ્તક પ્રકટ થાય ત્યારે એની એક નકલ ભેટ આપવા માટે એ અચૂક લેતા આવે. પણ આવું તો વર્ષમાં એકાદ–બે વાર જ બને. એટલે જ આજે એમના હાથમાં મિરઝાપુર સ્ટ્રીટમાં નવા ખૂલેલા 'કલ્લોલ મિષ્ટાન્ન ભંડાર'નું પચ્ચીસ રૂપિયાની કિંમતનું સફેદ રંગનું, અને તે ય સોનેરી રિબનથી બાંધેલું ખોખું જોઈ મને આશ્ચર્ય થયું. કલ્લોલની મીઠાઈનું આ ખાસ બૉક્સ હતું. બે બાજુ સુંદર મરોડદાર અક્ષરોમાં 'કલ્લોલ્સ ફાઈવ મિ[illegible]સ સ્વીટમીટ્સ' એવા છાપેલા લખાણવાળા આ ખોખામાં અંદર પાંચ ખાનાં પાડી તે દરેકમાં જુદીજુદી જાતની ઉત્તમ મીઠાઈ મૂકવામાં આવતી. આમાં વચ્ચેના ખાનામાં હમેશાં કલ્લોલની પોતાની જ આગવી મીઠાઈ–'ડાયમંડા' તો હોય જ. રૂપેરી વરખવાળા અને ચોકટ આકારના પાસાદાર રસતરબોળ સંદેશને એ લોકોએ 'ડાયમંડા' નામ આપેલું છે.

હાથમાં કલ્લોલનું આવું ખાસ બૉક્સ અને ગઢ જીતીને આવ્યા હોય તેમ મરકમરક થતા મુખે લાલમોહનબાબુને આવતા જોઈને મને થએલું આશ્ચર્ય સ્વાભાવિક જ હતું. અંદર આવીને પેલું ખોખું ટેબલ પર મૂકીને તેઓ ખુરશી પર બેઠા કે ફેલુદાએ પૂછ્યું : 'મુંબાઈના શુભ સમાચાર આજે આવી ગયા કે?'

સવાલ સાંભળતાં જ લાલમોહનબાબુ નવાઈ તો પામ્યા જ, પણ એમના ચહેરા પરથી પેલો ખુશીનો ભાવ ન ગયો. કેવળ બે ભવાં જ ઉપર ચડયાં. 'કેવી રીતે ખબર પડી, હેં!' આશ્ચર્યથી એમણે પૂછ્યું.

'સાયરન વાગી ગયાને એક કલાક વીતી ગયા પછી યે જોઉં છું કે તમારા કાંડાઘડિયાળમાં હજી રાતના સવા ત્રણ જ વાગેલા છે. મતલબ કે શુભ સમાચારના આનંદના અતિરેકમાં ઘડિયાળ પહેરતી વખતે તમને એના તરફ જોવાનો ખયાલ નથી રહ્યો...' પછી વધુ ઉમેરતાં ફેલુદાએ પૂછ્યું : '...કે પછી ઘડિયાળ બગડ્યું છે?'

સરી પડેલા ખેસને રોમન અદાથી ડાબા ખભા પર નાખતા લાલમોહનબાબુ બોલ્યા : 'પચ્ચીસ માગ્યા હતા; તે આજ સવારે ઊઠયો ત્યાં જ નોકરે આવીને આ તાર મારા હાથમાં મૂક્યો. લો સાંભળો.' કહી એમણે ખિસ્સામાંથી તારનો લાલ કાગળ કાઢી વાંચી સંભળાવ્યો : 'પ્રૉડ્યુસર વિલિંગ. ઑફર ટેન ફૉર યૉર સ્ક્રિપ્ટ. પ્લીઝ કેબલ કનસેન્ટ.' અને પછી ઉમેર્યું : 'હું રીપ્લાય આપીને જ ચાલ્યો આવું છું. જણાવી દીધું કે હૅપિલી સેલિંગ ફૉર ટેન. ઍક્સેપ્ટ માય બ્લેસિંગ્સ.'

'દસ હજાર!' ફેલુદા જેવા ઠંડા મગજના આદમીની આંખો પણ પહોળી થઈ ગઈ : 'તમારી વાર્તા દસ હજારમાં વેચાઈ ગઈ?!'

હસુંહસું થતા મુખડે જટાયુ બોલ્યા : 'રૂપિયા હજી હાથમાં નથી આવ્યા. એ તો મુંબાઈ જઈશું ત્યારે મળશે.'

'તે તમે બૉમ્બે જાઓ છો?' ફેલુદાની આંખો ફરી પહોળી થઈ ગઈ.

'હું એકલો જ શાનો? તમારે બંનેએ પણ આવવાનું છે. અલબત્ત, ઍટ માય એક્સપેન્સ. તમારા સિવાય તો એ વાર્તાનું માળખું પણ તૈયાર ન થઈ શકત, મોશાય!'

એમની આ વાત ખરી હતી. લાંબા સમયથી જટાયુનું સ્વપ્ન હતું કે પોતાની વાર્તા પરથી એક ફિલ્મ બને. બંગાળી ચલચિત્રમાં તો ખાસ કૈં રળાય નહિ, આથી એમના મનનો ઝુકાવ હિન્દી ફિલ્મ તરફ વધુ હતો. એટલે એમણે હિંદી સિનેમા માટે વાર્તા લખવા કમર કસી. બૉમ્બેની ફિલ્મ લાઈનમાં પુલક ઘોષાલ નામનો એમનો એક ઓળખીતો છે. અગાઉ એ લાલમોહનબાબુના ઘરથી બે મકાન દૂર રહેતો. કલકત્તામાં ટાલીગંજમાં ત્રણેક ચલચિત્રમાં એણે સહકારી પરિચાલક (આસિસ્ટંટ ડાયરેક્ટર) તરીકે કામ કરેલું ને પછી મગજમાં ધૂરી ભરાતાં એ બૉમ્બે ચાલ્યો ગયો. આજકાલ ત્યાં એ એક 'હિટ' ડાયરેક્ટર ગણાય છે.

લાલમોહનબાબુએ વાર્તા લખવા તો માંડી, પણ ત્રણ પ્રકરણ પછી આગળ વધી શકતી નહોતી, એટલે એક દિવસ જટાયુ ફેલુદા પાસે આવ્યા. ફેલુદાએ ત્યારે ને ત્યારે જ એ વાર્તાનું લખાણ વાંચી કાઢ્યું અને કહ્યું : 'આટલેથી જ અટકી પડયા એ સારું થયું, નહિતર આ બધી મહેનત માથે પડત. બૉમ્બેમાં આ વાર્તા કોઇ ખરીદત નહિ.'

'ત્યારે શું લખું તો એ લોકો લે? હવે તો મોશાય તમે જ કહો.' માથું ખજવાળતાં લાલમોહનબાબુ બોલ્યા, 'હું તો માનતો હતો કે થોડીક કરંટ હિટ ફિલ્મો જોઈ આવું ને પછી લખું તો વાર્તા જામશે. એ માટે બે દિવસ કયુમાં ઊભો રહ્યો. એક દિવસ ખિસ્સું કપાઈ ગયું, અને એક વાર સવા કલાક સુધી લાઇનમાં શેકાઈને ટિકિટબારી પાસે પહોંચ્યો ત્યાં લાલાએ 'હાઉસફુલ'નું બોર્ડ લટકાવી દીધું. બહાર બ્લૅકમાં ટિકિટ તો મળતી હતી, પણ બાર રૂપિયા ખર્ચીને. અંતે તો કોડોપાઈરિન જ ખાવી પડશે એ ડરથી પાછો ફર્યો.'

અંતે ફેલુદાએ જ રહસ્યકથા-લેખક જટાયુ ઉર્ફે લાલમોહનબાબુને વાર્તાનો પ્લૉટ આપ્યો. કહે : 'આજકાલ ફિલ્મોમાં ડબલરોલની બોલબાલા છે એ તો જાણો છો ને?'

'ડબલરોલ? એ વળી શી બલા છે?' લાલમોહનબાબુએ પોતાનું અજ્ઞાન પ્રકટ કરતાં પૂછ્યું.

'ફિલ્મોમાં આજકાલ એકસરખા ચહેરાવાળા બે નાયકો હોય છે એ તમે નથી જાણતા?' 'એટલે જોડિયા ભાઈ?'

'એમ પણ હોય, અથવા એકબીજાના સગા ન પણ હોય. છતાં બંનેના ચહેરામાં સામ્ય હોય. એવું પણ બને કે એકસરખા ચહેરાવાળા એ બંનેમાંથી એક જણ સારો અને બીજો બદમાશ હોય. એક અત્યંત શક્તિશાળી ને હિંમતબાજ અને બીજો માયકાંગલો ને ગરીબડો. સાધારણ રીતે આવું જ હોય છે. તમે આથી જરા આગળ વધીને એક ડબલરોલના બદલે એક જોડી ડબલરોલ રાખો. એક નંબર હીરો અને એક નંબર વિલનની જોડી, અને બે નંબર હીરો ને બે નંબર વિલનની બીજી. પણ શરૂઆતમાં આ કહી નહિ દેવાનું. એ પછી...'

ફેલુદાને અહીં જ અટકાવીને લાલમોહનબાબુએ કહ્યું : 'આ જરા વધારેપડતું ગૂંચવાડાભર્યું નથી લાગતું?'

'ત્રણ કલાકનો માલમસાલો તો જોઈએ જ ને?' ફેલુદાએ ખુલાસો કરતાં કહ્યું : 'અને આજકાલ નવા નિયમ પ્રમાણે વધુપડતી ફાઈટિંગ પણ નહિ ચાલે. એટલે વાર્તાને જુદી રીતે ગૂંચવવી પડશે. દોઢ કલાક લાગશે એ ગૂંચવણ ઊભી કરવામાં, અને બીજો દોઢ કલાક એ ગૂંચવણને ઉકેલવામાં જાય.'

'એટલે ડબલરોલથી જ કાર્ય સિદ્ધ થઈ જશે એમ જ કહો છો ને?'

'એટલું જ થોડું? બીજું યે છે, તમે નોટ કરી લો.'

તુરત લાલમોહનબાબુએ ખિસ્સામાંથી એક લાલ ડાયરી અને સોનેરી પેનસિલ બહાર કાઢયાં.

'હં, લખો. એક તો જાણે સ્મગ્લિંગ જોઈશે : સોનું, હીરા, ગાંજા-

ધરસ, ગમે તેનું. ગાયનોની પાંચેક સિચ્યુએશન જોઈશે. એમાંનું એક ભક્તિરસભર્યું હોય તો વધુ સારું. બે નાચ, બે-ત્રણ ચેઝ સિચ્યુએશન, એટલે કે પકડાપકડીનાં-પાછળ પડવાનાં દશ્યો. એમાં યે ઓછામાં ઓછા એકાદ સિચ્યુએશનમાં મોંઘી દાટ મોટરકારને પહાડ પરથી નીચે ફેંકી શકો તો ઓર જામે. અગ્નિકાંડ-ફાયરનું પણ એકાદ દશ્ય જોઈએ. હીરો-ની ગર્લ ફ્રેન્ડ, એટલે કે નાયિકા યાને હીરોઈન તથા વિલનની ગર્લ ફ્રેન્ડ ઊર્ફે વૅમ્પ અથવા ખલનાયિકા જોઈશે. પોતાની ફરજ અદા કરે એવા એક પોલીસ ઑફિસર, નાયકનું ફ્લૅશબૅક, કૉમિક રિલીફ પણ જોઈએ. વાર્તા ધીમી ન પડી જાય તે માટે દ્રુત, ઘટનાપરિવર્તન ને દશ્યપટ પરિવર્તન પણ જરૂરી છે. વળી, ક્યારેક વાર્તાને સમુદ્રતટે કે પહાડ પર લઈ જઈ શકાય તો સારું, કારણ સ્ટુડિઓના એકસરખા બંધિયાર વાતાવરણમાં ફિલ્મનું શૂટિંગ કરવાનું ઍક્ટરોના સ્વાસ્થ્યને માટે હાનિકર્તા...સમજ્યાને?'

નોંધ ટપકાવતાં લાલમોહનબાબુએ માથું હલાવી હા પાડી દીધી. 'અને છેલ્લે, અને મસ્ટ જોઈએ હૅપી એન્ડિંગ, એની પહેલાં અવાર-નવાર આંસુઓના સ્રોત વહાવી શકો તો કથાનો આવો અંત ઓર જામે.'

આ બધી નોંધો ટપકાવતાં લાલમોહનબાબુનો હાથ જરૂર દુ:ખવા આવી ગયો હશે. પરંતુ એ પછી લગાતાર બે મહિના સુધી એમણે જે લેખન-વ્યાયામ કર્યો એથી જમણા હાથની બે આંગળીઓમાં તો આંટણ પડી ગયાં હતાં. સદ્ભાગ્યે એ બે મહિના દરમિયાન ફેલુદાને પણ કલકત્તા બહાર કંઈ કામ નહોતું, અને કેદાર સરકારના ભેદી ખૂનની તપાસ માટે જવું પડેલું તે યે ફક્ત બરાકપુર સુધી જ. એટલે લાલમોહનબાબુ અઠવાડિયામાં બે વાર ફેલુદા પાસે ધામા નાખતા. આ છતાં ય જટાયુની એ બત્રીસમી રહસ્યકથા 'બૉમ્બેનો ડાકુ' બરાબર મહાલયા, એટલે કે ભાદરવાની અમાસ પછી જ પ્રગટ થઈ હતી. અને વાર્તા જે રીતે લખાઈ હતી તેના પરથી જો ફિલ્મ બને તો એ ભલે ગમે તેવી થાય, પરંતુ એ જોયા પછી ફ્રોડોપાયરિન તો ન જ ખાવી પડે. હિંદી ફિલ્મનો બધો મસાલો તેમાં હોવા છતાં એમાં એવી અતિશયોક્તિ નહોતી કે જે જોયા પછી છુટકારાની લાગણી થાય.

લાલમોહનબાબુએ આ કથાની પાંડુલિપિ—મૅન્યુસ્ક્રિપ્ટની એક નકલ પુલક ઘોષાલને અગાઉથી મોકલી આપી હતી. દસેક દિવસ પહેલાં એક પત્ર આવ્યો હતો કે વાર્તા પસંદ પડી છે અને પુલકબાબુ વિના-વિલંબે તેની ફિલ્મ અંગે કામ શરૂ કરી દેવા ઇચ્છતા હતા. ચિત્રનાટ્ય તેઓ પોતે જ તૈયાર કરવાના હતા અને હિંદી સંવાદો ત્રિભુવન ગુપ્તે લખવાના હતા. દર્શકના દિલની આરપાર ઊતરી જાય તેવા ધારદાર સંવાદો માટે તેમની હિંદી ફિલ્મજગતમાં ખ્યાતિ હતી. હવે માત્ર લાલમોહનબાબુએ કથાના પુરસ્કારની રકમ જણાવવાની હતી તે એમણે ફેલુદાને પૂછ્યા કર્યા વિના જ પચ્ચીસ હજાર રૂપિયા લખી નાખી, અને તેના ઉત્તરમાં આજે આ ટેલિગ્રામ આવ્યો હતો. જો કે લાલમોહનબાબુ-ની પચ્ચીસ હજારની માગણી તો મને યે વધુપડતી લાગેલી, પણ હવે તો તેઓ પોતે પણ એ સમજી ગયા લાગતા હતા. આનંદના અતિરેકમાં ગરમાગરમ ચાનો ઘૂંટડો લેવાઈ જતાં સિસકારો કરી એ બોલ્યા : 'પુલકે લખ્યું હતું કે મૂળ કથામાં એણે ખાસ કંઈ ફેરફાર નથી કર્યો. મોટે ભાગે મેં... સૉરી, આપણે જેમ લખી છે.'

ફેલુદાએ હાથ ઊંચો કરીને એમને વચ્ચેથી જ બોલતા અટકાવીને કહ્યું : 'તમે બહુવચન વાપરવાને બદલે એકવચન જ વાપરશો તો હું ખુશ થઈશ.'

'પણ...'

'શેક્સપીઅરે પણ બીજાની વાર્તાઓની મદદ લઇને નાટકો લખ્યાં હતાં, તેથી એણે કદી અમારો કે આપણો હૅમ્લેટ કહીને વાત કરતો કોઇએ નોંધ્યો છે? કદી નહિ. ઉપાદાનમાં મારું થોડું કૉન્ટ્રિબ્યુશન હોય તો પણ વાનગી બનાવનાર તો તમે જ છો. તમારા હાથ જેવી મીઠાશ મારા હાથમાં ક્યાં છે?'

ફેલુદાના આવી એલદિલીથી પોતાના મરકતા હોઠને કાન સુધી ખેંચીને લાલમોહનબાબુએ કૃતજ્ઞતાથી કહ્યું: 'થૅંક યુ, સર! હવે હું એમ કહેતો હતો કે પુલકે કથામાં માત્ર એક માઈનર ચેઈન્જ કર્યો છે.'

'કઈ જાતનો?'

'હવે મોશાય, બરાબર સાંભળજો. એ એક વાજબ વ્યાપાર છે. તમે કદાચ એને ટેલિપથી પણ કહેશો. શું થયું, ખબર છે? મારી વાર્તામાં સ્મગલર ઢૂંઢીરામ ધુરંધરને મેં તેંતાળીસ માળવાળા એક મકાનના ફ્લૅટમાં રહેતો બતાવ્યો છે. તમે મને ઝીણીઝીણી વિગતો પર પણ નજર રાખવા કહેલું તેથી મેં એ બહુમાળી મકાનનું નામ પણ આપ્યું છે—'શિવાજી કૅસલ'. બૉમ્બે માટે અને ત્યાંની જ આ કથા હોઈ મહારાષ્ટ્રના જ વીર પુરુષનું નામ ત્યાં જોડવું મને બહુ એપ્રોપ્રીએટ લાગ્યું. હવે પુલકે લખ્યું છે કે બૉમ્બેમાં ખરેખર એ નામનું એક બહુમાળી મકાન છે, અને વધુ તો એ કે એ મકાનમાં જ આ ફિલ્મનો પ્રોડ્યુસર પોતે રહે છે. બોલો, આને ટેલિપથી સિવાય બીજું કંઈ કહેવાય ખરું?'

'કુંગ-ફુ છે કે કાઢી નાખ્યું?' ફેલુદાએ પૂછ્યું.

અમે ત્રણે જણે સાથે 'એન્ટર ધ ડ્રૅગન' જોયા પછી લાલમોહન-બાબુના ભેજામાં એ પણ એવું ધૂસી ગયુ હતું કે એમની વાર્તામાં તેઓ કુંગ-ફુ ઘુસાડશે જ તેની મને લગભગ ખાતરી થઈ ગઈ હતી.

'અલબત્ત, એ તો છે જ.' ફેલુદાના પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું, 'એ માટે તો મેં ખાસ પુછાવેલું. અને પુલક લખે છે કે, કુંગ-ફુ માટે તો એમણે મદ્રાસથી ખાસ ફાઈટ-માસ્ટર બોલાવ્યો છે. કહે છે કે એ હૉંગકૉંગ ટ્રેઈન્ડ છે.'

'શૂટિંગ ક્યારે શરૂ થશે?'

'એ મેં આજે જ એક પત્ર લખીને પુછાવ્યું છે. ત્યાંથી જવાબ આવ્યા પછી આપણે જવાની તારીખ ફિક્સ કરીશું. આપણી...સૉરી, મારી વાર્તાનું શૂટિંગ શરૂ થાય અને ભલા માણસ, આપણે જ ત્યારે ત્યાં હાજર ન હોઇએ એવું શી રીતે બને?'

'ડાયમંડા' તો પહેલાં પણ ખાધાં હતાં, પણ આજના જેટલા સ્વાદિષ્ટ તો એ અગાઉ ક્યારે ય લાગ્યાં નહોતાં.

બીજા રવિવારે લાલમોહનબાબુ ફરી આવી પહોંચ્યા. ફેલુદાએ વિચારી રાખેલું કે બૉમ્બેના ખર્ચનો બધો બોજ એમના એકના પર ન રાખતાં અર્ધો ખર્ચ અમારે આપવો. હમણાં તો એના હાથમાં પણ થોડા પૈસા આવ્યા હતા. કેવળ એના કેસના જ નહિ, પણ છેલ્લા ત્રણેક મહિનામાં એણે એ અંગ્રેજી પુસ્તકનો અનુવાદ પણ કર્યો હતો. ઓગણી-સમી સદીના બે વિખ્યાત શોધસફરીની એ ભ્રમણકથાઓ હાલમાં છપાઈ રહી હતી, અને એના પુરસ્કારમાંથી થોડા આગોતરા પૈસા પણ એને મળ્યા હતા. એમ તો અગાઉ પણ એણે લેખનકાર્ય કરેલું છે, પણ એ તો ફુરસદના સમયે કરેલું. પરંતુ આમ, આદુ ખાઇને લખવા પાછળ મચી પડેલા એને મેં આ પહેલી જ વાર જોયા.

જો કે લાલમોહનબાબુએ તો બૉમ્બેના ખર્ચ અંગેના ફેલુદાના પ્રસ્તાવને એક જ વાક્યમાં ઉડાવી દીધો : 'ગાંડા થયા છો? લેખનમાં તમે મારા ગાઈડ ઍન્ડ ગોડફાધર છો. આ તો મારા તરફથી મામૂલી ગુરુ-દક્ષિણા છે.' અને પછી એમણે ખિસ્સામાંથી પ્લેનની બે ટિકિટો કાઢીને ટેબલ પર મૂકી, ને બોલ્યા: 'મંગળવારે સવારે દસ પિસ્તાળીસની ફ્લાઈટ છે. રીપૉર્ટિંગ ટાઈમ એક કલાક પહેલાંનો છે. હું સીધો ડમડમ ઍરપૉર્ટ પર પહોંચી જઈ તમારી રાહ જોઈશ.'

'શૂટિંગ ક્યારે રાખેલું છે?' ફેલુદાએ પૂછ્યું.

'ગુરુવારે. પેલો ટ્રેઈન, મોટર અને ઘોડાની દોડવાળો ક્લાઇમૅક્સ સીન છે ને? તેનાથી મુહૂર્ત થશે.'

આ ઉપરાંત, લાલમોહનબાબુએ બીજા પણ એક ખબર આપ્યા.

કહે : 'કાલે સાંજે એક બનાવ બન્યો. અહીંનો એક ફિલ્મ પ્રોડયુસર, પબ્લિશર્સ પાસેથી મારું સરનામું મેળવીને ઘેર આવેલો. ધરમતલામાં એમની ઑફિસ છે એમ કહેતો હતો. એને પણ 'બૉમ્બેના ડાકુ પરથી ફિલ્મ બનાવવાની ઇચ્છા હતી. કહે કે બંગાળીમાં પણ હવે હિન્દી ટાઈપ પિક્ચર નહિ ઉતારીએ તો અહીંની ફિલ્મ લાઈન બહુ લાંબું ટકી નહિ શકે. વાર્તા વેચાઈ ગઈ છે જાણીને એ બહુ હતાશ થઈ ગયો. જો કે એણે પોતે આ વાર્તા વાંચી નથી, પણ એના એક ભાણેજે વાંચીને વાત કરેલી. મેં બૉમ્બે જોયા વિના જ વાર્તા લખી છે એ જાણીને તો એને ખૂબ જ નવાઈ લાગી. મેં પણ ફોડ ન પાડયો કે 'મરે'ની 'ગાઈડ ટુ ઈંડિયા' અને ફેલુ મિત્તિરનું ગાઈડન્સ ન હોત તો આ કથા મારાથી લખાઈ ન હોત.'

'એ માણસ બંગાળી છે?'

'યસ સર, બરેન્દ્ર સાન્યાલ છે. પણ એના બોલવામાં પશ્ચિમનો લહેકો હતો. કહેતો હતો કે એનો ઉછેર જબલપુરમાં થએલો. શરીર પર પણ એવું તો ઉગ્ર પરફ્યુમ લગાડેલું કે એની વાસથી મારા નાકમાં તો બળતરા જ થવા લાગેલી. પુરુષ આટલું બધું સેન્ટ લગાડે એનો તો આ પહેલો જ એક્સપીરિયન્સ મને થયો. ખેર, હું બૉમ્બે જાઉં છું એ જાણીને મને એક ઍડ્રેસ આપી ગયો છે. કહે કે જો કંઈ અગવડ જેવું લાગે તો આ જગ્યાએ ફોન કરજો. મારો એ મિત્ર છે અને બહુ હેલ્પફુલ છે.'

કલકત્તામાં ભલે ડિસેમ્બરમાં બહુ ઠંડી પડે, પણ બૉમ્બેમાં એવી ઠંડી નથી હોતી, એટલે બે નાની સૂટકેસમાં જ અમે મૅનેજ કરી લીધું. મંગળવારે સવારે તો એટલું ધુમ્મસ હતું કે સામેનું પલ્ટુનું ઘર પણ બરાબર દેખાતું નહોતું. આવામાં આજે પ્લેન ઊપડશે કે નહિ તેની મને ફિકર થવા લાગી. પણ આશ્ચર્ય! નવેક વાગતાં તો વાતાવરણ સાફ થઈ જઇને હૂંફાળો તડકો નીકળ્યો. આમે યે વી. આઈ. પી. રોડ ઉપર શહેર કરતાં વધુ ધુમ્મસ ઘેરાય છે, પણ આજે તો એવું કંઈ નહોતું.

અમે ઍરપૉર્ટ પહોંચ્યા ત્યારે પ્લેનને ઊપડવાને પચાસ મિનિટની વાર હતી. લાલમોહનબાબુ વહેલા આવી ગયા હતા, એ તો ઠીક, પણ પોતાનું બોર્ડિંગ કાર્ડ પણ લઈ લીધું હતું. ખિસ્સામાં દેખાતા એ કાર્ડ પર મારી નજર પડતી જોઈ બોલ્યા : 'માઠું ન લગાડશો, પણ લાંબી ક્યુ જોઇને થયું કે કદાચ બારી પાસે સીટ ન મળે તો, એટલે એ કામ વહેલું પતાવી લીધું. 'એચ રો'માં સીટ મળી છે. જુઓ કદાચ તમારી સીટ પણ પાસે જ હોય.'

પણ ફેલુદાનું લક્ષ તેમની વાતમાં હોય તેમ લાગ્યું નહિ. એણે તુરત પૂછ્યું : 'તમારી પાસે શાનું બંડલ છે એ? કયું પુસ્તક ખરીદ્યું?'

લાલમોહનબાબુની બગલમાં બ્રાઉન પેપરનું એ પૅકેટ જોઈ મને થએલું કે એમણે પોતાનું પુસ્તક મુંબાઈમાં કોઇને ભેટ આપવા માટે સાથે લીધું હશે. ફેલુદાનો પ્રશ્ન સાંભળી એમણે ખુલાસો કર્યો : 'પુસ્તક શું ખરીદે, મોશાય! આ તો તે દિવસે જેની મેં વાત કરેલીને, એ પેલો સાન્યાલ હમણાં દસેક મિનિટ પહેલાં આપી ગયો છે.'

'ભેટ આપી ગયો છે?'

'ના, રે! આ તો સંપેતરું છે. બૉમ્બે ઍરપૉર્ટ પર એનો કોઈ માણસ આવીને લઈ જશે. મારું નામ-ઠામ સાન્યાલે એને જણાવી દીધું છે. એના કોઈ સગાબગાને આ પુસ્તક આપવાનું છે.' પછી જરા રહીને લાલમોહનબાબુ બોલ્યા : 'કેમ, તમને કોઈ સસપેન્સની ગંધ આવવા લાગી કે શું?'

'એવી ગંધ આવવી તો મુશ્કેલ છે,' ફેલુદાએ કહ્યું : 'કારણ ભારત કેમિકલ્સના ગુલબહાર સેન્ટની ગંધ જ બીજી બધી ગંધને દબાવી દે છે.'

વાસ તો મને ય આવતી હતી. એ સાન્યાલને શી ખબર કેમ આવી ઉગ્ર વાસ ગમતી હશે! એણે શરીર પર લગાડેલા એ સેન્ટની વાસ આ પૅકેટને પણ લાગી ગઈ હતી.

ફેલુદાનો સંકેત સમજી જઈ લાલમોહનબાબુ બોલ્યા : 'તમારી વાત સાચી છે, મોશાય. સેન્ટની વાસ ખરેખર બહુ તેજ છે.'

'સાંભળ્યું છે કે ઘણી વાર લોકો આવા સંપેતરા રૂપે કોઈ જુદી જ ચીજો પસાર કરી દેતા હોય છે.' ફેલુદાએ કહ્યું.

'એ તો છે જ. બુકિંગ કાઉન્ટર પર તો નોટિસ લગાડેલી છે કે કોઈ પણ અજાણ્યા માણસ પાસેથી કોઇને પહોંચાડવા માટેનું સંપેતરું લેવું એ વિપદજનક છે. જો કે ટેક્નિકલી સાન્યાલ તદ્દન અજાણ્યો ન કહેવાય, અને પૅકેટ પણ એક પુસ્તકનું જ છે એટલે એમાં શક લાવવાનું કોઈ કારણ પણ જણાતું નથી.'

પ્લેનમાં અમને ત્રણેને પાસેપાસે તો જગ્યા મળી શકી નહિ. લાલમોહનબાબુની સીટ અમારા પછી ત્રણ રો પાછળ બારી પાસે હતી. ફ્લાઈટ દરમિયાન કહેવા જેવું ખાસ કંઈ બન્યું નહિ. કેવળ લાઉડસ્પીકર પર કૅપ્ટન દત્તે જ્યારે જણાવ્યું કે અમે નાગપુર ઉપરથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે પાછળ ફરીને જોયું તો લાલમોહનબાબુ ઊઠીને પ્લેનમાં પાછળના ભાગ ભણી જતા દેખાયા. પણ વચ્ચે જ ઍરહૉસ્ટેસે એમને રોકયા અને ઊંધી દિશા બતાવી. એ સજ્જન વળી પાછા આખો રસ્તો કાપી સીધા કૉકપિટનું બારણું ખોલી તેમાં ધૂસ્યા, ને પછી તુરત છોભીલા મોંએ જીભ કાઢતા બહાર આવીને ડાબી તરફનું બારણું ખોલી બાથરૂમમાં પેઠા. ત્યાંથી પાછા ફરતી વખતે મારી સીટ પાસે નમીને મારા કાનમાં ગુસપુસ કરતા કહે : 'મારી બાજુના માણસને બરાબર જોઈ લે. હાઈજૅકર હોય તો નવાઈ નહિ.' મેં પાછળ નજર કરીને જોયું તો લાગ્યું કે જો જટાયુનું દિમાગ અત્યારે ઍડવેન્ચર ને સસ્પેન્સના દિવાસ્વપ્નોમાં ભમતું ન હોત તો, પેલા ગંભીર મોંએ બેઠેલા સીધાસાદા માણસને એ હાઇજૅકર ન માની બેસત.

સાન્તાક્રુઝ ઍરોડ્રોમ પર અમારું પ્લેન લૅન્ડિંગ કરે એ પહેલાં જ લાલમોહનબાબુએ બૅગમાંથી પેલું પુસ્તક બહાર કાઢી રાખ્યું હતું. ડૉમેસ્ટિક લાઉન્જમાં દાખલ થઈ અમે ત્રણે જણ આમતેમ જોતા હતા એવામાં 'મિસ્ટર ગાંગુલી?' સાંભળીને જમણી બાજુ ફરીને જોયું તો ટેરેલિનનું ઘેરા લાલ રંગનું શર્ટ પહેરેલો એક માણસ મદ્રાસી ટાઈપના એક સજ્જનને એમની ઓળખાણ પૂછતો એમના તરફ ખૂબ આતુરતાથી જોઈ રહ્યો હતો. પેલા સજ્જન અણગમા સાથે માથું ધુણાવી ના પાડતા આગળ ચાલતા થયા. લાલમોહનબાબુએ એ લાલ શર્ટનો પ્રશ્ન સાંભળેલો એટલે એ તુરત એની તરફ ગયા, અને બોલ્યા : 'આઈ ઍમ મિસ્ટર ગાંગુલી, ઍન્ડ ધિસ ઈઝ ફ્રૉમ મિસ્ટર સાન્યાલ.' એક શ્વાસે આખું વાક્ય પૂરું કરી એમણે પેલું સંપેતરું ધરી દીધું.

એમના હાથમાંથી એ પૅકેટ ઝડપી લઈ, માથું નમાવીને આભાર વ્યક્ત કરી તુરત જ એ લાલશર્ટ ચાલ્યો ગયો. લાલમોહનબાબુએ પણ કર્તવ્ય પૂરું કર્યાની નિરાંત અનુભવી હાથ ખંખેર્યા.

અર્ધોએક કલાકે અમારો સામાન આવ્યો ત્યારે એક વાગીને ઉપર વીસેક મિનિટ થઈ હતી. શહેરમાં પહોંચતાં કદાચ બે વાગી જશે. પુલક ઘોષાલે અગાઉથી અમને લેવા આવનાર ગાડીનો નંબર લખી જણાવ્યો હતો. જોયું કે તે એક ગેરૂઆ રંગની સ્ટાન્ડર્ડ ગાડી હતી. ડ્રાઈવર પણ ટિપટૉપ ને કંઈક શોખિન લાગતો હતો. હિંદી ઉપરાંત થોડુંઘણું અંગ્રેજી પણ એ બોલી શકતો હતો. કલકત્તાના ત્રણ અજાણ્યા માણસોની વરધી પર આવેલો, પણ એના મોં પર જરા ય કંટાળો નહોતો. ઊલટું લાલમોહનબાબુને એણે જે અદાથી સલામ ઠોકી તેથી લાગ્યું કે જાણે આ કામ મળવાથી એ કૃતાર્થ થયો છે. એણે જ અમને કહ્યું કે શહેરમાં અમારો ઉતારો શાલિમાર હોટેલમાં રાખવામાં આવ્યો હતો. ને આ ગાડી પણ અમારે જ રાખવાની હતી. જ્યારે જ્યાં જવું હોય ત્યારે ત્યાં જવાઆવવા માટે તેનો ઉપયોગ કરવાની અમને છૂટ હતી.

ફેલુદાએ એની ટેવ પ્રમાણે અહીં આવતાં પહેલાં જ બૉમ્બે વિષે

વાંચીને પણ જાણી લીધું હતું. એ કહે છે કે કોઈ પણ સ્થળ વિષે અગાઉથી માહિતી મેળવ્યા વિના ત્યાં જઈએ તો એ સ્થળ આપણાથી અળગું જ રહી જાય. માણસના નામમાં, તેના ચહેરામાં, દેખાવમાં એની લાક્ષણિકતાઓમાં ને તેના અતીતમાં એક આગવો પરિચય હોય છે. શહેરોનું પણ એવું જ છે. બોમ્બેના ચહેરા ને ચરિત્ર તો ફેલુદાએ હજી જાણ્યાં નહોતાં, છતાં ય તેને એટલી તો ખબર હતી જ કે શાલિમાર એક વિખ્યાત હોટેલ છ અને તે કેમ્પ્સ કૉર્નર પાસે છે.

અમારી ગાડી મુખ્ય રસ્તા પર આવતાં જ ફેલુદાએ ડ્રાઈવરને કહ્યું : 'વહ, જો ટૅક્સી હૈના-એમ આર પી-થ્રી ફાઈવ થ્રી એઈટ, ઉસકે પિછે-પિછે ચલના'.

'શી વાત છે, મોશાય?' લાલમોહનબાબુએ તુરત પૂછ્યું.

'એક સામાન્ય કુતૂહલ.' ફેલુદાએ ટૂંકો જ જવાબ આપ્યો.

એક સ્કૂટર અને બે ઍમ્બેસેડરને ઓવરટેઈક કરીને અમારી ગાડી આગળ જતી એ ફિયાટ ટૅક્સીની પાછળ ગોઠવાઈ ગઈ. મેં જોયું કે એ ટૅક્સીના પાછલા કાચમાંથી અંદર બેઠેલા આદમીનું લાલ શર્ટ દેખાતું હતું.

મારી છાતી ધડકી ઊઠી. હજી સુધી કંઈ બન્યું તો નથી, છતાં ફેલુદા શા માટે પેલા માણસનો પીછો કરતા હશે? જો કે આનો અંદાજ કાઢવો એ મારી હેસિયત બહારની બાબત હતી. છતાં કંઈક સાહસ, કંઈક રહસ્યની ગંધ આવવા લાગી. લાલમોહનબાબુ હવે સમજી ગયા છે કે ફેલુદાને પૂછવાથી બધી જ બાબતોના ખુલાસા મળે જ એવું નથી. યોગ્ય સમયે આપોઆપ જ એ જણાઈ આવે. હું પણ ચૂપ જ રહ્યો.

પેલી ટૅક્સીને નજરમાં રાખીને ડ્રાઈવર બરાબર એની પાછળ ગાડી દોડાવી રહ્યો હતો. અમે પણ આસપાસ નજર ફેરવતાં આ અજાણ્યા શહેરને જોતા જતા હતા. એક બાબતે મારું ધ્યાન ખેંચાયું. હિંદી ફિલ્મોની આટલી બધી અને આટલી મોટીમોટી જાહેરાતો અગાઉ મેં ક્યાંય જોઈ નહોતી. લાલમોહનબાબુ પણ ડોક લંબાવીલંબાવીને એ જોતા હતા. પછી કહે : 'આ બધી જાહેરાતોમાં બીજાં બધાંનાં નામ તો જોયાં, પણ વાર્તાકારનું નામ ક્યાંય દેખાતું નથી. શું આ લોકો કોઈ લેખક પાસે વાર્તા નહિ લખાવતા હોય?'

'વાર્તાલેખક તરીકે જો નામની આશા રાખતા હો તો બોમ્બેમાં તમારા માટે સ્થાન નથી'. ફેલુદાએ કહ્યું : 'અહીં વાર્તા લખાતી નથી, તૈયાર થતી હોય છે, મૅન્યુફૅક્ચર થાય છે; બજારમાં જેમ બીજી વસ્તુઓ બને છે તેમ. લક્સ સાબુ કોણ બનાવે છે એ કોઈ જાણે છે? માત્ર કંપની-ના નામની ખબર પડે. રૂપિયા મળે એટલે બસ. મોં બંધ કરીને બેસી રહો. સન્માનની વાત તો ભૂલી જ જાઓ'.

'હં...!' લાલમોહનબાબુ કંઈક ગંભીર બની ગયા : 'ત્યારે માન રહી ગયું આપણા બંગાળમાં, અને અહીં બૉમ્બેમાં મની, એમ જ ને?'

'હા, એમ જ.' ફેલુદાએ કહ્યું.

ફેલુદાએ જે સ્થળને મહાલક્ષ્મી તરીકે ઓળખાવ્યું એ છોડીને અમે થોડે આગળ ગયા ત્યાં અમારી આગળની ટૅક્સી જમણી તરફના એક રસ્તા પર વળી. ડ્રાઈવરે અમને કહ્યું કે જો શાલિમાર પર જ જવું હોય તો અહીંથી હવે સીધા જવાનું છે. પણ ફેલુદાએ પેલી ટૅક્સીને અનુ-સરવા કહ્યું. જમણી બાજુ વળતાં જોયું કે થોડે દૂર પેલી ટૅક્સી ડાબી બાજુ એક ગેટમાં દાખલ થઈ રહી હતી. ફેલુદાએ અમારી ગાડી એ ગેટ બહાર જ ઊભી રખાવી. અમે ત્રણે ગાડીમાંથી નીચે ઊતર્યા ને ઊતરતાં જ લાલમોહનબાબુએ 'હૅક' કરીને એક અદ્ભુત અવાજ કર્યો.

કારણ સ્પષ્ટ હતું. ગેટની અંદરના ચોગાનમાં જે ગગનચુંબી ઈમા-રત સામે અમે ઊભા હતા એના ત્રીજા માળની ઊંચાઈએ મોટામોટા અક્ષરે અંગ્રેજીમાં લખ્યું હતું 'શિવાજી કૅસલ.'

આશ્ચર્ય! થોડી વાર સુધી હું તો અવાક્ જ બની ગયો. અંતે લાલ-મોહનબાબુ બોલ્યા : 'કમાલ છે. આ તે ટેલિપથીનો દાદો!'

ફેલુદાએ કશો ઉત્તર ન આપ્યો. એની નજર ચારે તરફ ભમી વળી. ડાબી તરફ સંખ્યાબંધ મકાનો હતાં. તેમાંનું એકેય વીસેક માળથી નીચું નહોતું. જમણી બાજુ જૂનાં નીચાં મકાનો હતાં ને એની વચ્ચે વચ્ચે ખાલી પડતી જગ્યામાંથી પાછળનો દરિયો દેખાતો હતો.

ડ્રાઈવર જરા નવાઈ પામી અમારા હાવભાવ જોઈ રહ્યો હતો. ફેલુદા એને જરા રાહ જોવાનું કહી એકદમ ગેટની અંદર દાખલ થઈને મકાન તરફ ગયા. હું અને લાલમોહનબાબુ બુદ્ધુની જેમ ઊભા રહ્યા.

ત્રણેક મિનિટમાં જ ફેલુદાએ બહાર આવી ગાડીમાં બેસતાં ડ્રાઈ-વરને હવે શાલિમાર હોટેલ પર લઈ જવા કહ્યું. ડ્રાઈવરે ગાડી સ્ટાર્ટ કરી. ફેલુદાએ સિગારેટ કાઢી અને એને પેટાવતાં કહ્યું : 'તમારું પેલું પુસ્તકનું સંપુટ મોટે ભાગે સત્તરમા માળે ગયું છે'.

તમે તો કમાલ કરી બતાવો છો, મોશાય'. લાલમોહનબાબુ બોલ્યા, 'આ બે ત્રણ મિનિટમાં આવડા મોટા મકાનનાં પેલો માણસ કેટલામે માળે ગયો છે એ પણ જાણી લીધું?'

'એ જાણવા માટે મારે કંઈ સત્તર માળ ચડવાની જરૂર નહોતી. નીચે લિફ્ટના દ્વાર પાસે રહેતા ઇન્ડિકેટર બોર્ડ પર જ નજર નાખવા-ની હતી. હું ત્યાં પહોંચ્યો ત્યારે પેલા માણસને લઈને લિફ્ટ ઉપર ચડવા લાગી હતી. છેલ્લે જે માળે તે અટકી ત્યાંનો નંબર બોર્ડ પર વંચાયો, અને એ નંબર સત્તર હતો, સમજાયું?'

લાંબો શ્વાસ છોડી લાલમોહનબાબુ બોલ્યા : 'એ તો હવે સમજ્યો જ, પણ આટલી સરળ વાત મારા માથામાં કેમ ન આવી એ સમજાતું નથી!'

(ચાલુ)

અનુસંધાન] જિનેટિક એન્જિનીઅરિંગ [પૃ. ૧૯૬થી

આવે તો ધાતુઓનો ઘણો મોટો જથ્થો પ્રાપ્ત કરી શકાય! સમુદ્રમાંથી કેટલીક ધાતુઓ પણ આ પદ્ધતિથી મેળવી શકાય.

જીનની સાથે સીધાં ચેડાં કરતા આ વિજ્ઞાન અને પદ્ધતિ સામે સમગ્ર દુનિયામાં એક વાર મોટો હોબાળો પણ મચેલો, પણ ધીરેધીરે એ શમી ગયો છે. આ માટેનું એક મુખ્ય કારણ એ અપાયું કે ધારો કે આવી રીતે કોઈ નવા જ શક્તિશાળી, નુકસાનકર્તા બૅક્ટિરીઆની ઉત્પત્તિ થઈ જાય તો સમૂળગી માનવજાત આફતમાં આવી પડે. કોઈ પાગલ વૈજ્ઞાનિક માતાના ગર્ભમાં એવા 'જીન' દાખલ કરી દે કે બાળક 'સુપરમૅન' તરીકે અવતરે. જો કે વૈજ્ઞાનિકો આ છેલ્લી શક્યતાને નકારી કાઢે છે. અને જો પૂરતી તકેદારી રાખવામાં આવે અથવા બૅક્ટિરીઆની એવી નબળી જાતો તૈયાર કરવામાં આવે કે પ્રયોગશાળાની બહાર નીકળતાં જ એ ખતમ થઈ જાય, તો પછી આ પ્રયોગોથી નુકસાન થવાનો ભય રાખવાનો અર્થ નથી.

છેલ્લે એક વાત યાદ રાખવા જેવી છે કે આજકાલ બધે ચર્ચાઈ ગએલી ડેવિડ રૉર્વિકના પુસ્તકમાં આવતી ક્લોનિંગ (cloning) કે ઝેરોક્સ-કૉપી જેવી બીબાંઢાળ અનતીય કે અમૈથુની પ્રજોત્પત્તિ કરતાં આ સંશોધનની ભૂમિકા તદ્દન ભિન્ન છે. ક્લોનિંગમાં સસ્તી ઉત્તેજના વિશેષ છે, જ્યારે જીનના આરોપણમાં તબીબી વિજ્ઞાનની પરિપક્વતા છે. ☐

સમગ્ર વિજ્ઞાનને એક નવી જ મોડ આપતી શોધ

જિનેટિક એન્જિનીઅરિંગ

—લેખક · ડૉ. સુશ્રુત પટેલ

ઈ. ૧૮૬૬માં ગ્રેગર મેન્ડેલે આનુવંશિક વિજ્ઞાનનો પાયો નાખ્યો અને એ પછી જીવવિજ્ઞાને વિરાટ ફાળ ભરી. અનેક વૈજ્ઞાનિકોના પ્રયાસને ફળરૂપે જીવવિજ્ઞાનની 'અણુ જીવવિજ્ઞાન' (Molecular biology) જેવી શાખા ખીલી અને છેલ્લે છેલ્લે 'જિનેટિક એન્જિનીઅરિંગ' કે 'પુનઃસંયોજિત ડી એન એ' (Recombinant DNA)* તરીકે ઓળખાતી સિદ્ધિએ સમગ્ર વિજ્ઞાનને એક નવો જ ઝોક આપ્યો છે.

આ ટેક્નૉલૉજીને સરળ ભાષામાં મૂકવી હોય તો કહી શકાય કે સામાન્ય સંજોગોમાં જે રસાયણ કે હૉર્મોન્સનું ઉત્પાદન કરવા કોઈ સૂક્ષ્મ જીવાણુ (બૅક્ટેરિઆ) અસમર્થ હોય, તો તેને 'આદેશ' આપીને એની પાસેથી એ પેદા કરાવી શકાય. આમ, ઝડપથી વંશવૃદ્ધિ કરતા જીવાણુની વસાહત દારૂને બદલે ઔષધો પેદા કરતી 'ફૅક્ટરી'ની ગરજ સારી રહે.

આપણાં આંતરડાંમાં જોવા મળતા એક પ્રકારના 'એશરિકીઆ કોલી' (ટૂંકમાં (E. coli) નામના બૅક્ટેરિઆ પર આવા પ્રયોગો દ્વારા સૌ પ્રથમ 'સ્ટૉમેટૉસ્ટૅટિન' (stomatostatin) ને એ પછી ઇન્સ્યુલિન જેવાં હૉર્મોન્સ મેળવવામાં સફળતા સાંપડી છે. આ રીતે મળતાં હૉર્મોન્સ રસાયણશાસ્ત્રીઓ બનાવી શકે તે કરતાં ઘણા શુદ્ધ અને વધુ જથ્થામાં મેળવી શકાય છે. દા. ત. સસ્તન પ્રાણીઓના મગજમાંથી મળતું સ્ટૉમેટૉસ્ટૅટિન હૉર્મોન કેવી રીતે આપણા શરીરમાં કામગીરી બજાવે છે તે અંગે જાણવા માટે એનો મોટો જથ્થો હોવો જોઇએ. પાંચ લાખ ઘેટાંના મગજનો અર્ક કાઢીએ ત્યારે એમાંથી માંડ પાંચ મિલિગ્રામ સ્ટૉમેટૉસ્ટૅટિન મળે. બિચારાં ઘેટાં! પણ આ તો 'મત્સ્ય ગલાગલ ન્યાય' આની સામે, આટલી જ માત્રાનું સ્ટૉમેટૉસ્ટૅટિન મેળવવા માટે બે ગૅલન 'ઈ. કોલી'નું દ્રાવણ પૂરતું થઈ રહે! આમ, આ પદ્ધતિએ નવો રાહ ચીંધ્યો એટલું જ નહિ, પ્રાણીઓના આવા કાળજાવાઢ વધ પણ અટકાવ્યા. આવી જ રીતે ડુક્કર અને ગાયની પૅનક્રિયાસ નામની ગ્રંથિમાંથી ચીલાચાલુ પદ્ધતિથી ઇન્સ્યુલિન મેળવાય છે. આ પ્રાણીજ ઇન્સ્યુલિન બહુ લાંબા સમય સુધી વાપરવામાં આવતાં કેટલાંક દર્દીઓમાં એની માઠી અસરો જોવા મળે છે, જ્યારે બૅક્ટેરિઆ દ્વારા મેળવાએલું ઇન્સ્યુલિન હૂબહૂ માણસના શરીરમાં મળતા ઇન્સ્યુલિન જેવું જ હોવાથી શરીર એ ઝટ અપનાવી લે છે, અને પરિણામે માઠી અસરોથી મુક્ત રહી શકે છે.

આનો અર્થ એ થાય કે ઉચ્ચ કક્ષાના પ્રાણીમાંથી કાઢેલા 'જનીન' કે 'જીન' (gene)ને નિમ્ન કક્ષાના જીવાણુમાં રોપી દેવામાં આવે તો એ પેલા ઉચ્ચ જનીનના આદેશો મુજબ જ વર્તશે. આ માટે કયું જનીન રોપવાનું છે તે નક્કી કરવાનું જ બાકી રહે. પછી તો એ જીવાણુની પ્રત્યેક નવી પેઢી એ જનીનના આદેશ અનુસાર જ વર્તે, અને આમ ધારેલું ઔષધ મેળવી શકાય.

આ પદ્ધતિમાં, ૧૯૭૬માં સ્થપાએલી 'જીનેનટેક' (Genentech) નામની એક કંપનીએ સારી એવી પ્રગતિ સાધી છે. વળી, આ પદ્ધતિમાં અન્ય લાભ ઉપરાંત આર્થિક રીતે પણ એટલો બધો ફાયદો છે કે એકલા અમેરિકામાં જ પાંચેક કંપનીઓ આ સિદ્ધિ માટે સંશોધનો પાછળ લખલૂટ ખર્ચ કરે છે.

પણ માખણમાંથી વાળ ખેંચવા જેટલું સરળ આ કાર્ય નથી. વર્ષોની જહેમત, અને ખાસ તો ડૉ. હરગોવિંદ ખોરાનાના સંશોધન-ફળે જિનેટિક એન્જિનીઅરિંગની ટૅકનિકને ઘડવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

આ પ્રયોગની વિગત સમજતાં પહેલાં શરીરના મૂળભૂત એકમ 'ડીએનએ' (ડીઑક્સી-રાઇબોન્યૂક્લેઇક ઍસિડ) સંબંધી ભૂતકાળની થોડીક સિદ્ધિઓ ઉપર આછી નજર કરી લઇએ. ઈ. ૧૮૬૯માં ફ્રેડરિક માઈશર (Friedrich Miescher) નામના એક સ્વીસ વૈજ્ઞાનિકે આ 'ડી એન એ'ની શોધ કરેલી. આ 'જીન' કે 'ડી એન એ' વારસાગત લક્ષણોનો સમગ્ર સંદેશ ધરાવે છે. ઈ. સ. ૧૯૫૩માં જેમ્સ વૉટસન (James Watson) અને ક્રિક (F. H. C. Crick) નામના સંશોધકોએ એનો નમૂનો બનાવ્યો, જેમાં વળ ચઢાવેલી નિસરણી જેવી એની કલ્પના કરી. એ પછી વિલ્કિન્સે ક્ષ કિરણોની મદદથી આ અણુના ઘટકોની આકૃતિઓ ઉપસાવી, જે અગાઉની કલ્પનાને મળતી આવતી હતી. ૧૯૬૨માં આ ત્રણે વૈજ્ઞાનિકોને આ માટે નૉબેલ પારિતોષિક અપાયું.

જનીન (gene) પોતે ડી એન એ નામનું રસાયણ ધરાવે છે. આપણે જાણીએ છીએ કે જનીન એ જીવંત કોષોના કેન્દ્રમાં આવેલું, આનુવંશિક ખાસિયતોનું નિયંત્રણ કરતું એકમ છે. દરેક જીવનું પોતાનું આગવું જનીન હોય છે. સંતાનોમાં જોવા મળતા વારસાગત સરખાપણા તેમ જ તફાવત પાછળ આ જનીન જ ભાગ ભજવે છે. આ જનીન એક સાંકળ અથવા સીડી આકારનું હોય છે અને આ સીડીનાં પગથિયાંની અલગ અલગ રચનાઓ તથા એનાં સંયોજનો જ એ જનીન ધરાવનાર પ્રાણીની આનુવંશિક ખાસિયતો નક્કી કરે છે.


આ ઉપરાંત, ડી એન એના જ એક ભાગ જેવા પ્લાસ્મિડ (Plasmid) નામના કણ શોધાયા તો હતા છેક ૧૯૫૦માં, પણ એનું મહત્ત્વ એ વખતે સમજાયું ન હતું. આ પ્લાસ્મિડ કણો બૅક્ટેરિઆના કોષમાંના જીવરસ (cytoplasm)માં બહુ છૂટથી તરતા હોય છે. આ કણો એક કોષમાંથી બીજા કોષમાં 'ટ્રાન્સપ્લાંટ' કરી શકાતા હોવાનું સ્ટાનફૉર્ડ યુનિવર્સિટીના ડૉ. સ્ટૅનલી કોહેન (Stanley N.Cohen) અને એમના સાથીઓએ ૧૯૭૨માં શોધી કાઢ્યું. આ કણો બીજા કોષોમાં જઈ, વિભાજિત થઇને પોતાની સંખ્યામાં વધારો કરી શકે છે.

એ પછી બીજા જ વર્ષે, સાનફ્રાન્સિસ્કોમાં કોહેનના જૂથના જ હર્બર્ટ બોયર (Herbert W. Boyer) નામના વૈજ્ઞાનિકે એક બૅક્ટેરીઆના કોષમાંથી બીજામાં જનીનનું રોપણ કરવામાં સફળતા મેળવી. જનીનને વહન કરનાર વાહક તરીકે એમણે આ પ્લાસ્મિડ કણોનો જ ઉપયોગ કર્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો પ્લાસ્મિડ કણોએ જનીનને 'લિફ્ટ' આપી!

ઈ. ૧૯૭૭ના ઑગસ્ટ મહિનાની ૧૬મી તારીખ ઐતિહાસિક બની રહી છે. સધર્ન કૅલિફોર્નિયા સિટીના હોપ નૅશનલ મેડિકલ સેન્ટરના રીગ્સ (Arthur D. Riggs) અને ઈટાકુરા (Keiichi Itakura) નામના યુવાન વૈજ્ઞાનિકોએ આ પુનઃ સંયોજિત ડીએનએ પદ્ધતિથી સૌ પ્રથમ વાર 'સ્ટૉમેટૉસ્ટૅટિન' નામનો મહત્ત્વનો, ૧૪ એમાઇનો ઍસિડ ધરાવતો હૉર્મોન બનાવવામાં સફળતા મેળવી.

આ પદ્ધતિમાં પ્રથમ તો ઈ. કોલીમાં રહેલો પ્લાસ્મિડ બહાર કાઢી લેવાય છે. બહાર કાઢેલા આ પ્લાસ્મિડમાંથી પછી અમુક ભાગ કાપી નાખીને એને સ્થાને કોઈ ઉચ્ચ પ્રાણીનો વિશિષ્ટ કામગીરી બજાવતો ડીએનએ કે જનીન જોડી દેવાય છે. આવા પ્લાસ્મિડને 'કાઇમેરા'

* DNA=Deoxyribonucleic acid.



(chimera) કહે છે. બકરાનું શરીર અને સાપની પૂછડીવાળા ગ્રીક દંતકથામાં આવતા એક વર્ણસંકર પ્રાણી પરથી આ નામ અપાયું છે; કારણ કે આ પ્લાસ્મિડ પણ એમાં જોડેલા ડીએનએથી વર્ણસંકર બન્યું છે. આવાં પ્લાસ્મિડને પછી મૂળ ઈ-કોલી (કે કોઈ પણ બૅક્ટિરીઆ)માં પુનઃ રોપિત કરી દેવાય છે. હવે આ બૅક્ટિરીઆ 'ઍન્જિનીઅર્ડ' (Engineered) બૅક્ટિરીઆ' કહેવાય છે. એના ઉપર એની અંદર રોપેલા પેલા ડીએનએની હકૂમત ચાલે છે, અને એ ડીએનએના આદેશાનુસાર એ બૅક્ટિરીઆ ઓષધ કે રસાયણ બનાવવા માંડે છે. (ઉપરની આકૃતિ જોવાથી સ્પષ્ટ થશે.)

આ પદ્ધતિ દ્વારા વૅક્સિન (રસી), માનવ પ્રોટીન તેમ જ સંખ્યાબંધ માનવ ઍન્ટિબાયોટિક્સ (human antibiotics) મેળવી શકાશે. આ વર્ષ(૧૯૮૦)ના પ્રારંભમાં અમેરિકાની બાયોજેન(Biogen) કંપનીએ આ પદ્ધતિથી 'ઈન્ટરફેરૉન' (Interferon) બનાવ્યું હોવાનો દાવો કર્યો છે. આ પ્રોટીન ઘણું અદ્ભુત છે. ૧૯૫૭માં શોધાએલું આ રસાયણ માનવ શરીરને બહારના વાઈરસ (વિષાણુ) સામે લડવાની પ્રતિકાર-શક્તિ આપે છે. શરદી, ઈન્ફ્લુએન્ઝા, હીપેટાઈટીસ જેવા ચેપી રોગો સામે તેમ જ કેટલાક પ્રકારના કૅન્સર સામે આ ઈન્ટરફેરૉન રામબાણ ઓષધ નીવડી શકે. ચીલાચાલુ પદ્ધતિથી એ મેળવવું મોંઘું પડી જાય. એક પાઉન્ડ શુદ્ધ ઈન્ટરફેરૉનના ૧૦ થી ૨૦ અબજ અમેરિકન ડૉલર થાય ! પ્રાણીઓમાંથી એ મેળવવું શક્ય નથી. મનુષ્યના લોહીમાંના શ્વેત કણોમાંથી જ એ મેળવાય છે. ૧૯૭૯ના આખા વર્ષ દરમિયાન ભેગા કરાએલા ૪૫,૦૦૦ લીટર(૯૦,૦૦૦ પાઈન્ટ) માનવ-રુધિરમાંથી મેળવાએલું ઈન્ટરફેરૉન ૪૦૦ મિલિગ્રામ (૦.૦૧૪ ઔંશ) જેટલું પણ ન હતું! અને એટલે જ 'રિકોમ્બિનેટ ડીએનએ'ની પદ્ધતિએ ઈન્ટરફેરૉન બનાવવાની માત્ર જાહેરાત થતાં જ બાયોજેન કંપનીના શેરોએ શેરબજારમાં રાતોરાત ઉછાળો માર્યો હતો !

જે બાળકની શારીરિક વૃદ્ધિ અટકી ગઈ હોય તેને બહારથી વૃદ્ધિ-હૉર્મોન (growth hormone) આપવામાં આવે છે. આ ઉપરાંત, દાઝેલા માનવીની સારવારમાં, તેમ જ વૃદ્ધત્વ રોકનાર ઓષધ તરીકે એનો ઉપયોગ થાય છે! આ હૉર્મોન આપણા મગજમાં આવેલી પિચ્યુટરી નામની ગ્રંથિમાંથી મેળવાય છે. એક દર્દીની સારવાર પાછળ આશરે ૫૦ મૃત માનવીના મગજનો ભોગ આપવો પડે છે. એટલે એકંદરે એ સારવાર ઘણી મોંઘી પડે. વૈજ્ઞાનિકો કહે છે કે નજદીકના ભવિષ્યમાં જ આવા વૃદ્ધિ હૉર્મોન્સ સૂક્ષ્મ જીવાણુ દ્વારા મેળવી શકાશે.

આવો જ એક અન્ય ઉપયોગી, પણ મોંઘો પદાર્થ છે 'યુરોકાઇનેઝ' (urokinase). આ પ્રોટીન હૃદયના હુમલા માટે કારણભૂત એવા લોહીના જમાવ કે ગઠ્ઠાને ઓગાળી નાખે છે. પણ માત્ર બાર જ કલાક પૂરતી એની રીતસરની સારવારનો ખર્ચ ૧૦,૦૦૦ ડૉલર જેટલો થાય છે, કારણ કે એના એક ગ્રામની કિંમત ૧,૭૫,૦૦૦ ડૉલર થાય છે.

જીન આમ તો આનુવંશિક સંકેતો બરાબર આપે છે, જે મુજબ આપણાં શરીરના બંધારણના ભિન્નભિન્ન કોષો, બાહ્ય દેખાવ, ઇન્દ્રિયો વગેરે આકાર લે છે, પણ કેટલીક વાર જનીન પણ ખોટો આદેશ આપી દે, ત્યારે વારસાગત રોગો કે ખોડ-ખાંપણ જોવા મળે છે. વૈજ્ઞાનિકો માને છે કે આ પદ્ધતિથી જનીનની આવી ભૂલ એને સાચો રાહ ચીંધીને સહેલાઈથી સુધારી શકાશે. જો આવું થશે તો સીકલ સેલ એનિમિયા કે ડાયાબિટીસથી માંડીને અનેક જન્મજાત રોગો તેમ જ કૅન્સર સુધ્ધાંની સારવારમાં એક ક્રાંતિ આવશે.

આ વાંચીને કોઈને થાય કે આ પદ્ધતિ માત્ર તબીબી વિજ્ઞાનને જ ઉપયોગી હશે, પણ સાવ એવું નથી. ખોરાક અને અનાજના ક્ષેત્રે પણ આ પદ્ધતિ ઉપયોગી નીવડી શકે. આપણે જાણીએ છીએ કે કઠોળ-વર્ગના કેટલાક છોડ, રજકો (alfalfa), સોયાબીન વગેરે હવામાંથી મેળવેલા નાઇટ્રોજનને ખપપૂરતાં પ્રોટીનમાં ફેરવી લે છે. આ ક્રિયાને નાઇટ્રોજન સ્થિરિકરણ (Nitrogen fixation) કહેવાય છે. આ રીતે એમને બહારના વધારાના ખાતરની જરૂર પડતી નથી. આની સામે, આપણને બહુધા ખોરાક પૂરો પાડતા ઘઉં, ચોખા અને મકાઈ જેવાં ધાન્ય-વર્ગના છોડવા આવું કરવા અસમર્થ હોય છે. હવે જો નાઇટ્રોજન સ્થિરિકરણ કરતા જનીનને ઘઉં જેવા છોડવામાં રોપી દઈએ, તો એ પણ આ વિધિ દ્વારા ખપપૂરતાં નાઇટ્રેટ અને પ્રોટીન મેળવી લેશે. અને આમ કરવાથી આવા ઉપયોગી પાકને પછી ખાતર નાખવાની જરૂર નહિ રહે !

પેટ્રોલિયમની તેમ જ બળતણની તંગી તથા વધતી જતી કિંમત સામે પણ આ પદ્ધતિ અતિ ઉપયોગી થઈ પડવાની શક્યતા વિચારી કઢાઈ છે. જેમ કે આ પદ્ધતિથી મકાઈ કે અન્ય ધાન્યની એવી જાતો વિકસાવી શકાય કે જે વધુ માત્રામાં આલ્કોહૉલ આપી શકે. આ આલ્કોહૉલને ગૅસોલિન સાથે મેળવીને ગૅસોહૉલ (gasohol) નામનું બળતણ બનાવી શકાય. અથવા તાજેતરમાં જ કરાયો છે તેમ વાહનોમાં બળતણ તરીકે આલ્કોહૉલનો જ સીધો ઉપયોગ થઈ શકે. આલ્કોહૉલના તો બીજા ય અનેક ઉપયોગો છે. વળી, આ પદ્ધતિથી સૂર્યનાં કિરણોને વધુ સારી રીતે એકત્રિત કરી શકાય, બળતણ માટે મીથેન-ગૅસ મેળવી શકાય, તેમ જ ઔદ્યોગિક કચરાનો નિકાલ પણ વધુ સારી રીતે કરી શકાય.

કેટલાક બૅક્ટિરીઆ તાંબુ, યુરેનિયમ, સોનુ અને ઍલ્યુમિનિયમ જેવી ધાતુઓને એકત્રિત કરવાની ક્ષમતા ધરાવે છે. આ પદ્ધતિથી એમની આવી શક્તિ વધારી શકાય તો નિર્ધારિત ખાણોમાં યા આવી ધાતુઓના સ્તરોમાં આવા સૂક્ષ્મ જીવાણુઓને દાખલ કરાવીને યોગ્ય સમયે કાઢવામાં

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૪)



અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

— લેખક · પ્રો. ડૉ. મધુસૂદન પારેખ —

ગુજરાતમાં અંગ્રેજી રાજ્ય-અમલની સ્થાપનાને દોઢ દાયકો વીત્યો હતો. નવી વિદ્યા ને વિજ્ઞાનના પ્રકાશમાં અંજાએલી પ્રજા બાવરુંબાવરું જોતી હતી. પશ્ચિમી સંસ્કૃતિનાં મોજાં ભારતભરમાં ઊછળી રહ્યાં હતાં. ભારતની સાંસ્કૃતિક ચેતના ચંચળ બની રહી હતી. ભારતનાં પ્રાચીન મૂલ્યો અને પશ્ચિમનાં અર્વાચીન મૂલ્યો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો હતો. ગુજરાતમાં—સુરતમાં જુવાન મહેતાજી દુર્ગારામની સુધારાની ઝુંબેશ ચાલી રહી હતી. સહજાનંદ સ્વામી સૌરાષ્ટ્ર–ગુજરાતમાં ધાર્મિક જાગૃતિ આણવાનું અને નીચલા થરની કહેવાતી કોમોને ઉન્નત કરવાની પ્રવૃત્તિ કરી રહ્યા હતા. કવિ દલપતરામ હજુ એમની કિશોરાવસ્થામાં વઢવાણમાં હડુલા રચવાની રમતો રમતા હતા, શામળની વાર્તાઓ જેવી વાર્તા રચવાની મથામણ કરતા હતા. દેશમાં સર્વત્ર મંથન-મંથન ચાલી રહ્યું હતું.

નર્મદના પિતા

એ મંથનકાળમાં, ઈ. ૧૮૩૩ના ઑગસ્ટની ૨૪મી તારીખે સુરતમાં નર્મદનો જન્મ થયો. એના પિતા લાલશંકર દવે લહિયાનું કામ કરતા. 'લખ લખ લખ એ જ એનો ઉદ્યોગ'. નર્મદની માતા નવદુર્ગા અથવા નાની—સાસરીનું નામ 'રુક્મણી વહુ'. પિતા વ્યવસાયને કારણે મુંબાઈ રહેતા હતા. નર્મદે એમની પુત્રવત્સલતાનું સુયોગ્ય વર્ણન કર્યું છે: 'મારા ઉપર એનો પ્રેમ અતીસે–મને જ દેખતા–મારી મરજી ઉપરાંત કામ કરતા નહિ. મારાં લખાણની નકલ કરી આપતા ને હું પણ નિબંધ અથવા કવિતા લખીને પ્રથમ એની આગળ વાંચતો ને જંહાં હદથી જ્યાદે ફાટયો હોઉં તાંહાં ફેરફાર કરવાની સલાહ આપતા—ને તેમ હું કરતો. મારી ઉમરમાં એણે એક પ્રસંગ સિવાયે કોઈ વખત ઝાંસો સરખો પણ કીધો નથી. બેઠી બાંધણીનો બાંધ કરયા કીધો છ—રે મને દુઃખ થાય માટે પોતે બીજી વાર પરણ્યા નહિ. મારી ભૂલ, મારું સાહસ એણે સાંખ્યા કીધું છે ને મારા ઉદ્યોગમાં મને હંમેશ ઉત્તેજન અને સાબતા આપ્યાં કીધાં છ.' ('મારી હકીકત', પ્રથમ આવૃત્તિ, ઈ. ૧૮૩૪, પૃ. ૧૮.)

નર્મદના પિતા એના માર્ગદર્શક અને મિત્ર હતા. મુંબાઈની 'બુદ્ધિવર્ધક સભા'માં જુવાન નર્મદ એનો નિબંધ વાંચે ત્યારે પિતા લાલશંકર ત્યાં ખુરશી નાખીને બેસે. જુવાનોને ઉત્સાહ આપવા પોતે પણ પોતાનો નિબંધ વાંચે. 'બુદ્ધિપ્રકાશ'માં દલપતરામના પિંગળ સંબંધી લેખો જોતાં નર્મદને એમાં કાંઈ દમ ન દેખાય ત્યારે પિતા તેની શક્તિને પડકારે, પ્રેરે: 'હું તો તારી હોંશિયારી ક્યારે જાણું કે પિંગળ બનાવે તારે' (એજન, પૃ. ૫.) નર્મદ એવો પ્રયત્ન કરી દેખાડે તો તેને ઉમળકાથી વધાવી લે. નર્મદની માતા મરણ પામી અને પોતે પણ ઘરભંગ થયો ત્યારે પિતાને પણ એ મિત્રની જેમ સલાહ આપી શકે છે: 'તમારી સ્ત્રી મરી ગઈ છ, મારી સ્ત્રી મરી ગઈ છ માટે હવે આપણે માયામાં શું કરવા રહેવું જોઇએ. માટે ચાલો કોઈ ગામડામાં જઇને કોઈ સરોવર અથવા નદીકાંઠે રહીયે અને થોડાક ઉદ્યોગથી આપણે નિર્વાહ કરી સંતોષથી વિદ્યાભ્યાસ કરી આનંદમાં રહીયે.' (એજન, પૃ. ૪૧.)

નર્મદ યુવા પૂર્વે

નર્મદે પ્રાથમિક શિક્ષણ મુંબાઈમાં લીધેલું, પણ પછી તેને સુરત આવવાનું થયું. એટલે દુર્ગારામ મહેતાજીની નિશાળમાં તેનું ભણતર શરૂ થયું. એનું આરંભનું શિક્ષણ સુરત, મુંબાઈ બંને સ્થળે ચાલ્યા કર્યું.

બચપણમાં નર્મદની પ્રકૃતિ શરમાળ, વહેમી અને ભીરુ હતી. એના જ શબ્દોમાં કહીએ તો: 'ન્હાનપણમાં મારી તબિયત ધિંગામસ્તીવાળી તોફાની નહિ, પણ ઠાવકી. તો પણ મરજી મુજબ ન થયેથી મોંઢો થઈ ખુણામાં ભરાઈ ધીમેધીમે રડયા કરું તેવી ખરી—ચહીડીને હાથપગ અફાળું તેવી નહીં. હું માબાપ સિવાય કોઇને દેખું કે શરમાઈ ખુણામાં અથવા માની સ્હોડમાં ભરાઈ જતો; બ્હિકણ પણ હતો.' (એજન, પૃ. ૨૩.)

પોતાના વહેમીપણાના પ્રસંગ વર્ણવતાં તે લખે છે: 'હું એટલો વહેમી હતો કે ક્લાસમાં જો કોઈ છોકરાનું થુંક ઉડયું એવી જો મને ભ્રાંતિ પડતી તો મારા હોઠને લોહી નિકળે તેટલે લગી અંગરખાની ચાળ વતી ઘસી નાખતો. નિશાળે જતાં કાળકાદેવીનાં દર્શન કરતો ને એટલું માગતો કે 'હું ઘણો અપરાધી છઉં, ક્ષમા કરજે ને મા મ્હારું સારું કરજે' ને ગાલે તમાચા મારતો.' (એજન, પૃ. ૨૯.)

નર્મદને ભૂતપ્રેતનો પણ ભારે ડર લાગતો હતો. તેને બિહામણાં સ્વપ્નાં પણ બહુ આવતાં. કેટલાંક સ્વપ્નાં તેણે યાદ રાખીને નોંધી પણ રાખ્યાં હતાં. સત્તર વર્ષ સુધી તેની પ્રકૃતિ ભીરુ અને વહેમી રહે છે. અઢારમા વરસથી તે સાવધ થાય છે: '૧૮મે વરસે એક રાતે મને એવો વિચાર આવ્યો કે જે કાળે જે બ્હાને જે ઠેકાણે મોત થવાનું હશે તે કંઈ થયા વિના રહેવાનું નથી. તે દાહાડેથી ભુતની ને ચોરની બ્હીક જવા માંડી...' (એજન, પૃ. ૨૪.)

હાઈસ્કૂલમાં નર્મદને અંગ્રેજી ભાષાની ચોપડીઓમાં જે આનંદ મળતો તેવો જ આનંદ બીજગણિતનાં સમીકરણો છોડવામાં ને ભૂમિતિના સિદ્ધાંતોમાં પણ થતો. નર્મદમાં જે 'યાદશક્તિ' આવી તેનાં કારણોમાં તે બીજગણિત અને ભૂમિતિના અભ્યાસને ગણાવે છે. અંગ્રેજીમાં તેણે કોઈ કવિતાનો સુંદર મુખપાઠ કરીને ગવર્નરની પણ શાબાસી મેળવી હતી. ટેલરનો પ્રાચીન ઇતિહાસ વાંચતાં પણ તેને ખૂબ આનંદ થતો.

નર્મદનો મંથનકાળ

મુંબઈની કૉલેજમાં દાખલ થયા પછી નર્મદના જીવનનો મંથનકાળ શરૂ થાય છે. લખતાં, બોલતાં ને યાદ કરતાં શીખવા સારું અને લોકોમાં સુધારાની વાતોનો પ્રસાર કરવા માટે તે કેટલાક મિત્રોની સાથે 'બુદ્ધિવર્ધક સભા'ની સ્થાપના કરે છે અને એ સભામાં 'મંડળી મળવાથી થતા લાભ' વિષે ભાષણ પણ ફટકારે છે! આ જ અરસામાં (ઈ. ૧૮૫૦) એની જુવાનીનો જોસ્સો બહાર પડવા માંડે છે. શામળ ભટ્ટની શૃંગારભરી કથાઓ તેના ચિત્તને આકર્ષે છે, પારકી સ્ત્રીઓની કથની તેને છાનામાના સાંભળવાની લાલચ થાય છે. સ્ત્રીઓ પ્રત્યે આકર્ષણ જાગવા માંડે છે. એનું ઈશ્કીપણું, લાલાઈ ઊછળવા લાગે છે. નર્મદની કેટલીક અશ્લીલતા-


ભરી કવિતાનાં મૂળ એના આવા જોસ્સામાં છે. એવામાં એની માતાનું અવસાન થાય છે. નર્મદ એ સમયની એની મનઃસ્થિતિ વર્ણવતાં લખે છે : 'મ્હારી મા મરી ગઈ એથી અને એ વખતે દિલાસો દેનાર મ્હારા બાપ મારી પાસે નહીં એથી હું હોલેદિલ બની રહ્યો.' (એજન, પૃ. ૩૨.)

નર્મદના આવા ચિત્તચાંચલ્યના દિવસોમાં સૂરતથી સસરાનો કાગળ આવે છે—વહુ મોટી થઈ હોવાથી નર્મદને સૂરતમાં ઘર માંડવાની સૂચના છે. નર્મદને પણ સ્ત્રીને મળવાનો સારીપેઠે જોસ્સો થઈ આવેલો અને કૉલેજમાં અભ્યાસમાં મન પરોવાયેલું જ નહિ તથા નપાસ થવાની પૂરી ખાતરી એટલે એણે સૂરતમાં જ નોકરી લેવાનું નક્કી કર્યું. ઈ. ૧૮૫૧માં તે સૂરત આવ્યો. થોડા સમયમાં તેને રાંદેરમાં મહેતાજીગીરી મળી ગઈ. સારી મહેતાજીગીરી માટે શિક્ષણાધિકારી ગ્રેહામનું પ્રમાણપત્ર પણ મેળવ્યું. રાંદેરથી તે વળી સૂરતની નિશાળમાં આવ્યો. પણ નિશાળના કામમાં તેને કંટાળો આવવા માંડયો ને શહેરમાં મહેતાજીની આબરૂ થોડી તે તેને ખૂબ ખટકવા લાગ્યું. નસીબજોગે તેની પત્નીનું અવસાન થયું. એ સૂરતની જંજાળોથી અકળાયો. તેનો જોસ્સો 'ચલચલ મુંબઇ' એમ ઉશ્કેરવા માંડયો, અને વળી એ મુંબાઈ આવ્યો. ઈ. ૧૮૫૧થી ૧૮૫૪નાં ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન પોતાની મનોદશાનું ચિત્ર આપતાં નર્મદ લખે છે : 'હું ભાંગ પીતો, પાક ખાતો (બીજી જાતનો કંઈ પણ કેફ કરતો નહીં) અને બૈરાંઓમાં મ્હાલતો. એકાંતમાં હું નામ મેળવવાના (પૈસા મેળવવાના નહીં) અને પ્રેમસંબંધી વિચારો કરતો. સુધારાના અને તેને અમલમાં આણવાના વિચારો પછી ખાનગી કે જાહેર તે વખતે બિલકુલ ન્હોતા. જાતિભેદ, પુનર્વિવાહ, મૂર્તિપૂજા, અભક્ષ્યાભક્ષ્ય, વગેરેના સુધારા સંબંધી વિચારોનું મને સપનું પણ નહીં હતું. ઉદ્યોગ કરવો, સંપ રાખવો, ભાષણ કરવાં, નિબંધો વાંચવા, ગ્રંથો લખવા અને દેશનું ભલું કરવું એટલું જ હું સુધારા સંબંધી જાણતો.' (એજન, પૃ. ૩૯.) એ સમય દરમિયાન સૂરતમાં તેણે દલપતરામનું હુન્નરખાનની ચડાઇ' વિષે ભાષણ દૂરથી સાંભળેલું, દલપતરામને જોવામળવાની ઇચ્છા તેને થએલી નહિ.

મુંબાઈ આવ્યા પછી પણ તેનું મન વિહ્વળ અને વિષાદયુક્ત જ રહ્યું. એક તરફ વિદ્વાન થવા માટેના ઉછાળા, બીજી તરફ સૂરતમાં આચરેલી અનીતિઓના પશ્ચાત્તાપ, વૈરાગના તરંગો—આ બધામાં નર્મદ વહોવાતો હતો. નર્મદના જ શબ્દોમાં એની એ સમયની માનસિક સ્થિતિ વર્ણવીએ તો : '૧૮૫૫માં પણ મનનો ગભરાટ ઓછો ન્હોતો. ધુંધવાતો ને ધુંધવાતો રહેતો. હું ગપ્પાં મારયાં કરતો, વિલાત જવાના તડાકા મારતો, બીજા લેસન કરતા ત્યારે હું મારા પોતાના જ વિચાર કરયા કરતો, પ્રોફેસરોનાં લેક્ચર પણ મન દઈ સાંભળતો નહીં.' (એજન, પૃ. ૫૨). નર્મદના મિત્રો એનું આ મનમોજી વર્તન જોઈને તેને 'લાલાજી' કહીને બોલાવતા.

કાવ્યરચનાની પ્રેરણા

નર્મદે ચંચળ મનને સ્થિર કરવા માટે ઠીક ઉધામા કર્યા. દરમિયાન ધીરા ભગતનાં પદ તેના વાંચવામાં આવ્યાં. એ પદના વિચાર એની 'વૈરાગવૃત્તિ'ને મળતા આવતા જોઈ એને પણ પદ રચવાની પ્રેરણા થઈ અને 'પરબ્રહ્મ જગકર્ત્તા રે સ્મરોના ભાઇ હરઘડી' એ પદ બનાવ્યું. એને એમાં રસ પડયો. એને થયું કે 'ભણવું, કમાવવું, માન મેળવવું, બૈરી કરવી એ સહુ આનંદને માટે છે ને મને જારે પદો બનાવવાથી આનંદ થાય છે તારે હું તો એ જ કામ કરીશ ને શેર જુવાર તો મળી રહેશે.' (એજન, પૃ. ૪૩) આમ ઈ. ૧૮૫૫થી નર્મદની કવિતા-પ્રવૃત્તિ આરંભાઈ. એ પછી તુરત સૂરતમાં તેણે ડાહીગવરી સાથે લગ્ન કર્યાં એ પહેલાં ઈ. ૧૮૫૪માં તેણે બુદ્ધિવર્ધક સભામાં શામળ-દલપતના અનુકરણરૂપે 'ઇતિહાસ વાંચવાના ફાયદા' અને 'કેફ કરવાના ગેરફાયદા'



સૂરત આમલીરાન (હવે નર્મદ ચકલા)માં આવેલું
કવિ નર્મદાશંકરનું મકાન - સરસ્વતીમંદિર

વિશે કવિતા વાંચી હતી. એ વખતે મુંબાઈમાં કવિતા શબ્દ નહોતો ને દલપતરામ પણ ત્યાં લગભગ અજાણ્યા હતા.

કવિતા રચવાનો મનોરથ નર્મદના મનમાં ઉદય પામ્યો કે તરત તેણે પિંગળ માટે પ્રયત્ન આરંભી દીધો. કવિતા બનાવવાના શાસ્ત્રને પિંગળ કહેવાય એની પણ તેને ખબર નહિ! ગુજરાતીમાં તો પિંગળનું પુસ્તક હતું જ નહિ. ભારે પ્રયત્ન અને પરિશ્રમ પછી એક કડિયા પાસેથી નર્મદને 'છંદ રત્નાવળી' પુસ્તક મળ્યું. દલપતરામના પિંગળ વિશેના લેખો એ સમયમાં (૧૮૫૫–૫૬) 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થતા હતા. અને છંદની રીતિ એ પદ્યમાં રજૂ કરતા હતા. નર્મદે પણ 'લલગૂ સમજી સગણ ને જગણે જાણ લગૂલ' એવો કૂંડળિયો રચ્યો ને પિતા લાલશંકરની શાબાશી મેળવી. ઈ. ૧૮૫૭માં તો લાલશંકરના હસ્તાક્ષરમાં લખાએલો 'પિંગળપ્રવેશ' શિલાછાપમાં નર્મદે પ્રગટ પણ કરી દીધો. નર્મદના પુરુષાર્થનો એ નિદર્શક બની રહ્યો. અલંકાર અને રસપ્રવેશનો પણ તેણે અભ્યાસ આ અરસામાં પૂરો કર્યો.

ઈ. ૧૮૫૮માં નર્મદ બુદ્ધિવર્ધક સભાનો સેક્રેટરી અને અધિપતિ થયો અને 'બુદ્ધિવર્ધક ગ્રંથ'માં તેણે ભણેલી પુત્રીના હર્ષ વિશેનો બોંતેર ચરણનો ગરબો છાપ્યો. નર્મદનું મન કવિતામાં સજ્જડ લાગ્યું એટલે મુંબાઈમાં નિશાળની 'સાડાદસથી તે પાંચ લગી કાહુકાહુ થાય' એવી નોકરી તેણે છોડી દીધી–પિતાને પૂછ્યા વિના જ. અને ઘેર આવી કલમના સામું જોઈ આંખમાં ઝળઝળિયાં સાથે અરજ કરી કે 'હવે હું તારે ખોળે છઉં.' (એજન, પૃ. ૫૪)

દલપતરામ ઈ. ૧૮૫૯માં આંખનું ઓસડ કરાવવા મુંબાઈ આવ્યા તે દરમિયાન કવિ તરીકે નર્મદનું નામ મિત્રમંડળમાં તેમ જ આસપાસના વિસ્તારમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યું હતું. કેટલાક મિત્રોએ દલપતરામના કાવ્યગાનનો કાર્યક્રમ ગોઠવ્યો અને નર્મદને પણ તેમાં તેની ઇચ્છા વિરુદ્ધ ઘસડયો. એથી કાવ્યસ્પર્ધામાં નર્મદની કવિતાને નવા જ સાજનોએ નવાજી, દલપતરામની કવિતા ઝાંખી પડી. બંને કવિ વચ્ચે નાહક મનદુઃખમાં આ કાર્યક્રમ એક નિમિત્ત બની ગયો. અલબત્ત, આ સ્પર્ધા

અને દલપત–નર્મદની કવિતામાં મુંબઈમાં સ્થળેસ્થળે વાચન થવાથી મુંબાઈની પ્રજામાં કવિતા વિશે ઉત્સાહ પ્રવર્તવા માંડ્યો–તેમાં પારસી-પ્રજાનો ઉત્સાહ તો ઊભરાઈ–છલકાઈ જવા લાગ્યો.

નર્મદે કાવ્યપ્રવૃત્તિ ઈ. ૧૮૫૫માં શરૂ કરી અને ૧૮૫૮માં તો તેણે 'નર્મકવિતા'ના બે ખંડ પ્રસિદ્ધ પણ કરી દીધા; અને એની કવિતામાંના શબ્દો નિશાળમાં ભણતા છોકરાઓને કઠણ લાગવા માંડ્યા એ ઉપરથી તેણે અઘરા શબ્દોના અર્થો વર્ણાનુક્રમે લખીને 'વાકેબ્યુલરી' કરવાનો વિચાર કીધો. એમાંથી 'જુસ્સો થયો કે એક મોટો કોશ જ કરવો.' (એજન, પૃ. ૭૩)

અને નર્મદના મનમા સંકલ્પ ઊગે કે તરત એ ઉત્સાહથી મચી પડતો. કોઈ સંસ્થા માટે પણ દુષ્કર ગણાય તેવું કોશ રચવાનું અતિ પરિશ્રમ માગી લે તેવું કાર્ય નર્મદે એકલે હાથે કર્યું. એના ત્રણ ભાગ ક્રમેક્રમે ઈ. ૧૮૬૧માં, ૧૮૬૨માં અને ૧૮૬૪માં પ્રગટ થયા. નર્મદને આ પ્રવૃત્તિમાં ભારે નાણાંભીડ વેઠવી પડી. ઈ. ૧૮૬૩માં ચોથો ભાગ છપાયો પણ તે તેણે બહાર ન કાઢ્યો કેમ કે મૂળ ગ્રાહકોમાંના ઘણાખરા તે વખતે તૂટી ગયા હતા. કોઈ પણ પ્રકારનો કોઈનો આશ્રય નહિ, સંસારની વિટંબણાઓ અથાગ; નર્મદ પણ બે વર્ષ પૂરતો તો મૂંઝાઈ ગયો. પણ એનું આંતરિક ખમીર જ એવું કે ફરી એ નિરાશાને ખંખેરી પ્રવૃત્ત થયો અને ૧૮૬૮ના અંત સુધીમાં તો એણે ગ્રન્થ સમાપ્ત કરી દીધો. અને તે ગુજરાત દેશને અર્પણ કર્યો.

કલમને આશ્રયે જીવનનિર્વાહનો સંકલ્પ કરનારા નર્મદને આર્થિક વિટંબણાઓ અતિશય વેઠવી પડી હતી. એને માથે પાર વિનાનું કરજ હતું. અને કોઈક વાર તો ખાવાનાં ય સાંસાં પડતાં હતાં : એક દિવસ રસોડું ઠંડુંગાર જોઈને કવિ એના કારકુન–રસોઈઆને પૂછે છે : 'નરભેરામ, આજે આમ કેમ?' એટલે કારકુન સઘળી હકીકત સજળ નેત્રે સમજાવે છે. કવિ લગારે ક્ષોભ પામ્યા વિના શાંતિથી કહે છે, 'ઓહો એમ છે? તો એમાં આટલો બધો ગભરાય છે શું? એ પણ એક રંગ છે!' (વીર નર્મદ,' આવૃત્તિ ૧૯૪૬ લેખક: વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, પૃ. ૩૫) સિલકમાં એક માત્ર પાવલી છે. એ પાવલીમાંથી તે દૂધપૌંઆનો ઉત્સવ કરે છે। નર્મદે જુવાનીમાં જ જીવનના ઘણા રંગ જોયા તેમાં આ આર્થિક આપત્તિનો ઘેરો રંગ પણ ખરો!

'નર્મકવિતા'નો ગ્રન્થ નર્મદે એક શ્રીમંત કરસનદાસ માધવદાસને અર્પણ કરવાનો નિર્ણય કર્યો હતો. તેમણે ઘણી વાર નર્મદની આર્થિક ભીડ ભાગી હતી. એમના તરફથી ગ્રન્થની છપાઇ જેટલું ખર્ચ તો મળશે જ એવી નર્મદની ખાત્રી હતી. પણ અચાનક શેર સટ્ટામાં કરસનદાસ ભાંગ્યા. ગ્રન્થનો ખર્ચ આપે તેવો બીજો કોઈ આશ્રયદાતા શોધવાની કેટલાક વ્યવહારકુશળ મિત્રોએ સલાહ આપી. નર્મદે એ સલાહ અવગણીને ગ્રન્થાર્પણ કરસનદાસને જ કર્યું. નર્મદના જીવનમાં કસોટીના આવા ઘણા પ્રસંગો આવ્યા હતા. નર્મદ સતત એવા પ્રસંગો સામે ટક્કર ઝીલતો જ રહ્યો છે. હાર કે જીત એ પ્રશ્ન જ નથી. સતત ઝૂઝવું એ જ જાણે એનું જીવનનિર્માણ છે.

આખરી અવસ્થામાં નર્મદને પોતાની ટેક મેલીને નોકરી કરવાનો પ્રસંગ પણ આવ્યો. એ વેળાએ કવિની વેદના અને હતાશાનું ચિત્ર વિવેચક વિશ્વનાથ મગનલાલ ભટ્ટે 'વીર નર્મદ'માં ઉતાર્યું છે. મિત્રોની મંડળીમાં બેઠેલા કવિ એ મિત્રોને ઉદ્દેશીને બોલે છે : ચોવીસ વરસ સુધી પાળ્યા પછી પણ આખરે ટેક મૂકવાનો વખત આવ્યો! હું તમને સૌને કહેતો હતો કે ભાઈ, કવિરાજ કહેવું રહેવા દ્યો. પણ તમે ન માન્યું ને જુઓ હવે કવિદાસ કહેવરાવવાનો વારો આવ્યો. (પૃ. ૩૭) ને પારાવાર નિરાશાથી ઘેરાએલા કવિ નોકરી કરવા જતાં આત્મતિરસ્કારથી બોલી ઊઠે છે : 'આ જુઓ અમે દાસપણું કરવાને ચાલ્યા!' (એજન, પૃ. ૩૮) (ચાલુ)

શિવ વર્મા (અનુસંધાન પૃષ્ઠ ૧૯૦થી ચાલુ) સંપાદનકાર્ય જારી રાખેલું. ૧૯૫૨માં દિલ્હીમાં અજય ઘોષના માસિક પત્ર 'ન્યૂ એજ'ના સંપાદન વિભાગમાં જોડાયા. ૧૯૫૩ થી '૫૮ 'નયા પથ' માસિક પત્રના સંપાદન દ્વારા સાહિત્યક્ષેત્રમાં એક નવો પ્રભાવ પ્રકટાવ્યો. ૧૯૬૧માં પાર્ટીના બંધ પડેલા એક પત્ર 'જનયુગ'ને ૧૯૬૨ની સામાન્ય ચૂંટણી દરમિયાન ફરી લોકપ્રિય બનાવી દીધું. ચીનના આક્રમણ વખતે 'હિંદ સંરક્ષણ ધારા' હેઠળ ફરી એમને ૧૭ મહિના લખનઉની જેલમાં રહેવું પડયું. આ કારાવાસ દરમિયાન એમણે 'તાલા જંગલા ઓર દિવારે' તથા 'સંસ્મૃતિયા' એ બે પુસ્તકો લખ્યાં. ૧૯૬૪ની ૨૪ જૂને છૂટીને બહાર આવ્યા પછી ડાંગે-પંથીઓનો સંઘર્ષ થતાં પાર્ટીમાંથી એમને રુખસદ અપાઈ. ફરી ૧૯૬૪ની ૩૦ ડિસેમ્બરે દિલ્હીના 'લોકલહર' પત્રના કાર્યાલયમાંથી કૉમ્યુનિસ્ટ તરીકે એમની ધરપકડ થઈ.

આ ધરપકડ પછી એક મિત્રે શિવ વર્માને વ્યંગમાં લખેલું કે, 'જે આઝાદી માટે તમે તમારી જવાની ખપાવી દીધી...આનાથી તો અંગ્રેજ રાજ સારું હતું' ત્યારે શિવ વર્માએ તેને જવાબ આપતાં લખેલું—

'લજ્જતે મૈં તુઝસે ક્યા કહું કમબખ્ત, કિ તૂને પી હી નહીં.'

હું આઝાદી માટે લડયો છું, આઝાદી અને ગુલામી વચ્ચેનું અંતર મેં અનુભવ્યું છે. આઝાદી ગુલાબના છોડ જેવી હોય છે, તેમાં ફૂલો પણ હોય અને કાંટા પણ હોય. ફૂલોનો આનંદ લેવામાં કાંટા વાગી પણ જાય, પણ તેથી કોઈ છોડ ઊખેડી નાખે નહિ. આ જેલવાસ એ કાંટા વાગવાની ક્ષણિક વેદના માત્ર છે, પોતાના જ મિત્રોની આ ભેટ છે. શું આટલા જ કારણે જિંદગીભર કરેલા કાર્ય પર પાણી ફેરવી દઉં? અને ફરી એ જ ગુલામીની બેડીઓની વાત વિચારવા લાગું? ...અને હું તો પાકો આશાવાદી છું. ઈફ વાત વિન્ટર કમ્સ, સ્પ્રિંગ કૅન બી ફાર બીહાઈન્ડ.

યહી આશ અટક્યો રહે અલિ ગુલાબ કે શૂલ
આઈ હૈ ફેરી બસન્ત ઋતુ ઈન ડારનકે ફૂલ.'

દેશના ઉજ્જ્વલ ભાવિમાં આજે પણ એમને એટલો જ વિશ્વાસ છે, અને એ માટે એ પોતાની રીતે પ્રયત્નશીલ છે. અપરિણિત હોઈ દત્તક પુત્રી રેણુકાની સાથે તેઓ કાનપુરમાં રહે છે. 'આગળ ધપતા રહેવું એ જ જીવન છે, અને થાકીને બેસી જવું તે મૃત્યુ.' આ એમના શબ્દો છે અને અંતિમ શ્વાસ સુધી જીવતા રહેવામાં તેઓ માને છે. પદ્મભૂષણ બનારસીદાસ ચતુર્વેદીએ યથાર્થ કહ્યું છે કે, 'માનવ દ્વારા માનવનું શોષણ બંધ કરાવવામાં ઘણો સમય લાગશે, પણ ગમે તેટલો સમય કેમ ન લાગે? શિવ વર્માનું જીવન એ ધ્યેય માટે સમર્પિત છે. તેઓ એક જવાંમર્દ સિપાહી છે, અને પ્રતિભાશાળી સાહિત્યકાર પણ.' □

સીડનીમાં આગમન

લેખક • પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

સવારે હું વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયાના મુખ્ય શહેર પર્થમાં હતો અને અત્યારે સાંજે આવ્યો હતો પૂર્વ ઑસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેઈલ્સ રાજ્યમાં. ઑસ્ટ્રેલિયાનું આ જૂનામાં જૂનું રાજ્ય છે. સીડની એનું મુખ્ય શહેર છે. ઑસ્ટ્રેલિયાનું એ મોટામાં મોટું શહેર અને મોટામાં મોટું બંદર પણ છે. બીજાં રાજ્યોની સરખામણીમાં આ રાજ્યનો વિકાસ વહેલો અને વધુ થયો છે એટલે વસ્તી-સંખ્યાની દૃષ્ટિએ પણ તે અગ્રેસર છે. આ રાજ્યમાં કોલસાની મોટી ખાણો છે એથી અહીં લોખંડના ઉદ્યોગોનો ઝડપી વિકાસ થયો છે અને રાજ્યના આર્થિક વિકાસમાં તેનો ઘણો મોટો ફાળો છે.


ત્રણ લાખ ચોરસ માઈલમાં વિસ્તૃત આ ન્યૂ સાઉથ વેઈલ્સ રાજ્યમાં સાત હજાર માઈલ લાંબો સમુદ્રકિનારો છે. ઑસ્ટ્રેલિયાની મોટામાં મોટી નદી મરે આ રાજ્યમાં વહે છે. વરસાદ પણ સારો—સરેરાશ પચાસ ઈંચ જેટલો પડતો હોઈ ઘઉં, ચોખા, મકાઈ, બટાટા વગેરેની સારી પેદાશ થાય છે અને ઊન, ઘઉં ને કોલસા તો અહીંથી પરદેશ પણ જાય છે.


સીડની


સીડની ઑસ્ટ્રેલિયાનું જૂનામાં જૂનું અને સુંદરતમ શહેર. છેલ્લી, જાન્યુઆરી ૧૯૭૭ની ગણતરી પ્રમાણે ૩૦,૨૧,૨૯૯ જેટલી તેની વસ્તી છે. ઈ. સ. ૧૭૮૮માં દેશનિકાલ ગુનેગારોની વસાહત તરીકે એ વસ્યું. બ્રિટનનો કૅપ્ટન આર્થર ફિલિપ ૭૦૦ ગુનેગારોને વહાણમાં ભરીને અહીં લઈ આવ્યો હતો. વસવાટ માટે ઘણી સુંદર હોવાની દૃષ્ટિએ નહિ, પરંતુ ગુનેગારોને સમાલીને રાખવાની અનુકૂળતાની દૃષ્ટિએ આ સ્થળની પસંદગી થઈ હતી. દરિયાના વળાંકો અને ચારે બાજુની ટેકરીઓમાંથી ગુનેગારો સરળતાથી નાસી જઈ શકે તેમ નહોતું અને આસપાસ દૂરદૂર સુધી નજર રાખી શકાય એવી આ જગ્યા હતી. તંબૂઓ ખોડીને અને જાતે ઝૂપડાં બાંધીને ગુનેગારોએ અહીં વસવાટનો આરંભ કર્યો, અને આ સ્થાનને નામ આપ્યું 'સીડની કોવ' (Sydney cove). એ વખતે તો એ નાનકડું અને ગંદું ગામડું હતું. કાળાનુક્રમે તેનો વિકાસ થતો જઈ આજે એ સીડની કોવ 'સીડની'ના નામે દક્ષિણ ગોળાર્ધના સૌ મોટા શહેર તરીકે જગવિખ્યાત થઈ ગયું છે. તે સુંદર પણ એટલું જ છે. ટેકરીઓ અને વચ્ચેવચ્ચે સમુદ્રનાં નીલરંગી પાણી, એમાં ફરતી હોડીઓ અને સ્ટીમરો. ટેકરીઓ ઉપરથી, વિમાનમાંથી કે સમુદ્રમાંથી, ગમે ત્યાંથી જોતાં એની રમ્યતા અનોખી જ લાગે.

દુનિયાનાં અન્ય મોટાં શહેરોની જેમ સીડનીમાં ઊંચાં બહુમાળી મકાનો તો છે, જ પણ મોટાં બજારો ને કચેરીઓ માટે. વસવાટ માટે તો નાનાંનાનાં સ્વતંત્ર ઘરોની પસંદગી ખાસ ધ્યાન ખેંચે છે. લાલ રંગનાં છાપરાં એ એમની એક મુખ્ય લાક્ષણિકતા છે. ઘરની આગળ બગીચો અને પાછળ તરવા માટે નાનકડો હોજ, એક બાજુ મોટરગાડી અને બીજી બાજુ, જો હોય તો, બોટ રાખવાની જગ્યા એ એની બીજી આગવી લાક્ષણિકતા છે. સ્વાભાવિક રીતે જ આવાં સ્વતંત્ર આવાસો માટે ખાસ્સી જગ્યા પણ જોઈએ જ, એટલે ચાર હજાર ચોરસ કિલોમિટરના વિસ્તારમાં સીડની પથરાએલું છે. શહેરના પૂર્વ કિનારે પૅસિફિક મહાસાગર લહેરાય છે અને પશ્ચિમમાં બ્લ્યૂ માઉન્ટન. ઉત્તર બાજુએ હૉક્સબરી અને દક્ષિણે પોર્ટ હેકિંગ નદી વહે છે. ઈ. ૧૭૭૦ના એપ્રિલમાં કૅપ્ટન જેમ્સ કુક ઑસ્ટ્રેલિયાના આ પૂર્વ કિનારે આવી ચઢેલો. પોતે જેટલો વિસ્તાર કબજે કર્યો એનું નામ એણે 'ન્યૂ સાઉથ વેઈલ્સ' રાખ્યું. પોતાના વહાણ 'એન્ડેવર'માં તે 'બોટની બે' સુધી પહોંચ્યો હતો. આજે જે સીડની

▽ ન્યૂ સાઉથ વેઈલ્સ એ ઑસ્ટ્રેલિયાના અગ્નિ કોણે આવેલું તેનું જૂનામાં જૂનું અને સમૃદ્ધ રાજ્ય છે. એની પૂર્વે પૅસિફિક મહાસાગર, ઉત્તરે ક્વીન્સલૅન્ડ, પશ્ચિમે સાઉથ ઑસ્ટ્રેલિયા અને દક્ષિણે 'મરી' (મરે કે મુરે નહિ) નદીથી અંકાતી સીમા પ્રમાણે વિક્ટોરિયા રાજ્ય છે. ઈ. ૧૭૮૮માં અહીં પહેલવહેલી બ્રિટિશ વસાહત સ્થપાઈ અને ઉત્તરોત્તર તેની પ્રગતિ થઈ આજનું આ રાજ્યનું પાટનગર સીડની વિકાસ પામ્યું. જમણી બાજુના નકશામાં એ સીડની શહેરનો વિસ્તાર બતાવ્યો છે. નકશામાં કાળો ભાગ એ તળભૂમિ છે. સાગરની જે ખાડીની ઉત્તર દક્ષિણે સીડની વિકસ્યું છે તેની ખાંચાખૂંચીવાળી કંઠાર અને પૂરતાં ઊંડાં જળને કારણે અહીં દુનિયાભરનાં મોટામાં મોટા જહાજોની આવનજાવન પણ સરળ હોઈ સીડનીની ગણના દુનિયાનાં અગ્રગણ્ય મોટાં બંદરોમાં થાય છે. નકશામાં ખૂણે નાની આકૃતિમાં ઑસ્ટ્રેલિયામાં સીડનીનું સ્થાન દર્શાવ્યું છે. ▽









△ અલ આલ્મેઈન ફુવારો પાછળ 'ધ ગ્રઝેબો' હોટેલ

△ સીડની આમ તો અમેરિકન શહેર જેવું લાગે પણ એની કેટલીક આગવી લાક્ષણિકતાઓ છે. ઑસ્ટ્રેલિયાનું સૌથી મોટું અને મુખ્ય બંદર છે. દુનિયાભરનાં મોટાં બંદરોમાં તેની ગણના થાય છે. તેની સગવડભરી બંદરગાહ અને તેના સૌંદર્ય માટે ઑસ્ટ્રેલિયનો ગૌરવ ધરાવે છે. બહુમાળી મકાનો, દફતરો, થીએટરો, હોટેલ-રેસ્ટોરાંઓ, તથા લોકો અને વાહનોની અવરજવરથી મોડી રાત સુધી ધમધમતા તેના બજાર વિસ્તારોની પડખે સીડનીવાસીઓનાં મુખ્યત્વે લાલ છાપરાંવાળાં બેઠાઘાટનાં અને લગભગ બધી અદ્યતન સગવડોથી સજ્જ આવાસોવાળો વિસ્તાર વસવાટને યોગ્ય એવો શાંત હોય છે. શહેરના મધ્ય ભાગમાં કિંગ્સક્રૉસ નામનો ઊંચાણ પર આવેલો વિસ્તાર નાનકડો પણ બહુ રોનકદાર લાગે છે. અદ્યતન એવી બધી જ શહેરી લાક્ષણિકતાઓ અહીં જોવા મળે છે. શહેરના મહત્ત્વના ચાર માર્ગોને એ જોડે છે. એ ચાર માર્ગમાંના એક વિલિયમ સ્ટ્રીટનું આ, કિંગ્સક્રૉસના ઊંચાણ પરથી દેખાતું દૃશ્ય છે.

બંદરના નામથી ઓળખાય છે તે સ્થળનું નામ એણે નૌકાખાતાના ત્યારના એક મંત્રી જ્યૉર્જ જૅક્સનના નામ પરથી 'પોર્ટ જૅક્સન' રાખેલું. જો કે કૅપ્ટન કુક અહીંના કિનારે ઊતર્યો નહોતો.

કૅપ્ટન આર્થર ફિલિપની 'ન્યૂ સાઉથ વેઈલ્સ'ના ગવર્નર તરીકે અને ઑસ્ટ્રેલિયા માટેના અગિયાર વહાણોના પ્રથમ કાફલાના કૅપ્ટન તરીકે નિમણૂક થએલી. ઈ. ૧૭૮૭ના મેની તેરમી તારીખે ૭૦૦ ગુનેગારો ને બીજા કર્મચારીઓ તથા ખલાસીઓ સાથે કૅપ્ટન ફિલિપ પોર્ટ્સમથ બંદરેથી રવાના થયો અને ૧૭૮૮ના જાન્યુઆરીની ૧૮મીએ બૉટની ઉપસાગર પાસે આવી પહોંચ્યો. પરંતુ તેને એ સ્થાન ગુનેગારોને વસાવવા માટે અનુકૂળ લાગ્યું નહિ. એટલે એ પોર્ટ જૅક્સનમાં આવ્યો. ૨૬મી જાન્યુઆરીએ ત્યાં વસવાટ શરૂ થયો. ઑસ્ટ્રેલિયાની ધરતી પર વિદેશીઓની આ પ્રથમ વસાહત હતી. એટલા માટે ૨૬મી જાન્યુઆરી એ 'ઑસ્ટ્રેલિયન દિન' તરીકે ગણાય છે ને પળાય છે.

પોર્ટ જૅક્સન નામ કૅપ્ટન ફિલિપને કદાચ નહિ ગમ્યું હોય. એણે જે વસાહત સ્થાપી તેનું તેણે સત્તાવાર નામ તો રાખ્યું 'એલ્બિયન'. પરંતુ કૅપ્ટન ફિલિપે વાઈકાઉન્ટ સીડનીના નામ પરથી સમુદ્રના એ કિનારાનું નામ રાખ્યું 'સીડની કોવ.' પોતાના પત્રવ્યવહારમાં એ 'સીડની' નામ લખતો એટલે એ સીડની નામ ધીમેધીમે પ્રચલિત થઈ ગયું. વખત જતાં 'પોર્ટ જૅક્સન' ભુલાઈ ગયું અને 'સીડની' નામ રૂઢ થઈ ગયું.

કૅપ્ટન ફિલિપે ત્યારે પત્રમાં લખ્યું હતું: 'અમે આજે પોર્ટ જૅક્સનમાં દાખલ થયા, અને દુનિયાનું એક સુંદર બંદર મેળવ્યાનો અમને સંતોષ થયો. અમે આ બંદરની આસપાસની બધી ખાડીઓ જોઈ તપાસી, પરંતુ જે પસંદ કરી તેનું પાણી સારું છે. એમાં પાણી એટલું ઊંડું છે કે મોટાં વહાણ પણ કિનારા સુધી જઈ શકે એમ છે, અને એકસાથે એક હજાર જેટલી હોડીઓ રાખી શકાય એટલી વિશાળ જલસપાટી છે. આ ખાડીનું નામ હું 'સીડની' કોવ રાખું છું.'

સીડનીનું બંદર વિશાળ અને મહત્ત્વનું છે. ઑસ્ટ્રેલિયાનું તે પ્રવેશદ્વાર ગણાય છે. અહીં આજે વરસે દહાડે ચાર હજાર જેટલી સ્ટીમરોની આવ-જા થાય છે. આ બંદરનો કિનારો ૨૫૦ કિલોમિટર જેટલો છે, અને આખા બંદરનો વિસ્તાર પંચાવન ચોરસ કિલોમિટર જેટલો છે.

થોડાં ચોપાનિયાં પર નજર ફેરવી લીધી. સાધારણ ભૂખ લાગી હતી એટલે બહાર રેસ્ટોરાંમાં જઈ કંઈ ખાવું હતું. કારણ કે અમારી શેવરોન હોટેલમાં ખાવાનું ઘણું જ મોંઘું હતું અને સમય પણ ઘણો લાગે. બહાર ખાવા માટે ઑસ્ટ્રેલિયન ચલણ જોઇએ. મારી પાસે અમેરિકન ડૉલરના ટ્રાવેલર્સ ચેક હતા. તેમાંથી થોડા વટાવી મારે ઑસ્ટ્રેલિયન ડૉલર્સ લેવા જોઇએ. દુનિયાના બધા દેશોમાં મોટી ફાઈવ સ્ટાર હોટેલોમાં વિદેશી ચલણ વટાવવાની સગવડ હોય છે. મેં હોટેલના કાઉન્ટર ઉપર તે માટે તપાસ કરી. મને તે માટે ભરવાનું ફૉર્મ આપ્યું. મેં સો ડૉલર માટે ફૉર્મ ભર્યું. કાઉન્ટર ઉપરના માણસે કહ્યું: 'મિ. શાહ! તમારે આટલા બધા ડૉલરની તાત્કાલિક જરૂર છે?'

'અત્યારે તો ચા-પાણી માટે થોડા ડૉલર જોઇએ છે. બાકી તો કાલે સવારે રજિસ્ટ્રેશન ફીના ભરવા માટે વધારે જોઇશે.'

'તો તમે અત્યારે દસ ડૉલર વટાવો, કારણ કે અમારી હોટેલના વટાવના દર બહુ ઊંચા હોય છે. દરવાજાની બરાબર સામે જુઓ, 'ન્યૂ સાઉથ વેઈલ્સ' નામની બૅન્કનું પાટિયું વંચાય છે? કાલે સવારે સાડા આઠ વાગ્યે એ બૅન્ક ખૂલશે. ત્યાં જઇને તમે વટાવશો તો સો અમેરિકન ડૉલરે તમને દસ ઑસ્ટ્રેલિયન ડૉલરનો ફાયદો થશે. એ માટે તમારે વધુમાં વધુ તકલીફ માત્ર રસ્તો ઓળંગવા જેટલી જ લેવાની રહેશે.'

'દસ ડૉલર બચતા હોય તો હું બે માઈલ ચાલવા તૈયાર છું. અમને ભારતમાંથી વિદેશી ચલણ ઓછું મળે છે. એટલે ખર્ચમાં કરકસર કરવી જરૂરી છે. પણ તમે મને અજાણ્યા માણસને તમારો લાભ જતો કરી આવી સાચી સલાહ આપી એથી મને બહુ આનંદ થયો અને તમારા માટે ખરેખર ખૂબ માન થયું.'

તેમનો આભાર માની, દસ ડૉલર વટાવી હું ચા-પાણી માટે બહાર નીકળ્યો. હોટેલની બાજુમાં જ એક નાની રેસ્ટોરાં હતી, ત્યાં મેં ચા-નાસ્તો કર્યો. પાછો ફરી લાઉન્જમાં બેઠો. કૉંગ્રેસ માટે વધુ ને વધુ પ્રતિનિધિઓ આવવા લાગ્યા હતા. ભારતીય જેવા લાગતા એક પ્રતિનિધિનો પરિચય થયો. તેઓ બાંગ્લા દેશના શાનોલ હક હતા. અમારી હોટેલ કિંગ્સ ક્રૉસ નામના વિસ્તારની પાસે જ હતી. શાનોલ હક કહે: 'ચાલો, આપણે લટાર મારી આવીએ.' અને અમે નીકળી પડયા.

કિંગ્સ ક્રૉસ

કિંગ્સ ક્રૉસ એ સીડનીનો એક બહુ રોનકવાળો વિસ્તાર છે. વિલિયમ સ્ટ્રીટ, વિક્ટોરિયા સ્ટ્રીટ, ડાર્લિંગ હર્સ્ટ અને બેઝ વૉટર સ્ટ્રીટ—એ ચારને જોડતો, શહેરના મધ્ય ભાગમાં ઊંચાણ પર આવેલો આ નાનકડો વિસ્તાર સીડનીમાં પહેલેથી જ વિખ્યાત છે. શરૂઆતમાં તે 'ક્વીન્સ ક્રૉસ' તરીકે ઓળખાતો, પણ 'ક્વીન્સ સ્ક્વેર' નામના બીજા એક વિસ્તારની સાથે નામનો ગોટાળો થયા કરતો હતો એટલે ઈ. સ. ૧૯૦૫માં આ વિસ્તારને 'કિંગ્સ ક્રૉસ' એવું નવું નામ અપાયું, અને આજે તો લોકો ફક્ત 'ધ ક્રૉસ' પણ કહે છે. અહીંનાં રેસ્ટોરાં, હોટેલો, બાર, ક્લબ, કાફે, થિયેટરો, દુકાનો વગેરેના કારણે મોડી રાત સુધી આ વિસ્તાર જાગતો રહે છે. કિંગ્સ ક્રૉસ સ્ટ્રીટને નાકે 'ધ ગઝેબો' નામની પ્રખ્યાત મોટી હોટેલ આવેલી છે. એને બીજે નાકે કિંગ્સ ગેઈટ નામની બીજી એક પ્રખ્યાત હોટેલ છે. મેક્લે સ્ટ્રીટ અને ઇલિઝાબેથ બે રોડના નાકે એક મોટો ફુવારો બનાવ્યો છે. 'અલ આલ્મેઈન'ના નામથી જાણીતા આ ફુવારામાં પાણીની અસંખ્ય ધારાઓ ઉપર નીચે જુદીજુદી દિશામાં ઊડીને કનકતારા જેવું દસબાર ફૂટ મોટું વર્તુળ રચે છે. રાતે રંગબેરંગી પ્રકાશમાં એ અદ્‌ભુત લાગે છે. અહીં માણસોની ભીડ ચોપાનિયાંઓમાં વાંચ્યું હતું એટલી તો નહોતી જ. લંડન, અને પારી(સ), ન્યૂ યૉર્ક કે ટોકિયોના રોનકવાળા ઝળહળતા વિસ્તારોની સરખામણીમાં આ વિસ્તાર બહુ નાનો અને ઝાંખો પણ લાગ્યો.

બૉન્ડાઈ કિનારો

સવારે સમશેર સમયસર આવી ગયા. રવિવાર હતો એટલે પહેલાં કોઈક દરિયાકિનારે જવા વિચાર્યું. સીડનીમાં એવા છએક જુદાજુદા બીચ છે. ઑસ્ટ્રેલિયનો દરિયાકિનારા પાછળ ગાંડા છે. છીછરા પાણીવાળા રેતીના વિશાળ પટ પર તેઓ રજાનો આખો દિવસ ગાળે છે.

અમે બૉન્ડાઈ બીચ તરફ ગાડી લીધી. (બૉન્ડાઈ Bondiનો ઉચ્ચાર આપણે બૉન્ડી કરીએ.) બીચ ઉપર પાર્ક કરેલી સેંકડો ગાડીઓ વચ્ચે અમે અર્ધો કલાક સુધી ચક્કર લગાવ્યાં, પરંતુ પાર્કિંગ માટે જગ્યા મળતી નહોતી. અમારી જેમ બીજી યે ઘણી ગાડીઓ ત્યાં ચક્કરો માર્યા કરતી હતી. અંતે એક ગાડી નીકળી ને અમે તે ખાલી જગ્યા કબજે કરી લીધી.

બીચ ઉપર તો મોટો માનવમેળો ભરાયો હતો. રેતીમાં તો ચાલવાની યે જગ્યા ન મળે એટલી ભીડ હતી. હજારો ઑસ્ટ્રેલિયનો તરવા ને તડકો ખાવા આવ્યાં હતાં. સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો અને યુવાનો, કિશોરો અને નાનાં બાળકો—તમામ સ્વિમિંગ કૉસ્ચ્યુમમાં દેખાતાં હતાં. પાર્કિંગની જગ્યા મેળવવા માટે કેટલાક તો વહેલી સવારથી આવી જાય. કેટલાંક કુટુંબો તો ખાવાનું સાથે લેતાં જ આવે અને આખો દિવસ અહીં પસાર કરે. અલબત્ત, ખાવા માટેનો વિસ્તાર જુદો. બીચ ઉપર કોઈ ખાય નહિ. સ્વચ્છતા એટલી જાળવે કે ચંપલ-બૂટ કે સ્લિપર પહેરીને કોઈ બીચમાં દાખલ પણ ન થાય. ક્યાંય કાગળની ચબરખી પણ પડેલી ન દેખાય. રેતીમાં ઊંધાચત્તા સૂઈને લોકો શરીરને તડકો આપતા હતા.

સમુદ્રના પાણીમાં પણ બે જુદા વિભાગ હતા. એક તરનારાઓનો અને એક સર્ફિંગ (surfing) કરનારાઓનો. જ્યાં સમુદ્રકિનારે બહુ ઊંચાં અને વેગવાળાં મોજાં આવતાં હોય ત્યાં સર્ફિંગ કરવાની અનુકૂળતા વધારે. પાંચ છ ફૂટ લાંબું અને બેએક ફૂટ પહોળું અને બંને છેડે લંબગોળાકાર લાકડાનું સપાટ પાટિયું સર્ફિંગમાં વપરાય છે. પાટિયું લઇને માણસ દરિયામાં જ્યાંથી મોજાં ઊછળવાની શરૂઆત થાય ત્યાં જાય છે અને પાટિયા ઉપર સૂતાંસૂતાં, બેઠાંબેઠાં કે કોઈક તો ઊભાં-ઊભાં મોજાં ઉપર સવાર થઇને કિનારા સુધી આવે છે. પાણીમાં મોટા હિલોળા આવે ત્યારે સમતોલપણું સાચવવાનું એટલું જ અઘરું, પણ મહાવરો થયા પછી તો દરિયાનાં મોજાં પર સવાર થવાનો લ્હાવો પણ એક અનોખો અનુભવ હશે.

આવડા મોટા સમુદાયમાં વિખૂટા પડી જવાનું યે બને, પણ એ માટે અહીં સગવડ રાખેલી છે. થોડીથોડી વારે આખા બીચ ઉપર સંભળાય એવા સ્પષ્ટ અવાજે અને ઘોંઘાટ ન લાગે તે રીતે જાહેરાતો થયા કરે. સર્ફિંગ કરતાં કોઈ ઈજા પામે તો બીચ માટેની સુધરાઈની ઑફિસ ઉપર તેની સારવારની વ્યવસ્થા પણ ખરી જ.

એકાદ કલાક આમતેમ લટાર મારી, ભાતભાતનાં લોકોની બીચ પરની વિધવિધ પ્રવૃત્તિ. જોઈ અમે પાછા ફર્યા. સમશેર કહે, 'રસ્તે જતા-આવતા લોકોની નજર ન પડે તેવો એક નાનકડો બીચ પણ સીડનીમાં છે, જ્યાં સ્ત્રી-પુરુષો વસ્ત્રવિહીન સ્થિતિમાં મુક્ત મને હરેફરે છે.'

'ભારતમાં ગોવામાં પણ એક બે નિર્જન બીચ ઉપર વિદેશી સ્ત્રી-પુરુષો નગ્ન સ્નાન કરવા જતાં હોય છે. દુનિયાના ઘણા દેશોમાં આ પ્રવૃત્તિ હવે વધતી ચાલી છે.'

શમશેર કહે: 'પણ અહીં સીડનીમાં હવે એ લોકોને માટે એક મુશ્કેલી ઊભી થઈ છે. એ કિનારે એટલાં ઊંચાંઊંચાં મકાનો થવા લાગ્યાં છે કે તેમાંથી બીચ પરનાં આ દિગંબર સ્ત્રી-પુરુષોને જોઈ શકાય છે.'

મેં કહ્યું: 'એમાં ક્ષોભ બીચ પરના માણસોને નહિ, પણ બારીમાંથી જોનાર માણસોને થતો હશે.'

સમશેર કહે: 'અહીં તો એમને પણ ક્ષોભ નહિ થતો હોય. જે ક્ષોભ ભારતમાં છે તે અહીં નથી.'

બૉન્ડાઈ કિનારે ફરીને અમે શહેરના બહુમાળી મકાનોના વિસ્તારમાં આવી પહોંચ્યા. રજાનો દિવસ હતો એટલે દુકાનો, ઑફિસો, સ્ટૉર્સ વગેરે બંધ હતાં. કેટલાક મોટા સ્ટોર્સની નવીનતાઓ બહારથી નિહાળી. અહીં 'સેન્ટર પૉઈન્ટ' નામની રચના જોઈ. સમૃદ્ધ દેશોનાં લોકોપયોગી કાર્યો કેવાં હોય છે તેનો ખયાલ આવ્યો. (ચાલુ)

ચમેલી-જાઇ



સંસ્કૃત નામ
સુમના, માલતી, જાતિ
સૌમનસ્યાયની
અંગ્રેજી નામ
Spanish Jasmine
શાસ્ત્રીયનામ
Jasminum
Grandiflora
અને
J. Officinale

પોતાના પ્રસન્ન-મધુર પરિમલ અને તારિકા જેવી મનોરમ આકૃતિને લીધે ચમેલી (જાઇ) આપણા દેશનું એક લોકપ્રિય પુષ્પ બન્યું છે: 'પુષ્પેષુ જાતિઃ, નગરીષુ કાંચી' તરીકે એ પ્રાચીન કાળથી વિખ્યાત છે. 'જાતિ' એટલે 'જાઇ'. ભારતમાં હિમાલયનો પ્રદેશ એનું મૂલસ્થાન છે. ચમેલી માટે ગરમ અને સમશીતોષ્ણ બંને પ્રકારના જલવાયુ ઉપયુક્ત છે. ભારતની આ પુષ્પવેલી મૂર લોકો દ્વારા ઉત્તર આફ્રિકા, સ્પેઈન, ફ્રાંસ અને ઇટાલી સુધી પહોંચી ગઈ છે. તેના અરબી નામ 'યાસ્મિન' ઉપરથી અંગ્રેજી 'જૅસ્મિન' નામ પડયું છે. સ્પેઈનમાંથી યુરોપમાં એનો પ્રસાર થયો તેથી 'સ્પૅનિશ જૅસમિન' નામ પણ ગયું છે. ચમેલીની લગભગ ચાલીસ જેટલી પ્રજાતિઓ અને સો જેટલા પ્રકાર નૈસર્ગિક રૂપમાં ઉપલબ્ધ છે. આમાંથી ચાર પ્રકાર, આર્થિક દૃષ્ટિએ મહત્ત્વના છે: (૧) ચમેલી (માલતી) Jasminum Officinale અથવા Jasminum Grandiflorum, (૨) જુઈ-(યૂથિકા) J. Auricu latum, (૩) મોગરો (વનમલ્લિકા) J. Sambac અને (૪) બિલા (અતિમુક્તક) J. Arborescens.

ભારતમાં કાશ્મીરથી છેક કેરળ સુધી વાટિકાઓ, વનો, ઉપવનો અને ગૃહ-આંગણોમાં આ ફૂલવેલ પ્રચુર માત્રામાં શૉખથી ઉગાડાય છે. ઝાડી જેવી આ વેલને આશ્રય આપવામાં આવે તો વૃક્ષો અને મકાનોમાં ૨૦-૨૫ ફીટ સુધી ઊંચી ચઢે છે. મજબૂત દોરડા જેવા એના અસલ થડમાંથી પાતળી શાખા-પ્રશાખાઓ ફૂટે છે. જેમાં બન્ને બાજુ સામસામાં નાનાંનાનાં, ઘેરાંલીલાં અને લીસાં, લંબગોળ અણીદાર પાન સાતથી અગિયાર સુધી વિષમ સંખ્યામાં આવે છે. મધ્યવર્તી છેલ્લું પાન જરા વધુ મોટું હોય છે. ચમેલીમાં ગ્રીષ્મકાલ શરૂ થતાં પુષ્પો આવવા માંડે છે અને છેક શરત્કાલ સુધી આવે છે. પાતળી શાખાઓના અગ્રભાગમાં ઝૂમખાંઓમાં તારિકા જેવાં સુરમ્ય, અતિ સુકુમાર, સોહામણી સુગંધવાળાં શ્વેત પુષ્પો આવે છે. લગભગ રૂપિયા જેટલા ઘેરાવાવાળાં આ પુષ્પોમાં પાંચેક પાંખડીઓ હોય છે. જે બહારથી આછી ગુલાબી ઝાંયવાળી લાગે છે. ફૂલની ડાંડલી પોણા ઈંચ જેટલી હોય છે. સાંજની છાયા ઘેરી થતાં જ એની કળીઓ ખીલવા માંડે છે અને આખું વાતાવરણ મધમઘતું થઈ જાય છે. પુષ્પો અતિશય કોમલ હોવાથી બાર કલાકમાં જ કરમાઈ જાય છે. વાલ્મીકિ રામાયણમાં આવે છે કે—

विकसन्त्या च मालत्या-
गतोऽस्तं ज्ञायते रविः ॥

માલતી (ચમેલી) ખીલવા લાગી-તેથી જણાય છે કે સૂર્યાસ્ત થઈ ગયો.

ગજરા, હાર-તોરા, વેણી અને પૂજા માટે આ પુષ્પોનો ખૂબ ઉપયોગ થાય છે. નારિયેળ અને તલના તેલમાં આ પુષ્પોનું અનુવાસન કરીને ચમેલીનું તેલ બનાવવામાં આવે છે. આ તેલ મગજને ખૂબ ઠંડક આપે છે. તેથી સંસ્કૃતમાં ચમેલીનું એક નામ 'તૈલ-વાસિની' પડયું છે. રાજનિઘંટુ (કોશ)માં એના ગુણ અને લાક્ષણિકતા લઇને એનાં ચૌદ નામો આપવામાં આવ્યાં છે:

जाती सुरभि-गंधा स्यात् सुमना तु सुरप्रिया ।
केतकी सुकुमारा तु संध्या-पुष्पा मनोहरा ॥
राजपुत्री मनोज्ञा च मालती तैल-भाविनी ।
जनेष्टा हृदय-गंधा च नामान्यस्याः चतुर्दश ॥

સાબુ, સૌન્દર્ય-પ્રસાધન, દંતમંજન, ધૂપ અને ખાવાની તમાકુ માટે ચમેલીનું તેલ વપરાય છે. સિંથેટિક (કૃત્રિમ) રીતિએ સુગંધિત બનાવેલાં તેલ કરતાં પ્રાકૃતિક રીતે બનાવેલાં તેલો ગુણ અને સુગંધમાં ચઢિયાતાં હોય છે. વર્ષાકાલમાં દાબકલમ અને મૂળમાંથી ફૂટી આવેલા અંકુરોથી ચમેલીનો પ્રસાર થાય છે.

સમતલ સ્થાનોથી લઇને ત્રણ હજાર ફીટની ઊંચાઈ સુધી ચમેલી થાય છે. યુરોપમાં એના તેલ માટે ભૂમધ્ય સાગરી પ્રદેશો (ફ્રાંસ, ઇટાલી, સિસિલી આદિ)માં વ્યાવસાયિક દૃષ્ટિએ ચમેલીની ખેતી થાય છે. હવે તો મિશ્ર, સીરિયા, અલ્જિરિયા અને મોરોક્કોમાં પણ ચમેલીની વાડીઓ થવા લાગી છે.

કુમાઉં (ગઢવાલ પ્રદેશ), રાજસ્થાન, મધ્યપ્રદેશ ને ઉત્તરપ્રદેશમાં-ખાસ કરીને-ગાઝીપુર, ફરૂખાબાદ, બલિયા, જૈનપુર, કનોજમાં સુગંધિત દ્રવ્યો માટે ચમેલીની મોટપાયે ખેતી થાય છે.

ઉત્તર પ્રદેશમાં એક હૅક્ટરમાં ચારસોથી સાતસો કિલોગ્રામ ફૂલો ઊતરે છે, અને એક કિલોમાં દસેક હજારથી યે વધુ ફૂલો આવે છે.

સંસ્કૃત સાહિત્યમાં માલતી (ચમેલી)નાં વર્ણનો પર્યાપ્ત મળે છે. ઋતુસંહારમાં કવિગુરુ કાલિદાસ કહે છે કે—शुल्की-कृतान्युपवननि च मालतीभिः—માલતી પુષ્પોને લીધે ઉપવનો શ્વેત શ્વેત બની ગયાં છે. એકબીજા શ્લોકમાં કવિ કહે છે કે, દાંતોની ઉજ્જવલતાથી ચમકી ઊઠતાં રમણીઓનાં સ્મિતો (હાસ્ય)ને કંકેલી અને માલતીનાં પુષ્પોએ લજાવી દીધાં છે.

श्यामा-लता-कुसुमभार-नत-प्रवालाः
स्त्रीणां हरन्ति धृत-भूषण-बाहु-कांतिम् ।
दन्तावभास-विशद-स्मित-चन्द्र-कांतिम्
कंकेलि-पुष्प-रुचिरा नव-मालती च ॥

એક વાત નોંધવા જેવી છે કે વસન્તઋતુમાં માલતી (ચમેલી) ખીલતી નથી. સાહિત્ય સંપ્રદાય પણ આ વાતનો પુરાવો આપે છે--

किसलयित-वनान्ते कोकिलाराव-रम्ये
विकसति न वसन्ते मालती कोऽत्र हेतुः ॥

અર્થાત્-પત્રાવલીઓથી શોભિત અને કોકિલના કલરવથી રમ્ય બનેલી વસંતઋતુમાં માલતી ખીલતી નથી.

કાવ્યમીમાંસામાં કવિવર રાજશેખર (૧૦મી શતી) પણ કહે છે---

मालती-विमुख श्चैत्र: विकासी पुष्प-संपदाम् ।
आश्चर्यं जाति-हीनस्य कथं सुमनसः प्रियः ॥

હોમિયોપથી

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઈ. સ. ૧૮૧૦માં જર્મનીના ડૉ. સેમ્યુઅલ હાનેમાને (૧૭૫૫ થી ૧૮૪૩) સ્થાપેલા હોમિયોપથી નામના ચિકિત્સાશાસ્ત્રમાં સરખાપણાનો શાશ્વત નિયમ(લૉ ઑવ સિમિલીઆ)સમાએલો છે. એમના સિદ્ધાંતાનુસાર સો વરસ અગાઉ જે ઓષધો શોધાએલાં આજે પણ પણ અસરકારક હોઈ કાર્યસાધક રહ્યાં છે. ઓષધોનાં બીજાં ક્ષેત્રોમાં એલર્જી રોગો રોગ મટાડનારાં ઓષધો નથી. ત્યારે હોમિયોપથીમાં એવાં ઓષધો છે.

આજે માણસ એલર્જી આણનાર એલરજન કે હાઇપરકાર્બોથી ઘેરાએલો છે. ઘણાં સિન્થેટિક ઓષધો એ પેટમાં નાખે છે અને પરિણામે તે અગાઉ કરતાં અધિક પ્રમાણમાં એલર્જી (વિશિષ્ટ વિકારવશતા)નો ભોગ બને છે. વળી, આજકાલ ક્ષીણકારી (ડિજનરેટિવ) રોગોનું પ્રમાણ વધ્યું છે. આમાં હોમિયોપથી ઓષધો ગુણકારી નીવડે છે. બાળકોને મીઠાં ને નાની ગોળીના રૂપમાં આ ઓષધો લેવાં અકારાં નથી લાગતાં, વળી તેનાથી જલદી મટે છે અને શરીરનાં રક્ષણાત્મક બળો વધે છે. કહેવાય છે કે આળાં આંતરડાં (ઇરીટેબલ કોલન), અતિસાર, જીર્ણ મરડો, હરસ, ગુદાના ચીરા, મોંનાં ચાંદાં વગેરે આ ઓષધ લેવાથી મટે છે. ભીજ, તાણ અને ફિકરચિંતાથી થતા માનસિક વ્યાધિઓનાં લક્ષણો સાદાં હોમિયોપથી ઓષધોથી મટે છે. ચેપ કે ક્ષીણકારી ફેરફારોની પ્રક્રિયા તથા કોષોમાં જીવલેણ કોષો વધવાના કારણે થતા રોગોનો સામનો કરનારાં શરીરનાં પ્રતિકારબળો અને સાજા થવાનાં બળોને હોમિયોપથી ઓષધો ઉત્તેજના આપે છે. શરીરમાં તો રોગનો સામનો કરનારાં બળો ભર્યાં પડયાં છે. પણ કદીક એમને ઉત્તેજના આપવાની જરૂર પડે છે. હોમિયોપથી ઓષધો એ કાર્ય કરે છે.

બીજી વૈદક પદ્ધતિમાં નવાં ઓષધો શોધાય છે અને જૂનાં તરછોડાય છે. બીજું જોખમ ઓષધોથી થતા (આયોટ્રોજેનિક ડિસીઝીઝ) રોગોનું છે. કેટલાંક ઓષધો રોગ મટાડે છે, તો કેટલાંક રોગ દબાવતાં અને ઉપશામક ઓષધો પણ શોધાય છે. પણ તેમની માઠી અસરોથી માંડી ઓષધીજન્ય રોગો પણ વધ્યા છે.

હોમિયોપથીમાં રોગોના નામ પ્રમાણે નહિ, પણ રોગનાં લક્ષણો અને તેના દેખાવ અનુસાર ચિકિત્સા થાય છે. આમાં રોગનાં નજરે પડતાં લક્ષણો પ્રમાણે ઈલાજ થાય છે. ઍલોપથીમાં પ્રથમ રોગનું કારણ જાણી તેને નાબૂદ કરવાનાં ઓષધો શોધાયાં છે. હોમિયોપથીમાં દરેક રોગીનાં આગવાં લક્ષણો માટે અનુકૂળ ઓષધ શોધી કાઢવામાં આવે છે. વિશિષ્ટ ઓષધિથી રોગીને શું થશે તેની ડાક્તરને જાણકારી હોય છે. રોગીનાં બધાં લક્ષણો, આહાર, તેની લાગણીઓ, ટેવો, જીવનની રીત વગેરે વિચારીને પછી રોગીને ઓષધ અપાય છે.

હોમિયોપથીમાં શરીરના રોગો બતાવનારા ૮૦થી ૧૦૦ લક્ષણોના સમૂહ છે. આના માટે ૮૦૦ કરતાં વધારે ઓષધો છે. જો કે શરીરને સમું કરનારાં ઓષધોથી રોગ મટવામાં વિલંબ થાય છે. હોમિયોપથીના નિયમોના આધારે અત્યારની ચેપી રોગનિવારક રસીના જેવા ઉપચારો પણ છે. विष विषस्य औषधम् ॥ જેવા નિયમના આધારે કામ કરતાં વેક્સિનના જેવા હોમિયોપથીના 'નોસોડ્સ' છે, જે બાળકોને સોય ભોંકવાની વેદના આપ્યા વિના મોં વાટે આપી શકાય છે.

ચિકિત્સાશાસ્ત્રના નિયમો ઉપર રચાએલા હોમિયોપથી વૈદકનું વૈજ્ઞાનિક વૈદકમાં આગવું સ્થાન છે. હોમિયોપથી ઓષધોની કાર્યસાધકતા દર્શાવવા તેમ જ વિશિષ્ટ રોગો ઉપર તેમની અસરકારકતા જાણવા 'કાઉન્સિલ ઑવ રિસર્ચ ઈન ઇન્ડિયન મેડિસિન' કાર્ય કરે છે. હોમિયોપથી દ્વારા સંશોધનો પણ થતાં રહે છે. હાનેમાનના સમયમાં લગભગ સો ઓષધો હતાં તે વધીને હવે વનોષધિઓમાંથી બનાવેલાં બે હજાર કરતાં વધુ ઓષધો છે. એક વાર કસોટીએ ચડેલું ઓષધ કદી કોરે મુકાતું નથી. બધાં હવામાન અને દેશોમાં તે ગુણકારી છે.

ઍપેન્ડીસાઇટિસ, પિત્ત અને પેશાબની પથરી, હરસ અને ગુદાના ચીરા, વારંવાર થતા ગળાના કાકડા, ચામડીના મસા વગેરે માટે સમયસર હોમિયોપથી ઓષધ આપવાથી ઑપરેશન નિવારી શકાયાના અહેવાલો છે. અસાધ્ય રોગ માટે આ ઓષધો ઉપશામક છે.

રોગોનો સામનો કરવા શરીરનાં રક્ષણાત્મક અને રોગશામક બળોને થોડી ઉત્તેજના આપવાનું કામ કરતાં હોમિયોપથી ઓષધો સલામતીભર્યાં ગણાય છે. કારણ એનાથી શરીરની આંતરિક, માનસિક અને શારીરિક સમતુલા પર કોઈ પણ જાતની માઠી અસરો થતી જણાઈ નથી.

હાનેમાનના સમયમાં ૧૮૩૯માં પંજાબના મહારાજા રણજિતસિંહને હોનિબર્ગર નામના ડાક્તરે હોમિયોપથીની સારવાર આપ્યાની નોંધ છે. જર્મનીમાં જન્મેલું હોમિયોપથી ઓષધવિજ્ઞાન અમેરિકામાં ઊછર્યું છે (વૉશિંગ્ટનના સ્કૉટ સર્કલમાં હાનેમાનની પ્રતિમા છે.) અને ભારતમાં પાંગર્યું છે. □

અર્થાત્—પુષ્પ-સંભારને વિકસાવનાર ચૈત્ર માસ (વસન્તકાલ) માલતીથી વિહીન છે. છતાં એનાં પુષ્પો દેવતાઓને પ્રિય છે, એ આશ્ચર્યનો વિષય છે.

अस्मिन् केलिवने सुगंध पवने-क्रीडत् पुरंध्री जने ।
गुंजद्-भृंग-कुले विशाल बकुले-कूजत् विकी-संकुले ।
उन्मीलन नव-पाटला-परिमले मल्ली-प्रसूना कुले-
यदयेकापि न माल्ती विकसिता तत् किं न रम्यो मधुः ॥

અર્થાત્—આ મધુમાસ(વસન્ત)માં બકુલ, પાટલ અને મલ્લિકા જેવાં અનેક પુષ્પો ખીલી રહ્યાં છે. માત્ર એકલી માલતી ખીલતી નથી, છતાં વસન્તની રમ્યતામાં કશી કમી આવતી નથી.

આમ, ગ્રીષ્મકાલથી શરદઋતુ સુધી ચમેલીની બહાર રહે છે. એક પીળા પુષ્પવાલી માલતી પણ થાય છે જેને 'સ્વર્ણ જાતિકા' (સોન જાઇ) કહે છે. 'જૅસ્મિનમ્ મલાબેરિકમ્' નામની એક ચમેલીથી ગ્રીષ્મકાલમાં મહાબળેશ્વર (મહારાષ્ટ્ર)નાં જંગલો મહેકી ઊઠે છે.

માલતીનાં પુષ્પો ભ્રમરને ખૂબ પ્રિય છે:

कुसुम-स्तबकानम्राः संत्येव परितो लताः ।
तथापि भ्रमर-श्रांति हरत्येकैव माल्ती ॥

અર્થાત્—પુષ્પ ગુચ્છકોથી ચારે બાજુ અનેક લતાઓ લચી રહી છે છતાં ભ્રમરની વિશ્રાંતિ માટે તો એકલી માલતી જ સમર્થ છે.

માલતીના ઓષધીય ઉપયોગો પણ છે: (૧) ચમેલીનાં પાન ચાવવાથી મુખપાક શમી જાય છે. (૨) દાંત દુખવા આવે ત્યારે ચમેલીનાં પાનના કવાથના કોગળા કરવાથી લાભ થાય છે. (૩) ચમેલીનાં પાનની લૂગદી જૂના વ્રણ ઉપર બાંધવાથી રુઝ આવે છે. આ લૂગદી તાજા ઘાને પણ આરામ આપે છે. (૪) દુર્ગન્ધયુક્ત કર્ણપાકમાં પણ ચમેલીના પાનના સ્વરસમાંથી પકાવેલું તેલ કાનમાં નાખવાથી આરામ થાય છે. (૫) ચમેલીનું તેલ શિરઃશૂળ અને કંડુ માટે ઉપકારક છે. (૬) માસિકધર્મની રુકાવટમાં ચમેલીનાં પંચાંગનો કવાથ હિતકારી છે. તે લીવર અને પ્લીહાની ક્રિયા પણ સુધારે છે. (૭) દાદર પર ચમેલીની જડ ઘસીને ચોપડવાથી ફાયદો થાય છે. (૮) ગરમી (ઉપદંશ) માટે પણ ચમેલીનાં પાન હિતકારી મનાય છે. □

છબીકળા-અભિવ્યક્તિનું એક સરળ માધ્યમ

લેખક · જ્યોતિ ભટ્ટ

અન્ય કળાઓની તુલનામાં છબીકળા એટલે કે ફોટોગ્રાફી એ નવો કલા-પ્રકાર છે. ઈ. ૧૮૩૯માં લોકોના હાથમાં કૅમેરા આવ્યા પછી તુરત જ કલાજગતમાં તેની અસર અને પ્રત્યાઘાતો દેખાવા લાગ્યાં હતાં. જેને ઈટાલિયનો 'છબીયંત્ર' જેવા નામે જ ઓળખે છે તે, કૅમેરા જેવું યાંત્રિક સાધન મળવાથી આસપાસ જોવા મળતી વસ્તુઓ, દશ્યો કે વ્યક્તિઓના આબેહૂબ આભાસ રૂપી પ્રતિકૃતિઓ તૈયાર કરવાનું કામ ઘણું સરળ બની ગયું. અને તેમ કરવામાં સમયના બચાવ ઉપરાંત, વર્ષોની તાલીમ અને જહેમત પછી જે સાધ્ય કરી શકાતું તે મર્યાદા પણ તેનાથી ઓછી થઈ. ચિત્રકામની જેને ફાવટ ન હોય અને કોઈ કારણોસર સમયની ખેંચ અનુભવવી પડતી હોય તેવી વ્યક્તિઓને પણ છબીકળાના ક્ષેત્રમાં પ્રવેશ મેળવી વિકાસ સાધવાની તક મળી.

છબીકળાના આરંભથી જ દસ્તાવેજી ક્ષેત્રે તેનું મહત્ત્વ રહ્યું છે. છબીકળાનો ઉપયોગ વર્તમાનપત્રો ને સામયિકો પૂરતો જ મર્યાદિત ન રહેતાં ચલચિત્ર, ટેલિવિઝન વગેરે સહિત જ્ઞાનવિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં પણ વિસ્તર્યો છે. આમ અનેકવિધ ક્ષેત્રોમાં છબીકળાનો ઉપયોગ થતો હોઈ તેનો એક આગવો જ વ્યવસાય ખીલીને છબીકારો માટે આજીવિકાનું એક સાધન વિકસ્યું છે.

પરંતુ કલાકારોના એક નાનકડા વર્ગે છબીકળાને અન્ય કલામાધ્યમોની જેમ અભિવ્યક્તિ માટેના એક સબળ અને સચોટ માધ્યમ તરીકે પિછાણીને તેને અપનાવી, તથા જુદા-જુદા સમયે ઓછા-વધુ વિરોધના વાતાવરણ વચ્ચે પણ તેના દ્વારા આગવી કલાકૃતિઓ સર્જી હતી. છેલ્લા બે દાયકા દરમિયાન છબીકલા-ક્ષેત્રે નવજાગૃતિ આવી છે. આજે છબીકળા એ માત્ર લોકો સમક્ષ ઉપયોગી માહિતી, સામાજિક દસ્તાવેજીકરણ કે મનોરંજન રજૂ કરતું સાધન ન રહેતાં, કલાકારની આગવી અભિવ્યક્તિનું (ક્યારેક તો અર્થઘટન પણ મુશ્કેલ થઈ જાય તેટલું ગહન, રંગદર્શી કે અતિ વાસ્તવવાદની અસરવાળું) માધ્યમ બની ગઈ છે. કસબ મટીને કળા બની ચૂકી છે.

પશ્ચિમી દેશોની કલાવિથિઓમાં તથા જાહેર અને અંગત કલાસંગ્રહોમાં હવે છબીઓને પણ માનભર્યું સ્થાન મળવા લાગ્યું છે. કલાભિવ્યક્તિના એક માધ્યમ તરીકે સિનેમાનો સ્વીકાર તથા છબીકળા વિષયક સામયિકો દ્વારા થતા રહેલા વ્યાપક પ્રચારથી પણ છબીકળાનો મોભો વધી ગયો છે. વિશ્વવિદ્યાલયો સાથે સંલગ્ન કળાશાળાઓમાં પણ મુખ્ય વિષય તરીકે છબીકળા શીખવાની સગવડ સુલભ છે. અગાઉ છબીકળાની તાલીમ લેવા ધંધાદારી છબીકારોના હાથ નીચે કે તેમના સહાયક તરીકે કામ કરવું પડતું તેના બદલે કલાગુરુઓ પાસેથી માર્ગદર્શન પામીને મુખ્યત્વે અવેતન છબીકારોના નવા વર્ગે આજીવિકાના સાધન કે ધંધાદારી ઉપયોગને બદલે નિજી અભિવ્યક્તિનો અભિગમ પસંદ કર્યો છે. આ બધાં કારણોને લીધે છબીકારો ઉપરાંત છબી માણનારો પણ એક વર્ગ ઊભો થયો છે. તેણે પણ ધંધાનાં પ્રસ્થાપિત મૂલ્યો તથા પૂર્વગ્રહોને સ્થાને બૌદ્ધિક અભિગમનો સ્વીકાર કર્યો છે.

કૅમેરાની શોધ થયા પછી આજ સુધીમાં તેમાં ઉત્તરોત્તર અનેક સુધારાઓ થયા છે. ટૅકનિકલ અને વૈજ્ઞાનિક ક્ષેત્રે થએલી અનેક શોધોનો લાભ પણ તેમાં લેવાયો છે. નરી આંખે ન દેખાતી અનેક બાબતો હવે છબી દ્વારા જોવાનું, તેમ જ તે દ્વારા માંહ્યલાનો ભેદ અને તેનું સૌંદર્ય પારખવાનું શક્ય બન્યું છે. આથી કળા ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ છબીકળાનાં ઉપયોગ અને મહત્ત્વ રહ્યાં છે. સાથોસાથ એનાથી થતા સૌંદર્યાભિમુખ અનુભવો પણ આગવી ખાસિયત ધરાવે છે. હવામાં પ્રસરતાં ધ્વનિ-આંદોલનો કે કૉફીની સુગંધ વગેરેની યે છબીઓ લેવાનું આજે શક્ય છે.

કૅમેરાની શોધના પરિણામે ચિત્રકળામાં પણ મહત્ત્વના ફેરફારો થયા. કૅમેરામાં થએલા ટૅકનિકલ સુધારાઓને લીધે લગ્ન, સભા સમારંભો કે એવા કોઈ ખાસ પ્રસંગોએ વ્યક્તિની કે સમૂહની, તથા સ્થળ, સ્થાપત્ય ઈત્યાદિની છબીઓ લેવા પૂરતો છબીકળાનો જે રોજિંદો સામાન્ય ઉપયોગ હતો તે કામ સરળ બની ગયું. મોટેભાગે તાલીમ વિનાના ને બિન-ધંધાદારીઓએ તે કામ સંભાળી લીધું. આ કારણે પણ છબીકળાના ક્ષેત્રમાં ગંભીરતાપૂર્વક કામ કરતા સજાગ અને સંવેદનશીલ કળાકારોને ક્ષેત્રની મર્યાદાઓ, ક્ષિતિજો, ઉદ્દેશ અને નિજી અભિવ્યક્તિ અંગે વિચારવાની ફરજ પડી અને એ માટે અવકાશ પણ મળ્યો.

પરિણામે હવે માનવ મનના ઊંડાણમાં ઉદ્ભવતાં ચિત્રો અને તેના અંતરની સંવેદનાઓને પણ છબીકળાના માધ્યમ દ્વારા ચિત્ર-સ્વરૂપ મળવા લાગ્યું છે. કૅમેરા તથા ડાર્કરૂમના કસબ--કારીગરીનો યથાયોગ્ય ઉપયોગ કરીને છબી-કળાકારો અવનવાં છબીચિત્રો તૈયાર કરે છે. નૈસર્ગિક વાસ્તવિકતા કે મૂલ્યાંકનોથી





▷ ચિત્ર નં. ૫ અને ચિત્ર નં. ૬
છબી : જ્યોતિ ભટ્ટ
આ અને આ લેખ સાથેનાં બધાં ચિત્રો અંગેની નોંધ એકસાથે અલગ આપી છે.



ચિત્ર નં. ૭ • છબીકાર : ડચુઆન માઈકલ્સ

જુદા અને ક્યારેક બે કે વધુ આકૃતિઓ (ઇમેજીસ) ને અરસપરસ નવા સંબંધે એક સાથે રજૂ કરી પ્રબળ ભાવચિત્રો તૈયાર કરે છે. ક્યારેક અમુક સંખ્યામાં રજૂ કરાએલી છબીઓના સમૂહ દ્વારા આખું એક મંતવ્ય-ચિત્ર બનાવે છે કે તેમને ઘટના ક્રમાનુસાર ગોઠવી તેમાં સમયનું પરિમાણ ઉમેરે છે. ક્યારેક તો તેમાં શબ્દો કે વાક્યોનો ઉપયોગ પણ થાય છે. વળી, છબી ઉપર શાહી કે રંગોથી રેખાંકન, ચિત્રણ કે લિથોગ્રાફી તથા સ્ક્રીન-પ્રિન્ટિંગ જેવાં માધ્યમો વડે ઉમેરણ કરીને એક નવું જ સ્વરૂપ ઘડવામાં આવે છે.

માધ્યમશુદ્ધિના આગ્રહીઓને કદાચ આઘાત પહોંચાડે એટલી હદે હવે વિવિધક્ષેત્રના કળાકારો અન્ય કળા-માધ્યમો સ્વીકારવા લાગ્યા છે. ચિત્રને શિલ્પની જેમ ઉપસાવવાનું કે શિલ્પની સપાટી ઉપર ભાત અને રંગ ઉમેરવાનું તો સામાન્ય બની ગયું છે. પ્રેક્ષકની હાજરીથી આપોઆપ ચાલુ થઈ વિવિધ ગતિમય હલનચલન કરતી તથા બોલતી કૃતિઓ તથા પ્રેક્ષકોની વાતચીત, પગલાં, છીંક-ખાંસી જેવા અવાજથી ઉત્પન્ન થતા ધ્વનિતરંગોના ઓછાવત્તા પ્રમાણાનુસાર નાચી કે ડોલી ઊઠતાં શિલ્પો-ચિત્રો ઈ. પણ હવે નવાઈ નથી પમાડતાં. અભિવ્યક્તિની સરળતા સહજતા અર્થે આમ કરીને કળાકારોએ માધ્યમોના સીમાડાઓ વિસ્તાર્યા છે. અને વિવિધ માધ્યમોની વાડાબંધીમાં છીંડાં પાડીને અન્યોન્યનો સંબંધ ઘનિષ્ઠ બનાવ્યો છે.

છબીકળામાં આવું થવા ઉપરાંત કૅમેરા, ફિલ્મ ડાર્કરૂમ કે તેનાં ખાસ રસાયણોની મર્યાદાઓ પણ હવે કલાકારોને અંતરાયરૂપ બની શકતી નથી. વર્તમાનપત્રો, સામયિકો ઈ.માં છપાયેલાં ચિત્રો, રેખાંકનો કે છબીઓને જરૂરી આકાર પ્રમાણે કાપીચોંટાડીને નવી છબી બનાવવાનું મુશ્કેલ નથી. આ રીતે તૈયાર કરેલી કૃતિની કૅમેરા દ્વારા નૅગેટિવ લઇ જરૂરી માપ-તથા સંખ્યામાં નવી અખંડિત છબી તૈયાર કરવા માટે વપરાતી ઝેરોક્ષ કે ફોટોસ્ટેટ જેવી પદ્ધતિ પણ કામમાં લેવાય. તેનાથી ઓછા



ચિત્ર નં ૮ • છબી : ડૉ. પૉલ ફાઈસ

ખર્ચે અને ઓછા સમયમાં છાપો મળી શકે. આ કારણે ચિત્રસર્જન દ્વારા નિજી અભિવ્યક્તિ કરવાનું – પ્રચલિત અર્થમાં ચિત્રકારો કે છબીકારોનો ઈજારો મટીને કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિ માટે હવે સરળ બન્યું છે.

દસ્તાવેજી કે સૌંદર્યાભિમુખ મૂલ્યો ધરાવતી છબીઓમાં ઘટના ઉપરાંત સામાન્ય રીતે છાયા-પ્રકાશને લીધે જોવા મળતાં ભાત, પોત, આકારો તથા ઘાટ-સ્વરૂપના લય-સૌંદર્યને મહત્ત્વનું સ્થાન અપાય છે. આ બધાંને દૃશ્યજગતની રોજિંદી ઘટમાળમાંથી છબીકારની ચકોર આંખ તારવીને છબી સ્વરૂપે રજૂ કરે છે. આવી છબીઓને 'બારી' સાથે સરખાવવાનું શરૂ થયું છે. બારી દ્વારા તેની બીજી તરફ આવેલી બહારની દુનિયા જોઈ શકાય તે પ્રમાણે આવી છબીની (કિનારની) અંદર, પોતાની ચોપાસ રહેલી વાસ્તવિકતા તથા સૌંદર્યની વસ્તુલક્ષી ખોજ માટેનો છબીકારનો પ્રયત્ન આપણે જોઈ શકીએ છીએ.

પરંતુ અહીં જેની વાત કરી છે તે નવા છબી-પ્રકારમાં છબીકારનું વલણ બહિર્મુખ મટીને વધુ અંતર્મુખ બનેલું જણાય છે. તેમાં બાહ્ય જગતમાં જોવા મળતી ચીજવસ્તુઓની રજૂઆત વિષયલક્ષી બની જવાથી નવા સ્વરૂપે અને નવા અર્થ સાથે જોવા મળે છે. તેની દેખીતી લાક્ષણિકતા કે અર્થનું સ્વરૂપ તથા મહત્ત્વ બદલાઇને તે જાગ્રત કે અર્ધજાગ્રત મનોવસ્થાને રજૂ કરતાં પ્રતીકો બની જાય છે. આવી છબીઓને દર્પણ સમાન ગણવામાં આવે છે, તેમાં છબીકાર (તથા સંવેદનશીલ સહૃદયી પ્રેક્ષક પણ) પોતાના અંતરના ભાવોનું પ્રતિબિંબ નિહાળી શકે છે.

વસ્તુલક્ષી વાસ્તવિકતાનો આભાસ એ છબી કળાનું મુખ્ય લક્ષણ મનાતું હતું (જેના



ચિત્ર નં. ૯

પરિણામે છબીમાં રજૂ થએલી વસ્તુને વાસ્તવિક માની લેવામાં આવતી). તેને સ્થાને આવું બનવા લાગ્યું તેનાં કારણોમાં ટેલીવિઝન, ચલચિત્રો, સમાચારપત્રો અને સામયિકોમાં થોકબંધ સંખ્યામાં જોવા મળતાં વાસ્તવિકતા સાથે સંકળાએલાં એકધારાં સ્વરૂપોથી લોકો કંટાળવા લાગ્યા, તેમ જ કેટલાકને તે 'અપાર દરાંક અને માત્ર ઉપરછલ્લી માહિતી આપી શકતાં' લાગવા માંડયાં તે પણ હશે. વળી, છબીકળા સાથે સંકળાએલી વાસ્તવિકતાના ક્ષેત્રે ઉપયોગમાં લેવાતાં સ્વરૂપોથી ત્રાસી જવાના પ્રત્યાઘાતો પણ હશે. પરંતુ સાથોસાથ બધે જ જોવા મળતી વિષમ સામાજિક અને રાજકીય પરિસ્થિતિ તથા તેના પર પકડ ધરાવનારાઓની ધન અને સત્તાલોલુપતા આદિના કારણે સામાન્ય માનવીનું ઘટતું જતું ગૌરવ, નષ્ટ થતાં જતાં મૂલ્યો, ખોવાતું કે ભુલાતું જતું વ્યક્તિત્વ વગેરે બાબતોને લીધે સંવેદનશીલ કળાકારોમાં વ્યાપક બનની જતી વિરોધની કે ભય તથા હતાશાની લાગણી પણ નવાં કળાસ્વરૂપોનાં કારણોમાં મહત્ત્વનો ભાગ ભજવે છે તેવી પ્રતીતિ પણ થાય છે જ.

ભારતીય કળાકારોએ છબીકળા દ્વારા નિજી અભિવ્યક્તિની આ દિશામાં ધ્યાન દોરે એવું કંઈ પ્રદાન કર્યું નથી. (જોકે પત્રકારત્વના ક્ષેત્રે રઘુરાય, કિશોર પારેખ, રઘુવીરસિંગ તથા એસ. પોલ જેવા આંગળીના ટેરવે ગણી શકાય તેવા ધુરંધર છબીકારોએ રાજકારણીય બાબતો સાથે સંકળાએલી વાસ્તવિકતાને, તથા અશ્વિન મહેતા જેવા છબીકારોએ નૈસર્ગિક વાસ્તવિકતાને પોતાની વ્યક્તિગત સંવેદનાઓનો ઓપ ચડાવીને વારંવાર રજૂ કરી છે) ઈ. સ.

કાવ્ય, ચિત્ર, નૃત્ય, નાટક કે સિનેમા ઈત્યાદિ કલાકૃતિઓની રજૂઆત વેળા તેની સાથે તે અંગે સમજ આપતા લખાણ કે સંભાષણની આવશ્યકતા એ એક વિવાદાસ્પદ બાબત છે. આવા લખાણની અસર દ્વારા વાચકો, એ વિવેચન લખનાર વ્યક્તિએ તે કૃતિ કઈ રીતે જોઈ મૂલવી છે તે જાણી શકે છે, પરંતુ એ રીતે અન્યની દૃષ્ટિએ જોઈ શકવાથી તેઓ પોતાની આગવી રીતે તે કૃતિ જોવા માણવા કે મૂલવવાનો પ્રયત્ન કરતા નથી. વળી, ક્વચિત્ એ લખાણની ઉપરવટ જઈને જો કોઈ પોતાની રીતે જોઈ-મૂલવીને તેની રસાનુભૂતિ કરવા પ્રયત્ન કરે તો એ પેલા વાંચેલા લખાણની અસર ચશ્માંના રંગીન કાચની જેમ તેની નજરની આડે આવે છે. એ અસરમાંથી છૂટવાનો એક સરળ માર્ગ તેવું લખાણ વાંચવાનું મુલત્વી રાખવાનો છે. ભાવકને આવી અસરથી મુક્ત રાખવા ઘણા કલાકારો ને સર્જકો પોતાની કૃતિ અંગે કંઈ પણ કહેવાનું, અને ક્યારેક તો તેને નામ કે શીર્ષક આપવાનું પણ પસંદ કરતા નથી. આથી જ આ લેખ સાથે દૃષ્ટાંતચિત્રો તરીકે છાપેલી છબીઓ અંગે, તેના કસબ–ટેકનિક કે તેની સાથે સંબંધિત માહિતી સિવાય કંઈ પણ વિવેચન કર્યું નથી. આ લખાણ નીચે અને પાછળના પૃષ્ઠ પર આપ્યું છે.



ચિત્ર નં. ૧૦
છબી : જેરી ઉલ્સમાન


૧૯૬૯માં વડોદરાના થોડા કળાકારોએ મુંબાઈ ખાતે 'ચિત્રકારોની દૃષ્ટિએ છબીઓ' નામે એક પ્રદર્શન યોજેલું. તેમાં ગુલામમહમદ શેખ તથા જેરામ પટેલની છબીઓમાં આશાસ્પદ જોમ જોવા મળેલું. ત્યાર પછી દિલ્હીમાં કિશન ખન્નાએ પણ એવો પ્રયત્ન કરેલો. અમદાવાદની સી. એન. કળાશાળાના યુવાન કળાશિક્ષક વિનોદ દવેનાં ચિત્રો તથા છબીઓમાં અન્યોન્યનો સુમેળ તથા સ્પષ્ટ દિશાસૂઝ જોવા મળે છે. આ ઉપરાંત બીજા પણ આ દિશામાં પોતપોતાની સૂઝ પ્રમાણે અવનવા પ્રયોગો કરતા જ હશે. નિજી અભિવ્યક્તિ અને છબીકળાને કેન્દ્રમાં રાખીને વિવિધ માધ્યમોના ઉપયોગ સહિતના આવા અવનવા પ્રયોગો ભારતીય છબીકળાના ભાવિ અંગે ઉજ્જવળ સંકેતરૂપ ગણવા મન લલચાયા વિના રહી શકતું નથી.

આ લેખ સાથેનાં દૃષ્ટાંત-ચિત્રો અંગે નોંધ

ચિત્ર ૧. તેજછાયાના તદ્દન સફેદ અને તદ્દન કાળા એમ માત્ર બે જ પલટા દર્શાવી શકતી, મુદ્રણ માટેના બ્લૉક બનાવવામાં વપરાતી લીથ ફિલ્મની નૅગેટિવ પરથી ઉતારેલી છાપમાં છબી માત્ર શ્વેત-શ્યામ એમ બે જ વિભાગમાં વહેંચાઈ જતી હોઈ તેને એક અનોખું સબળ ગ્રાફિક સ્વરૂપ મળે છે. આ અંકના પૂઠા પરનું ચિત્ર આ લીથ ફિલ્મ પર બનાવેલી પારદર્શક પૉઝિટિવ છાપને નૅગેટિવ તરીકે વાપરીને, તથા માનવમસ્તકના બાહ્ય આકારની અંદર સમાવીને બનાવેલું છે. આ જ ચિત્રને બહુ મોટા કદમાં તૈયાર કરીને સ્ક્રીન પ્રિન્ટિંગના માધ્યમમાં બહુ અસરકારક રીતે પ્રયોજી શકાય. અહીં કલાકારે પણ અસલ કૃતિ એ રીતે જ સર્જી છે.

▷

ચિત્ર નં. ૧૧
છબી : જરગન ક્લાઉક
અને
ચિત્ર નં. ૧૨



▽ છબી : સ્તાનિસ્લાવ માર્કોવ્સ્કી





ટિકિટ-સંગ્રહ : વિક્ટોરીઅનયુગની ખ્યાતનામ અંગ્રેજ લેખિકાઓ શાર્લોટ અને એમિલી બ્રોન્ટિ, જ્યૉર્જ એલીઅટ (મૂળ નામ મેરી ઍન ઈવાન્સ) તથા ઇલિઝાબેથ ગૅસ્કેલની કૃતિઓથી અંગ્રેજી સાહિત્યના વાચકો માહિતગાર હશે જ. વિક્ટોરીઅન યુગની આ ચારેય ખ્યાતનામ લેખિકાઓ હતી અને એમણે પોતાની કૃતિઓમાં ૧૯મી સદીના મધ્યકાળના બ્રિટિશ સમાજજીવનના વૈવિધ્યનું સુંદર આલેખન કર્યું છે. 'કૉન્ફરન્સ ઑફ યુરોપીઅન પોસ્ટ્સ ઍન્ડ ટેલીકૉમ્યુનિકેશન્સ' (CEPT)એ આ વર્ષની 'યુરોપા' ટિકિટો પર 'ખ્યાતનામ વ્યક્તિવિશેષો'ની રજૂઆત કરવાનું નક્કી કર્યું છે તેથી તથા આ ૧૯૮૦ની સાલ, સંયુક્ત રાષ્ટ્ર સંઘે કરેલા 'સ્ત્રીઓના દસકા'ના આયોજનમાં અર્ધે પહોંચે છે; આ બે કારણોથી બ્રિટને આ ચાર ખાસ ટિકિટો પર બ્રિટિશ મહિલા લેખિકાઓને રજૂ કરી છે. મૂલ્યાનુક્રમ પ્રમાણે પહેલી ટિકિટ પર પશ્ચાદ્ભૂમાં 'જેઈન આયર' નામની પોતાની એક નવલકથાના એક પ્રસંગની સાથે લેખિકા શાર્લોટ બ્રોન્ટિની છબી આપી છે. એ જ રીતે ૧૩½ પેન્સની ટિકિટ ઉપર જ્યૉર્જ એલીઅટ અને એની એક નવલકથા 'ધ મિલ ઑન ધ ફ્લૉસ'ના એક પ્રસંગનું ચિત્ર છે. આ બંને ટિકિટો ઉપર 'સીઈપીટી'ની સંજ્ઞા પણ છાપી છે. ત્રીજી પંદર પેન્સની ટિકિટ ઉપર શાર્લોટની બહેન એમિલી બ્રોન્ટિ અને એની વિખ્યાત નવલકથા 'વૂધરિંગ હાઇટ્સ'ના એક પ્રસંગનું ચિત્ર છે. છેલ્લી ટિકિટ પર ઇલિઝાબેથ ગૅસ્કેલ અને તેની નવલકથા 'નૉર્થ ઍન્ડ સાઉથ'માં વર્ણવાએલા વિક્ટોરીઅન કાળના ઔદ્યોગિક ક્ષેત્રનું લાક્ષણિક દશ્ય આલેખેલું છે. આ ટિકિટો ૯મી જુલાઇએ બહાર પડશે. (ટિકિટો મોકલનાર · રમણિકલાલ સોલંકી – લંડન)

ચિત્ર ૨. સામયિકોમાંથી કાપેલી ચિત્રકાપલીઓને ચોડીને તથા તેના પર રંગપીછી વડે વધારાનું કામ કરીને બનાવેલા એક ચિત્ર (કૉલાજ)-ની આ એકરંગી છબી છે. જુદાજુદા પોતના કાગળો, રંગો, શાહી વગેરે વપરાવાથી અસલ કૃતિમાં દેખાઈ આવતો કે ખૂંચતો અસંવાદ તેની આ એકરંગી છબીમાં નથી વરતાતો. સૉફ્ટ કે હાર્ડ બ્રોમાઈડ પેપર વાપરીને ચિત્રના છાયા-પલટાના ઓછા વધતા પ્રમાણવાળું નવું રૂપ પણ આપી શકાય.

ચિત્ર ૩. ઈટાલીના વેનિસ શહેરની એક કલા-વિથિમાં માત્ર વિવિધ માપનાં દર્પણોનો જ ઉપયોગ કરીને બનાવેલી એક કલાકૃતિની આ છબી છે. કૅમેરાના લેન્સ દ્વારા જે ઝડપાયું તેની જ આ સીધી છાપ છે. પાછળથી સુધારાવધારા કરવાનો કોઈ કસબ તેમાં વાપર્યો નથી.

ચિત્ર ૪. આ પણ કૅમેરાએ જે ઝડપ્યું તેની જ છાપ છે. બે નૅગેટિવોનો ઉપયોગ તેમાં નથી.

ચિત્ર ૫. મૂળ ૩૫ મિ. મી.ની ટચૂકડી છબી-માંથી બે બાજુનો બિનજરૂરી નબળો ભાગ દબાવી દઈ માત્ર તેમાંના વચ્ચેના ભાગની આ છબીમાં શ્વેતશ્યામ બે જ પલટા બતાવવા લીથ ફિલ્મનો ઉપયોગ કરેલો છે.

ચિત્ર ૬. બગડી ગએલી જૂની રંગીન ફિલ્મની તદ્દન ઝાંખી પડી ગએલી છબીને લીથ ફિલ્મ પર ફરી ફરી ઉતારીને બનાવેલી કૃતિ.

ચિત્ર ૭. ભૂગર્ભ ભુગદાના છેડા પાસે ઊભેલા માણસની સામા પ્રકાશે ને ઑવર એક્સ્પોઝરનો ઉપયોગ કરીને લીધેલી છબી. નરી આંખે દેખાય તેવી જ અને માધ્યમની લાક્ષણિકતા ને મર્યાદાઓના સમજપૂર્વકના પ્રયોગો દ્વારા રજૂ કરેલી વાસ્તવિકતા.

ચિત્ર ૮. તદ્દન વાસ્તવિક રજૂઆતવાળી આ છબી 'મૉડર્ન આર્ટ'ના ચિત્ર જેવી લાગે છે. છબીકારે પોતાની અભિવ્યક્તિને પ્રકટ કરવા માટે છબીકળાના માધ્યમને પ્રયોજ્યું છે. આમાં દેખાતાં આકાર-આકૃતિઓ વિષે અનેક કલ્પનાઓ થઈ શકે. અસલમાં આ 'વિટામિન બી-૬'ની સૂક્ષ્મદર્શકની સહાયથી લીધેલી છબી છે.

ચિત્ર ૯. ચોપડીનાં પાનાં વચ્ચે દબાવીને સાચવી રાખવાથી સપાટ બની ગએલાં ફૂલપાન જેવી આ આકૃતિઓ છબીકારે ક્ષ-કિરણોની સહાયથી છબીમાં ઝડપી છે. બાહ્ય આકારના સૌંદર્ય સાથે તેમાં એની ભીતરની સુંદરતા એક અનોખો સ્પર્શ આપે છે.

ચિત્ર ૧૦. અવકાશને પારખવાની તથા બૌદ્ધિક પ્રક્રિયાઓની ઊંડી સમજવાળા તથા ડાર્ક-રૂમના જબ્બર કસબી ઉલ્સમાન એક કરતાં વધુ નૅગેટિવો વાપરીને અતિ-વાસ્તવવાદી છબીઓ બનાવવા માટે જાણીતા છે. પહેલી નજરે વિરોધાભાસી લાગતી વસ્તુઓને અસંભવિત સ્વરૂપે રજૂ કરવામાં સ્વપ્નની દુનિયા ખડી કરી દે છે. બે ને બે ચાર થવા ઉપરાંત બાવીસ પણ બને તેમ એમની છબીઓમાં રજૂ થએલી આકૃતિઓ પણ તેના નવા સંબંધના પરિણામે આખરી સ્વરૂપમાં વધુ સબળ અને સચોટ બને છે.

ચિત્ર ૧૧. આ છબીમાં કસબની દૃષ્ટિએ બે સ્વરૂપો એકઠાં કરેલાં છે, પણ છબીકસબનું પ્રદર્શન એ આ કૃતિનું ધ્યેય નથી. છબીમાંથી ઉદ્ભવતો ભાવ કે સંદેશ આજની પરિસ્થિતિ અંગેનું બયાન છે કે આવતી કાલ અંગેની ભવિષ્યવાણી એ નક્કી કરવું અઘરું છે, તેમ છબી કઈ રીતે બની હશે તે નક્કી કરવું પણ મુશ્કેલ છે.

ચિત્ર ૧૨. ૭ છબીની આ એક છબી છે. ચલચિત્રમાં સરળ છે તે સમયનું પરિમાણ અહીં આ રીતે અચલ છબીમાં સમાવ્યું છે. છબીમાં માનવ પાત્રની સંવેદનારહિત જડ મુખાકૃતિ કૅમેરાની સામે જ મંડાએલી છે. છાયાપ્રકાશની ઇન્દ્રજાળ પણ તેમાં નથી. ટૂંકમાં તદ્દન 'ફ્લૅટ' કહેવાય તેવી આ છબીઓ છે. છબી 'કળા'માં અસ્વીકાર્ય એવી રીતે આ છએ છબીઓ લેવા પાછળ છબીકારનો હેતુ તો પોતાને જે કહેવું છે તે સરળતમ રીતે રજૂ કરવાનો છે.

દિવંગત

'સૈફ' પાલનપુરી

ગુજરાતના સુવિદિત શાયર, પત્રકાર અને નવલકથાકારનું મુંબાઈમાં ૫૬ વર્ષની વયે ગઈ ૭ મે (૧૯૮૦)ના રોજ હૃદયરોગના હુમલાથી અવસાન થયું. એમનો જન્મ પાલનપુર ૩૦ ઑગસ્ટ ૧૯૨૩માં. સૈફુદ્દીન ખારાવાલા એ એમનું મૂળ નામ. તેઓ ગુજરાતી અને ફારસી ભાષા સાથે બી.એ. થએલા. સર્વશ્રી શયદા, અમીરી અને શૂન્ય પાલનપુરીના સહવાસથી તેઓ ગુજરાતી સાહિત્ય અને શાયરીમાં રસ લેતા થએલા. એમનું 'સૈફ' તખલ્લુસ પણ એમને 'શૂન્ય' પાલનપુરીએ આપ્યું હતું. વ્યવસાય તરીકે પત્રકારત્વ સ્વીકારીને એમણે મુંબાઈમાં એક દાયકાથી વધુ સમય 'વતન' નામનું અઠવાડિક ચલાવેલું. છેલ્લે તેઓ 'જન્મભૂમિ-પ્રવાસી'માં જોડાઇને તેના ઉપતંત્રી-પદ સુધી પહોંચેલા.

'ઝરૂખો' અને 'હીંચકો' એ એમની ગઝલો, નઝમો અને મુક્તકોના સંગ્રહો. 'વસિયતનામું', 'ખાનગી પત્ર' અને 'ઝરૂખો' એ એમની બહુ લોકપ્રિય નઝમો. 'હિલ સ્ટેશન', 'ઝરણું', 'જશલી', 'સથવારો', 'અધૂરું ઉપવન', 'મમતા', 'ચહેરાથી મન સુધી', 'મૃગજળ બધા મઝાના' વગેરે એમની નવલકથાઓ. ગુલાબી મિજાજ અને મિલનસાર સ્વભાવના એ એક રસિક વ્યક્તિ હતા. અગાઉ 'કુમાર' અંક ૫૫૫માં એમનો વિશેષ પરિચય અપાયો છે. —શંકરદેવ વિદ્યાલંકાર

સાહિત્યસંપર્ક

અભિનંદનીય અર્ઘ્ય

ધીરુ પરીખ

બાપુલાલ નાયક : જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરી જનાર મહાનુભાવોનાં જીવન-કાર્યોને બિરદાવતા શતાબ્દી-ગ્રંથો પ્રકટ કરવાનો ચાલ છે તેને અનુસરતો અભિનય સમ્રાટ બાપુલાલ નાયકના પૌત્ર શ્રી સુરેશ નાયકે તૈયાર કરેલો આ ગ્રંથ જૂની રંગભૂમિના નાટ્ય રસિયાઓને રોમાંચક વાચન સામગ્રી પૂરી પાડે છે. ૧૮૭૯માં જન્મેલા આ કલાકારના જીવનની મુખ્ય મુખ્ય વિગતો આપી મુખ્યત્વે એમની અભિનયકલાને નિરૂપતા આ ગ્રંથને દસ પ્રકરણમાં વહેંચવામાં આવ્યો છે. સ્વ. બાપુલાલ નાયકે કિશોરકાળે 'રંગભૂમિ ઉપર પ્રથમ પગરણ' માંડયાં એ પ્રથમ પ્રકરણથી આરંભી 'બાપુલાલની નાટ્યલેખન પ્રવૃત્તિ' નામક પ્રકરણ સુધી આવતામાં લેખકે આ કલાકારની વિવિધ શક્તિઓનાં દર્શન કરાવ્યાં છે. સ્વ. બાપુલાલ નાયકે વૈવિધ્યપૂર્ણ પાત્રસૃષ્ટિના અભિનય દ્વારા વિવિધ રસની જમાવટ અને ખિલવણીમાં પોતાની અભિનય કલાની ખુમારીનું આસ્વાદન સૌ પ્રેક્ષકોને કેવું સહજ રીતે કરાવ્યું હતું તેનું અનેક દૃષ્ટાંતો દ્વારા લેખકે સમ્યક્ નિદર્શન કરાવ્યું છે. 'સરસ્વતીચંદ્ર', 'કરણઘેલો', 'શંકિત હૃદય' જેવી આપણા સમર્થ સાહિત્યકારોની સાહિત્ય કૃતિઓની ભજવણીનો અત્ર ઉલ્લિખિત હેવાલ સ્વ. બાપુલાલની સાહસિક વૃત્તિ ને અભિનય-સૂઝનો નોંધપાત્ર દસ્તાવેજ બની રહે છે.

અભિનય ઉપરાંત એમણે દિગ્દર્શન, સંચાલન, લેખન, સંગીત આદિ રંગભૂમિનાં અન્ય મહત્ત્વનાં અંગો સાથે કેવી સફળતાથી કામ પાડયું હતું તેની પણ દસ્તાવેજી સામગ્રી આ ગ્રંથમાં પૂરી પાડવામાં આવી છે. એમનાં નાટકો જોઈ અંગ્રેજોએ કરેલી પ્રશંસા અહીં ઉદ્ધૃત કરવામાં આવી છે તેમ જ રમણભાઈ નીલકંઠ, નરસિંહરાવ દિવેટિયા, રસિકલાલ છો. પરીખ, ઉમાશંકર જોશી આદિ વિદ્વાનોના અભિપ્રાયો પણ અહીં રજૂ કરવામાં આવ્યા છે તે સ્વ. બાપુલાલની નાટ્યક્ષેત્રની મહત્તાના દ્યોતક છે. એમણે બૅરિસ્ટર વિભાકરની ટીકાના રદિયારૂપે એમની નાટ્યકૃતિઓ સફળતાથી ભજવી બતાવી હતી તેને લેખકે અહીં ઔચિત્યથી એક આખું પ્રકરણ ફાળવ્યું છે. તો અભિનયકલાના ક્ષેત્રે બાપુલાલનું શું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે તેની પણ એક પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત સ્વ.ની નાટ્યલેખન પ્રવૃત્તિનો પણ ચિતાર આપવામાં આવ્યો છે.

સ્વ. બાપુલાલની પ્રવૃત્તિ-કથાને પડછે આ સદીની પ્રથમ પચીસીમાં ગુજરાતની વ્યાવસાયિક રંગભૂમિની શી મહત્તા હતી તેનું પણ રસપ્રદ ચિત્ર ઊપસી રહે છે. પ્રજાના સંસ્કાર ઘડતરમાં આ રંગભૂમિએ કેવું પ્રદાન કર્યું હશે તેનો પણ ક્યાસ વાચકને આ પુસ્તકના વાચન દ્વારા આવી રહેશે. ગુજરાતની એ વખતની નાટ્યમંડળીઓની ગતિવિધિ શી હતી તેના ચિતાર સાથે 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'નો અઠ્ઠાવન વરસનો સળંગ અધિકૃત ઇતિહાસ પણ વાંચવા મળે છે. લેખકે પ્રકટ–અપ્રકટ અનેકવિધ સામગ્રીનો અહીં ઉપયોગ કર્યો છે તે આ પુસ્તકની ગુણવત્તામાં સવિશેષ ઉમેરો કરે છે અને એમાં રજૂ થએલી અનેક તસ્વીરો એ વખતની રંગભૂમિનો આજના વાચકને તાદૃશ્ય પરિચય કરાવવામાં સહાયભૂત થાય તેમ છે. એથી પણ આ ગ્રંથની ઉપયોગિતા વધે છે. નાટ્યક્ષેત્રના રસિયાઓ અને અભ્યાસીઓને આ ગ્રંથ ઘણી જ ઉપયોગી માહિતી પૂરી પાડી રહે તેમ છે. (પ્રકા. લેખક પોતે, ૧૧૬/૧૦, સેક્ટર ૧૭, ગાંધીનગર–૩૮૨ ૦૧૭ પાકું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૧૫)

નવાં પ્રકાશનો

જનસંપર્ક અને જાહેરખબર : પત્રકારિત્વનો આજે આપણાં વિશ્વવિદ્યાલયોમાં વ્યવસ્થિત અભ્યાસ થઈ રહ્યો છે ત્યારે તે ક્ષેત્રના વિવિધ વિષયોને ચર્ચતાં ઘણાં ઓછાં પુસ્તકો ગુજરાતીમાં મળી આવે છે. મુખ્યત્વે વિદ્યાર્થીને અંગ્રેજી કે હિંદી ગ્રંથ પર આધાર રાખવો પડતો હોય છે. આ સંજોગોમાં શ્રી યાસીન દલાલનો આ પ્રયત્ન એવો બીજો પ્રયત્ન છે. આ અગાઉ એઓ 'રિપોર્ટિંગના સિદ્ધાંતો' ઉપર ગુજરાતીમાં પુસ્તક આપી ચૂક્યા છે. આ પુસ્તકમાં એમણે 'જનસંપર્ક' અને 'જાહેરખબર' જેવાં આજે વ્યાપારક્ષેત્રે ખૂબ જ વિકસેલાં અંગોનો શાસ્ત્રીય ઢબે પરિચય કરાવ્યો છે. આ બન્ને વિષયોને, અહીં એની વ્યાખ્યાથી આરંભી એના સ્વરૂપની સવિગત સમજણ આપ્યા બાદ એના કાર્યક્ષેત્રની છણાવટ કરી, પૂરતા ઔચિત્ય અને આધિકૃત્યથી વર્ણવવામાં આવ્યા છે. શ્રી યાસીન દલાલના આ ક્ષેત્રના અભ્યાસ અને સૂઝનો અત્રે સુપાક ઊતર્યો છે તે આ પુસ્તકના વાચનથી અનુભવી શકાશે. વિદ્યાર્થીઓ અને આ વિષયના જિજ્ઞાસુઓને આપણી ભાષામાં પ્રકટ થતું આવું પ્રથમ પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડશે. (પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ કમ્પાઉન્ડ, અમદાવાદ-૬, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૬–૫૦.)

રવીન્દ્રનાથ અને શરતચંદ્રના કથા સાહિત્યમાં નારી : શ્રી અનિલાબેન દલાલના આ પ્રથમ લેખસંગ્રહમાં બંગાળના બે પ્રસિદ્ધ સાહિત્યસ્વામીઓ રવીન્દ્રનાથ ને શરદચંદ્રની કેટલીક નવલકથાઓનાં સ્ત્રીપાત્રોના સૂક્ષ્મ અભ્યાસો રજૂ થયા છે, જેમાં લેખિકાનું ઊંડું નિરીક્ષણ, સમ્યક્ સૂઝ અને લખાવટ પરની પકડ સ્પષ્ટતયા જોઈ શકાય છે. પુસ્તકના પ્રથમ ભાગમાં રવીન્દ્રનાથની 'શેષેર કવિતા', 'ઘરે બાહિરે', 'ચોખેર વાલિ', 'ચતુરંગ', 'દુઈ બોનઃ દુઈ નારી', 'જોગાજોગ' અને 'ગોરા' જેવી નવલકથાઓનાં લાવણ્ય, વિમલા, વિનોદિની, દામિની, શર્મિલા ને ઊર્મિમાલા, કુમુદિની તથા સુચરિતા અને લલિતા જેવાં સ્ત્રીપાત્રોની ચર્ચા કરી છે. બીજા વિભાગમાં શરદચંદ્રની 'બડીદિદિ', 'પલ્લીસમાજ', 'ચરિત્રહીન', 'શ્રીકાન્ત'

આવકાર

એન. એમ. ઠક્કરની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨

હાસ્યદર્પણ : રચયિતા : આનંદપ્રિય, પૃ. ૧૨૮, પાકું પૂઠું, રૂ. ૧૨-૫૦.

રત્નકંકણ : સં. મનુ દેસાઈ, પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૧૨-૫૦.

સંતોની સુવાસ : લે. રતુભાઈ શેઠ. પૃ. ૧૨૮, પાકું પૂઠું, રૂ. ૧૦.

સ્વર્ગનું અમૃત : લે. અનુભવાનંદજી. પૃ. ૧૦૮, પાકું પૂઠું, રૂ. ૮-૭૫.

હસતાં ફૂલ : લે. આનંદપ્રિય. પૃ. ૧૨૮, પાકું પૂઠું, રૂ. ૧૨-૫૦.

સાબુના હુન્નરો : લે. ધીરજલાલ મજ્જર. પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૧૦.

સ્વમૂત્ર-એક અમૃત : લે. જેકુમાર પ્રાણબળ ચિકિત્સક. પૃ. ૨૬૮, પાકું, રૂ. ૧૩-૫૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રોડ, અમદાવાદ-૧

સ્નેહ સેતુ : લે. અશ્વિનીકુમાર વ્યાસ. પૃ. ૧૯૯, પાકું પૂઠું, રૂ. ૧૬.

મેડમ કયુરી : લે. ડૉ. ઉષા જોષી. પૃ. ૧૬૮, કાચું પૂઠું, રૂ. ૧૧.

ધર્મબોધ કથાઓ : લે. પ્રા. અમૃતલાલ સવચંદ ગોપાણી. પૃ. ૨૨૩, પાકું, રૂ. ૧૫.

ક્યારે જીવવું શી રીતે? : લે. જે. કૃષ્ણમૂર્તિ. પૃ. ૨૦૦, કાચું પૂઠું, રૂ. ૧૨.

સ્મૃતિ કેમ કેળવાય : લે. પ્રા. રજનીકાન્ત પટેલ. પૃ. ૧૯૨, કાચું પૂઠું, રૂ. ૧૨.

અન્ય પ્રકાશકોનાં

મારી સારી વાર્તાઓ : લે. હીરાલાલ ફોફલિયા. પ્ર. નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ, સ્ટ્રીટ, મુંબઈ-૨. પૃ. ૨૨૪, પાકું, રૂ. ૧૫.

નગરવધુ : અનુ. ભાનુમતી જાની. પ્ર. ભાષાન્તરનિધિ, બળવંત ભુવન, ભાવનગર-૧. પૃ. ૯૮, કાચું પૂઠું, રૂ. ૮.

માતાનું દૂધ વધુ સારું : (પ. પુ. ૫૧૧) લે. ડૉ. ઉષા દેસાઈ. પ્ર. પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

હેમચન્દ્રાચાર્ય : (પ. પુ. ૫૧૨). લે. રમણલાલ ચી. શાહ. ઉપર મુજબ.

ભારત કયે માર્ગે? : લે. ભોગીલાલ ગાંધી. પ્ર. વિશ્વમાનવ સં. શિ. ટ્રસ્ટ. ૩/૧ જયુપીટર એપાર્ટ., વડોદરા-૫. પૃ. ૧૯૬, કા. પૂ., રૂ. ૯.

પાયાની વિચારણા : અનુ. શંકર ગોહિલ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૧૧૯, કાચું, રૂ. ૮.

ભાવ-સુમન : સં. મહેન્દ્ર ગોહિલ. પ્ર. ભાવનગર યુનિ., સમાજશાસ્ત્ર અનુસ્નાતક કેન્દ્ર, ભાવનગર-૨. પૃ. ૩૨, કાચું, રૂ. ૩.

ગૂડ મોર્નિંગ દિલ્હી : અનુ. મહેન્દ્ર ગોહિલ. પ્ર. રૂપાલી પબ્લિકેશન, અમદાવાદ-૧. પૃ. ૩૨, કાચું પૂઠું. રૂ. ૩.

આદિવાસીઓનો કલાવારસો : લે. રેવાબેન તડવી અને શંકરભાઈ તડવી. પ્ર. પોતે, જેતપુર તાલુકાશાળા. પાળી-જેતપુર. પૃ. ૧૦૮, પાકું પૂઠું, રૂ. ૨૦.

આદિવાસી લોકનૃત્યો : લે. પ્ર. ઉપર મુજબ. પૃ. ૧૧૬, પાકું પૂઠું, રૂ. ૧૮.

નળદમયંતીની કથાનો વિકાસ : લે. ડૉ. રમણલાલ ચી. શાહ. પ્ર. પોતે, ૨૧, દેવપ્રકાશ, ચોથા માળે, ચોપાટી સીફેસ, મુંબાઈ-૭. પૃ. ૩૧૨, પાકું પૂઠું, રૂ. ૪૦.

મંગલા : (સાહિત્ય અને સંશોધન) લે. જેઠાલાલ ત્રિવેદી. પ્ર. પોતે, કવિકુટિર, રાંધેજા. પૃ. ૩૧૦, પાકું પૂઠું, રૂ. ૧૫.

ચંદનીએ ચીતર્યાં સમીર : લે. ચન્દ્રશંકર ભટ્ટ. પ્ર. પોતે, 'ભૂમા' તપોવન સોસાએટી, અમદાવાદ-૧૫. પૃ. ૧૫૮, પાકું, રૂ. ૨૫.

ધર્મતત્ત્વ વિચાર (ભાગ-૪) : લે. દીવાન બહાદુર નર્મદાશંકર મહેતા. પ્ર. મંત્રી, અગમનિગમ મંડળ, ધીકાંટા, અમદાવાદ-૧. પૃ. ૪૨૦, પાકું પૂઠું, રૂ. ૪૫.

ને 'શેષ પ્રશ્ન' જેવી નવલકથાઓનાં અનુક્રમે માધવી, રમા, સાવિત્રીને કિરણમયી, કમલલતા તથા કમલ જેવાં સ્ત્રીપાત્રોની ચર્ચા કરાઈ છે.


આ ચર્ચા દરમિયાન લેખિકાએ તે તે નવલકથાનો ઉપયોગી કથાસાર લાઘવથી આપતા જઈ તે પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીપાત્રોની ચર્ચા કરી છે. આથી વાંચનારને કથાતંતુ સ્મરણમાં રહે, જો કથા ન વાંચી હોય તો સમજમાં આવે, એ રીતે એનું નિરૂપણ થયું છે. એક પાત્રની ચર્ચા કરતી વખતે બીજા પાત્રોની તુલનાત્મક વાતના ઈશારા પણ અનિવાર્ય હોય ત્યાં આવ્યા વગર રહેતા નથી. તો વળી ક્યાંક ક્યાંક પ્રસ્તુત સર્જકોનાં તે તે નારીપાત્રના સર્જન તરફના અભિગમની પણ સમીક્ષા કરી છે. આ દરમિયાન પાત્રોનાં અંતરંગ અને વર્તનનું પણ એમણે વિશ્લેષણ કર્યું છે, અને ક્યાંક ક્યાંક વિવેચનાત્મક અભિપ્રાયો પણ ઉચ્ચાર્યા છે. સરળ અને રસપ્રદ શૈલીએ અહીં નારીપાત્રોના થએલા અભ્યાસો કેવળ વિવેચનની શાસ્ત્રીય ચર્ચારીતિમાંથી ઊગરી ગયા છે અને માનવીય પરિપ્રેક્ષ્યમાં મુલવણીઓ આપતા ગયા છે. લઘુ કદનું આ પુસ્તક મુદ્રણ ને સજાવટની સાદગીમાં પણ કલાસૂઝ પ્રકટ કરી જાય છે એટલી આડવાત પણ અહીં ઉલ્લેખનીય છે. (પ્રાપ્તિસ્થાન : આર. આર. શેઠની કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૪૩, રૂ. ૯.)

પચ્ચીસ વર્ષ પહેલાં

જૂન ૧૯૫૫ - સળંગ અંક ૩૭૮



શરીર અને મનનો પરસ્પર સંબંધ અને એકબીજા પર પ્રભાવ દર્શાવતું એક પ્રકરણ પોતાની લેખમાળા 'માંદગીનાં મૂળ'માં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીએ લખેલું. એનો કેટલોક વિચારણીય અંશ.



ક્રોધને લીધે ઉત્પન્ન થતા પ્રભાવની શરીરમાં વિવિધ અંગોમાં જણાતી અસર. ▷

આપણો અનુભવ છે કે જ્યારે આપણું શરીર માંદું હોય ત્યારે મન પણ બગડે છે. શરદી, સળેખમ કે માથું દુખવા જેવી નજીવી માંદગી વખતે પણ આપણને કામ કરવાનું મન થતું નથી. પરીક્ષા, ઈન્ટરવ્યુ, ટ્રેઈનમાં જવાની તૈયારી કે આપ્તજનનું મૃત્યુ વગેરે પ્રસંગોએ ગભરાટ, પરસેવો, ધ્રુજારો, ઝાડા ને તાવ વગેરે ચિહ્નો સતાવે છે. શુભ સમાચાર સાંભળીને શરીરનો બધો થાક ઊતરી જાય છે, આનંદથી ઉપાડેલા કામમાં થાક જણાતો નથી, જ્યારે ઉદ્વેગથી કામ કરતાં થાકી જવાય છે. માનસિક વ્યગ્રતા દૂર થયા બાદ શરીર હળવું ફૂલ અને સ્ફૂર્તિભર્યું લાગે છે. એકલા ખાવા કરતાં મિત્રો સાથે ખાવામાં અનુભવાતા આનંદથી વધારે ખાધાનો અને જલદી પચી જવાનો અનુભવ જાણીતો છે. નૈસર્ગિક સૌંદર્ય જોવાથી આહ્લાદ, શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. આ છે મનના બળથી શરીર ઉપરની અસરો.

આયુર્વેદાચાર્યોએ તો હજારો વર્ષ અગાઉ કહ્યું છે કે મનની અસર શરીર પર થાય છે જ. જમતી વખતે ચિત્ત પ્રસન્ન રાખવાનો એમનો આદેશ છે, અને ક્રોધ તથા ક્લેશથી પાચનક્રિયા ઉપર માઠી અસરો થતી હોવાનું એમણે કહ્યું છે. હવે આ હકીકત વિજ્ઞાનની કસોટીએ ચડીને નક્કર સત્ય પુરવાર થઈ છે.

યુદ્ધ સમયમાં ઘણા સૈનિકો પક્ષાઘાતથી પટકાઈ પડયા હતા. આ થવાનું દેખીતું કોઈ શારીરિક કારણ ન હતું. ફક્ત યુદ્ધમોરચે જવાનું બંધ થાય એવી અજાગ્રત મતલબનું આ પરિણામ હતું! હવાઈ હુમલા પછી એક અંગ્રેજ યુવાન બહેરો બની ગયો હતો. તપાસમાં કોઈ શારીરિક ખોડ ન જડી, પણ બહેરાની ખૂબી એ હતી કે તે પંખીઓના કલરવ સાંભળી શકવા છતાં ઘરના અમુક માણસોની બોલી જ સાંભળી શકતો ન હતો! હકીકત એમ હતી કે આ માણસો એને હવાઈ હુમલાના ત્રાસદાયક બનાવો કહેનારા હતા. દરદીને આ બાબત સમજાવી કે આશ્ચર્યજનક રીતે એની બહેરાશ અદૃશ્ય થઈ ગઈ!

મનનાં બે પાસાં છે: બુદ્ધિ અને સંવેદના. સંભવ છે કે વ્યક્તિની બુદ્ધિનો વિકાસ સધાયો હોવા છતાં એની સંવેદનાઓ અપરિપક્વ રહી હોય. જ્યારે મંદબુદ્ધિની સંવેદનાઓ પક્વ બની હોય છે. મોટા ભાગના બુદ્ધિશાળી લોકો અપરિપક્વ સંવેદનાવાળા હોય છે. જેઓ અંતમાં એક કે બીજા પ્રકારની માનસિક અસ્વસ્થતાના ભોગ થઈ પડે છે. આ થવાનું સામાન્ય કારણ ભય છે.

આ 'ભય'નો અર્થ વિશાળ લેવાનો છે. કોઈ પણ કારણ વિના તે ઉપસ્થિત થવાથી માંડી કોઈ પણ કારણ હોય તો પણ એનાં પ્રમાણ અને ટકાવ હદ વિનાનાં હોય છે. ભય પેદા થવાનું કારણ નાસીપાસી છે. હરીફાઈ અને સ્પર્ધાના આ જમાનામાં વ્યક્તિમાત્ર જીવનવિગ્રહની કપરી કસોટીમાંથી પસાર થઈ રહી છે. દરેકની જિંદગીની દોડધામ વધી પડી છે. આ અંગે આવી પડતા આંતરિક બોજા અને ભાર હેઠળ અવનવા પ્રકારની નાસીપાસીઓનો સામનો માણસને કરવો પડે છે. જેઓ અપરિપક્વ સંવેદનાઓવાળા હોય છે તેઓ આ નાસીપાસીઓથી તૂટી પડી, ચિત્તક્ષોભ કે રોગિયા મન(neurosis)ના ભોગ થઈ પડે છે. અને રોગિયું મન તો અનેક પ્રકારના રોગ ઊભા કરે છે. જેવા કે ખૂબ થાક, સાયનસ-વ્યાધિ, શરદી-સળેખમ, કમરનો વા, શંગ્રણુ, હોજરીનાં ચાંદાં જેવા હોજરીના વિવિધ રોગો, લોહીનું ઊંચું દબાણ, માથું દુખવું, દંતશૂળ, હૃદયશૂળ, ખરજવું અને ચામડીના બીજા રોગો વગેરે. શરીરના અવયવોમાં દેખા દેતા આ વ્યાધિઓ બીજું કાંઈ નહિ પણ મનની વ્યથા ને વ્યગ્રતાઓનું જ ખુલ્લું પ્રદર્શન છે. આમાં ખરી સારવારની જરૂર શરીરને નહિ પણ ખુદ 'જીવન' (life)ને જ હોય છે.

માંદગીમાં કોઈ પણ બે વ્યક્તિ સરખી નથી ઊતરતી. એક જ જાતના ચેપી રોગથી પીડાતા બે માણસોમાંથી એક કાં તો વેદનાની બૂમો પાડતો પથારીમાં પડે છે, તો બીજો પથારીમાં સૂવાની પણ ના પાડે છે. એકને સતાવતી વેદના બીજાને ફક્ત બેચેની જ ઉપજાવે છે. વ્યાધિ અને વેદના સહન કરવાની તાકાતના આ ફેરફારનો આધાર મનની સંવેદનાશક્તિની ખિલવણી ઉપર છે. અપરિપક્વ સંવેદનાવાળાઓ માંદગી આવતાં જ હલબલી ઊઠે છે. જ્યારે પક્વ સંવેદનાઓવાળા માંદગીને જિંદગીનો એક અનિવાર્ય બનાવ લેખે છે. ઘણા થોડા માણસો ગંભીર માંદગી કે અકાળ મોતને શાંતિ અને સ્વસ્થતાથી સ્વીકારતા હોય છે. માંદગીમાં જેટલી મનની શાંતિ ને સ્વસ્થતા જળવાય એટલા પ્રમાણમાં આરોગ્ય વહેલું પ્રાપ્ત થાય છે. એટલા માટે જ રોગીના ઓરડાનું વાતાવરણ સ્વચ્છ અને પ્રફુલ્લિત રાખવાનો, માંદા માણસને જોવા આવનારાઓએ 'ઘણો સુધારો છે' આવું કહેવાનો, ને મનની શાંતિ તથા પ્રફુલ્લતા જળવાય એવી વાતો કરવાના શિષ્ટાચાર પાળવાનો આદેશ છે.

આયુર્વેદમાં માનવીને શરીર, મન અને આત્માનો સંયોગ કહ્યો છે. 'આરોગ્ય'ની સંજ્ઞામાં એકલું શારીરિક આરોગ્ય નહિ, પણ માનસિક અને આધ્યાત્મિક આરોગ્યનો પણ સમાવેશ થાય છે. મહર્ષિ સુશ્રુતે સંપૂર્ણ આરોગ્યની વ્યાખ્યા આપતાં प्रसन्नात्मेन्द्रियमनाः

(આત્મા ઇન્દ્રિયો અને મનની પ્રસન્નતા હોવાનું) લખ્યું છે. આયુર્વેદના પ્રણેતાઓએ મનને જડ અને અચેતન કહેવા સાથે એની ક્રિયાઓ આત્માના કારણે થવાનું કહ્યું છે. જ્ઞાનતંત્ર દ્વારા આખું શરીર મગજ સાથે જોડાએલું છે અને એ મગજના અંકુશ નીચે જ આખા શરીરની કામગીરીઓ ચાલે છે. શરીરના બધા અવયવો એકબીજાના પરસ્પર સંબંધમાં રહી એક અને અખંડ શરીર નિભાવે છે. આમ, મગજ કે એક અવયવની ઉત્તેજનાની અસર આખા શરીર પર વ્યાપી રહે છે. રાગદ્વેષ આદિ મનના વ્યાપારોના કારણે ઉત્પન્ન થતા ભાવોની અસર આખા શરીર ઉપર પડે છે. આને 'પ્રભાવ' (effect) કહે છે.

ક્રોધનો પ્રભાવ જોઇએ. ક્રોધ વખતે આપણા શ્વાસોચ્છ્વાસ ઊંડા બને છે. હૃદય વધુ જોસથી ધબકે છે. લોહીનું દબાણ વધે છે. હોજરી અને આંતરડાંમાંનું લોહી આપણાં હૃદય માંસપેશીઓ તથા મધ્યસ્થ જ્ઞાનતંત્ર ભણી દોડી જાય છે. અન્નમાર્ગની ક્રિયાઓ બંધ પડે છે. કલેજામાંથી શર્કરાના ભંડાર છૂટા થાય છે. એડ્રેલિન સ્રવે છે. પરિણામે માથાના વાળ ને રૂંવાડાં ઊભાં થાય છે. ભવાં ઊંચાં ચડવા સાથે આંખો પહોળી થાય છે. હૃદયના ધબકારા તથા શ્વાસોચ્છ્વાસ વધી પડે છે. હથેલીમાં ચિકાશ છૂટવા સાથે શરીરે પરસેવો વળે છે. ચિત્ત અસ્થિર બને છે. ક્રોધ અને ભયના કટોકટીકાળને પહોંચી વળવાને માટે જ આ બધી જ્ઞાનતંતુ અને માંસપેશીઓની ક્રિયા સિમ્પેથેટિક જ્ઞાનતંત્ર તથા એડ્રેલિનના સહકારથી થાય છે. આ રીતે શોક, ઉત્સાહ, આશ્ચર્ય, જુગુપ્સા, કામ વગેરે સંવેદનાઓની ઉત્તેજના વખતે એનો પ્રભાવ શરીરનાં જુદાં જુદાં અંગો ઉપર થાય છે.

સંવેદનાઓની ઉત્તેજનાની જેમ વિચારોની ઉત્તેજનાનો પ્રભાવ પણ શરીર પર પડે છે. વિચારોમાં 'સંકલ્પ' અને સ્મૃતિ' બંને છે. મનના કારણે આમાંથી સારા કે માઠા 'પ્રભાવ' પેદા થાય છે. મનને પ્રિય એવા વિચારોથી સુખદાયી પ્રભાવ થાય છે. જો પ્રભાવ પ્રબળ હોય તો તે 'આવેગ'નું રૂપ ધારણ કરે છે, અને એ આવેગના પૂરથી પછી શરીરમાં ક્રિયા-પ્રતિક્રિયાઓની રમઝટ જામી પડે છે. હર્ષ, ઉદ્વેગ, કામ વગેરે આવેગોની શરીર પરની અસરો કોણે નહિ અનુભવી હોય?

મનના વ્યાપારોની શરીરવ્યાપી અસરો આપણે જોઈ. મનને કેળવવા, મજબૂત ને સ્થિર બનાવવા માટે આયુર્વેદમાં ઉપાયો સૂચવ્યા છે. મહર્ષિ ચરકનું કથન છે કે આહારમાંથી મનની શુદ્ધિ નીપજે છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ લખ્યું છે કે શુદ્ધ આહારથી જ સત્ત્વગુણનો લાભ—અંતઃકરણની શુદ્ધિ અને અંતઃકરણની શુદ્ધિથી શુદ્ધ સ્મૃતિ પ્રાપ્ત થાય છે. મનની ઉત્પત્તિ શરીરમાંથી છે ને શુદ્ધ આહારથી જ શરીર દોષ વિનાનું બને છે. આમ થાય તો જ મન સ્થિર થાય છે. મન સ્થિર થાય તો જ આત્મજ્ઞાન થાય છે, અને એ આત્મજ્ઞાન વતી જ મન ઉપર જીત મેળવાય છે. શ્રીમદ્ શંકરાચાર્યે કહ્યું છે કે 'જેણે મન જીત્યું એણે જગ જીત્યું.'


મહર્ષિ ચરકે આરોગ્ય જાળવવાના નિયમો દર્શાવવા સાથે મનને દૂષિત ને ક્લિષ્ટ બનાવનાર કામો કરવાની મનાઈ ફરમાવી છે. રાગદ્વેષ, કામ, ક્રોધ, વેર, મત્સર આદિ વૃત્તિઓને કાબૂમાં રાખવાનો એમાં આદેશ છે; આત્મા તથા મનને બલિષ્ઠ ને ઉન્નત કરવાનો, ઇન્દ્રિયોના ઊફામ વ્યાપારોને કાબૂમાં રાખી શરીરને અતિવ્યયમાંથી ઉગારવાનો ઉપદેશ છે. અંતમાં મહર્ષિ ચરકનો અભય કોલ છે કે, 'જે આરોગ્યના નિયમો વિધિપુરઃસર પાળે છે તે સો વર્ષ સુધી નીરોગી થઈને જીવે છે.'

શતરંજનો કોયડો-૬

. . . . સુરેશ મોદી

માર્ચના અંકમાં આપેલ આ બેણીના ત્રીજા કોયડાના બહુ જ ઓછા ઉકેલ મળ્યા છે. તે પરથી લાગે છે કે વાચકોનો Fairy chess કોયડા પર હાથ જામ્યો નથી. એથી આ વખતે એક ટચૂકડા (૪×૪) બોર્ડ પર બહુ જ સરળ કોયડો રજૂ કરીએ છીએ.

આકૃતિમાં સફેદનો એક ઘોડો જ છે અને કોયડાની શરત છે કે તેણે પોતાનું સ્થાન છોડવાનું નથી. કાળા પ્યાદાને પણ ચાલવાની છૂટ નથી. ફક્ત કાળા ઊંટ, હાથી અને રાજા ચાલીને ઓછામાં ઓછી કેટલી ચાલમાં કાળો રાજા સફેદના ઘોડાને મારી શકે છે તે શોધવાનું છે રાજા શેહમાં ચાલી શકે નહિ તે તો વાચકોને યાદ હશે જ.



કોયડાની શરત પ્રમાણે કાળો રાજા સફેદ ઘોડાને ઓછામાં ઓછી કેટલી ચાલમાં મરી શકે?

આપનો ઉકેલ ૨૦ જુલાઈ સુધીમાં નીચેના સરનામે મોકલો:

Suresh M. Mody
H-6 Saraswati Society
Govandi Rd., Chembur
Bombay 400071

માર્ચના કોયડા (નં. ૩)નો ઉકેલ


સ્થિતિ : 7n/2nPkpPp/r4pbr/B4p1P/5p1P/2K2P2/16.

કોયડો : કાળાએ રમવાનું અને સફેદને બે જ ચાલમાં કાળાને મ્હાત કરવામાં મદદ કરવાની. Set mate : ચાવીની ચાલ વિનાની મ્હાત.

1..., P-Q8 (=R), 2N-K3, P-N8 (=N).


ઉકેલ : 1 N-R1, P×N (=B); 2K-B1, P-Q8 (=Q). સેટ અને ઉકેલમાંના બે મ્હાતમાં મળીને પ્યાદાને ચારેય મ્હોરાં બનાવવામાં આવે છે. Fairy chess કોયડાના સૌથી મહાન રચયિતા. T. R. Dawsonનો આ સુંદર કોયડો ૫૦ વર્ષ જૂનો છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલ ગુણ: ૧. એ. એલ. ઝાલાવાડિયા, માંગરોળ (૧૦ ગુણ). ૨. ધીરુભા ભીખુભા ગોહિલ, અમદાવાદ (૬ ગુણ). ૩. લક્ષ્મણભાઈ હરિભાઈ, વડપંચાસરા (૬ ગુણ). ૪. હેમંત બચુભાઈ મિસ્ત્રી, મોટાવડાળા (૦).



જગતના મુખ્ય ધર્મો : અલબત્ત પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં આવેલા આ નકશામાં દર્શાવ્યા છે તે તે પ્રદેશોમાં જે ધર્મ પ્રચલિત હોવાનું બતાવ્યું છે એ સિવાય અન્ય કોઈ ધર્મમત ત્યાં પ્રચલિત નથી એવું તો નથી જ. અહીં તો એ પ્રદેશોમાં મુખ્યતઃ કયો ધર્મ પ્રચલિત છે એ દર્શાવ્યું છે. નકશો જોતાં જણાય છે કે જગતના અન્ય ધર્મોને મુકાબલે ઇઝરાએલમાં પ્રચલિત યહૂદી ધર્મ તથા જાપાનના શિન્ટો ધર્મનો પ્રચાર બહુ જ ઓછો થઈ શકયો છે, જો કે બીજા વિશ્વયુદ્ધ બાદ જાપાનમાં શિન્ટો ધર્મ તો સત્તાવાર રીતે ભૂંસાઈ ગયો છે. છતાં એ પહેલાં પ્રકૃતિ અને કેટલાંયે દેવદેવીઓને માનતો એ ધર્મ ત્યાંનાં ઘણાં બૌદ્ધ ધર્મીઓમાં પ્રચલિત હતો જ. ટૂંકમાં ત્યાં એ બંને ધર્મ પૂરેપૂરા સેળભેળ થઈ ગયા હતા. આવી જ રીતે નકશો જોતાં બીજું ધ્યાન એ દોરાય છે કે દુનિયાનો હજી ઘણો ભાગ ધર્મવિહીન છે, અથવા ત્યાં સદીઓથી ઊતરતી આવતી માન્યતાઓ અને વહેમો જ હજી પ્રચલિત છે.

ધાર્મિક સંજ્ઞાઓ : કળશ



સમુદ્રમંથનના ફલ રૂપે પ્રાપ્ત થનારા અમૃત-ને ધારણ કરવા—

कलंकलं गृहीत्वा च देवानां विश्वकर्मणा ।
निर्मितो यः सुरैर्यस्मात् कलशस्तेन उच्यते ।।

દેવોના અંશ લઈને વિશ્વકર્માએ નિર્મિત કર્યો તે કળશ. છેક વેદકાળથી પ્રચલિત-પરિચિત આ પ્રતીક બૌદ્ધો તથા જૈનોમાં પણ સ્વીકારાયેલું છે. કાલિકાપુરાણમાં કળશના મુખમાં બ્રહ્મા, કંઠમાં શંકર મૂલભાગમાં વિષ્ણુ અને મધ્યભાગે માતૃકાગણ તથા તેની ચોપાસ દશે દિશામાં દિગ્પાલોનો વાસ હોવાની કલ્પના છે. તેના ઉદરમાં સપ્તસાગર, સપ્તદ્વીપ, ગ્રહનક્ષત્રો, કુલપર્વત ગંગાદિ સરિતાઓ અને ચારેય વેદ સમાએલા છે. આથી પૂજાસ્થાને સર્વ દેવતા અને દેવીના પ્રતીક તરીકે તેનું સ્થાપન થાય છે. વિવાહાદિ મંગલ કાર્યો, શાંતિકર્મ, શુભ શુકન, રાજ્યાભિષેક ઈત્યાદિ ધર્મકાર્યો ને શુભપ્રસંગોએ કલશનું મહત્ત્વ છે. તેના વ્યાપક મહત્ત્વને લીધે ચિત્ર અને શિલ્પ કલામાં એનાં સંખ્યાબંધ સ્વરૂપો રચાયાં છે.

આધ્યાત્મિક પ્રતીક તરીકે કળશ એટલે માનવશરીર અને એમાંનું જળ તે જીવનતત્ત્વ. શરીર એ માટીના પાત્ર બરાબર છે, પણ તે પાત્રમાં ચેતન્યરૂપ તત્ત્વ ભરાયાથી એનું મૂલ્ય સુવર્ણકળશથી યે અધિક છે. પૂર્ણકુંભ રૂપે ભારતીય કલામાં ચૈતન્યપૂર્ણ માનવશરીરની મધુર કલ્પના સાકાર થઈ છે. તેના મુખમાં મૂકેલાં પુષ્પપલ્લવ એ જીવનસમૃદ્ધિનાં દ્યોતક છે.



માધુકરી

ખુદ્દાર થા !

'બંદગી કર' – પણ નહિ લાચાર થા,
એની યારીનો ખરો હકદાર થા.
થાકી હારીને કદી સિજ્દા ન કર–
કે ખુદાથી તું વધુ ખુદ્દાર થા ! —'ચાતક'

ઇતિહાસાચાર્ય ડૉ. રમેશચન્દ્ર મજુમદાર

આપણા દેશના ઇતિહાસનાં બે પ્રકાંડ-પંડિતોની મનીષાની ઉપમા હિમાલય અને વિન્ધ્યાચલ સાથે અપાય છે. એમાંના પ્રાધ્યાપક સ્વ. જદુનાથ સરકાર, હિમાલય જેવા ઉત્તુંગ અને બીજા પ્રાધ્યાપક રમેશચન્દ્ર મજુમદાર, વિન્ધ્યાચલ જેવા ગહન. ગઈ ૧૧મી ફેબ્રુઆરી(૧૯૮૦)એ કલકત્તામાં ૯૨ વર્ષની વયે આ મજુમદાર દેવલોકવાસી થયા.

આંતરરાષ્ટ્રીય કીર્તિ પામેલા ડૉ. મજુમદારનો જન્મ વર્તમાન બાંગ્લાદેશના ફરીદપુર જિલ્લામાં ખાદરવાડા ગામમાં ૪ ડિસેમ્બર ૧૮૮૮ના દિવસે એક ઉચ્ચ બંગાલી પરિવારમાં થયો હતો. પ્રારંભિક શિક્ષણ કટક (ઉત્કલ પ્રદેશ)ની રેવન્શા કૉલેજમાં પ્રાપ્ત કરીને ૧૯૧૨માં કલકત્તા વિશ્વવિદ્યાલયમાંથી તેઓ ઇતિહાસશાસ્ત્રમાં બીજા નંબરે એમ.એ. થયા. પ્રબુદ્ધ છાત્ર હોવાથી એમને ભારતીય ઇતિહાસના કુશાણ-કાલ ઉપર શોધ કરવા માટે શ્રી પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ (પી. આર. એસ.) મળી અને એમણે ગ્રિફિથ-પુરસ્કાર પણ મેળવ્યો.

ભારત-વિશ્રુત ઉપકુલપતિ સર આશુતોષ મુખર્જીના આગ્રહ ને આમંત્રણથી તેઓ કલકત્તા યુનિ૰માં ઇતિહાસના પ્રાધ્યાપક બન્યા. તે દરમિયાન એમની વિખ્યાત રચના 'કૉર્પોરેટેડ લાઈફ ઈન ઍન્શિયન્ટ ઈંડિયા'—'પ્રાચીન ભારતમાં સંઘજીવન' માટે એમને પીએચ. ડી.ની પદવી મળી.

ઈ. ૧૯૨૧માં નવી સ્થપાએલી ઢાકા યુનિવર્સિટીમાં ઇતિહાસના પ્રાધ્યાપક અને વિનયન (આર્ટ્સ) વિભાગના વડા તરીકે તેઓ ચૂંટાયા. તેત્રીસ વર્ષની ઉંમરે તેઓ વિખ્યાત આંગ્લ-પ્રાધ્યાપક શ્રી લેસ્લી અને પ્રો. હરપ્રસાદ શાસ્ત્રી જેવા ધુરંધર મનીષીઓને હરાવીને ડીન પદે ચૂંટાયા હતા. ઈ. ૧૯૩૫માં ઢાકા યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર બન્યા.

ઢાકામાં એમનું નિવાસ-સ્થાન વિદ્વાનો અને સંસ્કારવાંછુ શોધપ્રિય લોકોની અવરજવરથી સદા ગુંજતું રહેતું. કવિસાર્વભોમ શ્રી રવીન્દ્રનાથ ઠાકુર, સાહિત્ય-શિરોમણિ શરદચન્દ્ર ચટ્ટોપાધ્યાય અને ઇતિહાસાચાર્ય પ્રો. જદુનાથ સરકાર જેવી વિભૂતિઓ એમનું આતિથ્ય સ્વીકરવા એમને ઘરે આવી ગએલી.



એકાએક એમનું ધ્યાન બૃહત્તર-ભારત (હિન્દી ચીન અને પૂર્વીય દ્વીપસમૂહો) તરફ ખેંચાયું. જાતમહેનતથી એમણે ફ્રેન્ચ અને ડચ ભાષાઓ શીખી લઇને ચંપા ને કંબોડિયા વિષે વિસ્મૃત ઇતિહાસ લખ્યો. આગળ જતાં એ શોધપ્રબંધ 'હિન્દુ કૉલોનીઝ ઈન ધી ફાર ઈસ્ટ' નામથી છપાયો.

કોમી અશાંતિના ભયાવહ દિવસોમાં પણ તેઓ આસ્થાપૂર્વક પોતાનું શોધકાર્ય આગળ ચલાવતા હતા. પરન્તુ પરિસ્થિતિ વધુ તંગ બનતાં અંતે તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જોડાયા અને પ્રાચીન-ભારતીય-વિદ્યા (ઇંડોલૉજી) વિભાગના વડા બન્યા. થોડા સમય માટે નાગપુર યુનિવર્સિટીમાં યે ભારતીય વિદ્યાના પ્રાધ્યાપક રહ્યા હતા. અમેરિકાની

શિકાગો અને ફિલાડેલ્ફિયાની યુનિવર્સિટીઓએ પણ એમને પર્યટક પ્રાધ્યાપક (વિઝિટિંગ પ્રોફેસર) તરીકે નિમંત્રિત કર્યા હતા.

ભારત અને પરદેશની ઇતિહાસ-વિષયક સંસ્થાઓ અને મંડળો સાથે ડૉ. મજુમદાર સક્રિય રીતે જોડાએલા હતા. ભારતીય-ઇતિહાસ પરિષદ, પ્રાચ્યવિદ્યાપરિષદ અને 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ હિસ્ટોરિકલ સ્ટડીઝ'ના અધ્યક્ષ તરીકે પણ એમણે સુંદર કાર્ય કર્યું હતું.

ઈ. ૧૯૫૧માં એમણે 'યુનેસ્કો'ની વાર્ષિક સભામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ત્યાં આંતરરાષ્ટ્રીય કમિશનના ઉપપ્રમુખ તરીકે સારી કામગીરી બજાવી હતી. એ જ વર્ષે ઈસ્તંબુલમાં ભરાએલી બાવીસમી વિશ્વ-પ્રાચ્યવિદ્યા પરિષદમાં તેઓ ભારતીય–વિદ્યા–વિભાગના પ્રમુખ નિમાયા હતા. ૧૯૫૭માં ભારતીય ઇતિહાસ કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાયા. કલકત્તાની એશિયાટિક સોસાએટી અને ઇંગ્લૅન્ડ તથા આયર્લૅન્ડની 'રૉયલ એશિયાટિક સોસાએટી' તથા પૂનાના 'શ્રી ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર'ના તેઓ વરિષ્ઠ સદસ્ય (માનદ ફેલો) હતા.

ડૉ. મજુમદારની મનીષા અને વિપુલ જ્ઞાનનો લાભ લેવા અને અપાવવા માટે ભારતના વિવિધ વિશ્વવિદ્યાલયો ને બીજા વિદ્યા-પ્રતિષ્ઠાનો એમને અવારનવાર નિમંત્રિત કરતા હતા. કલકત્તા વિશ્વવિદ્યાલયમાં 'રાજવલ્લભ' વિષે, મદ્રાસ યુનિવર્સિટીમાં કંબોજ દેશ (કંબોડિયા) વિષે, ભારતીય–વિદ્યા–ભવન, મુંબાઈમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ વિષે, વડોદરા યુનિવર્સિટીમાં દક્ષિણ-પૂર્વ એશિયામાં પ્રાચીન ભારતીય ઉપનિવેશો વિષે, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદમાં અગ્નિ એશિયામાં ભારતીય સંસ્કૃતિ વિષે, વિશ્વ ભારતી (શાંતિનિકેતન)માં ૧૯મી શતાબ્દીમાં બંગાલની અવસ્થા વિષે, ને પટના યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદ વિષે, જ્ઞાનવિસ્તારિણી વ્યાખ્યાન-માળાઓ આપીને જ્ઞાનસંવર્ધન અને પ્રસારણમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે. ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓનો સમાવેશ કરીને એમણે લેખક અને સંપાદક તરીકે બંગાલી અને અંગ્રેજીમાં છ ડઝનથી વધુ મૂલ્યવાન ગ્રંથો લખ્યા છે.

ઈ. ૧૯૪૫માં ગુજરાત ને ભારતની અસ્મિતાના સ્વપ્નદર્શી મનીષી શ્રી કનૈયાલાલ મુનશીએ ભારતીય વિદ્યા-ભવનના તત્ત્વાવધાનમાં 'ભારતીય પ્રજાના ઇતિહાસ અને તેની સંસ્કૃતિ'ના વિશાળ ફલકવાળી, અતિ સમૃદ્ધ ગ્રંથાવલીનું સંપાદન કાર્ય આગ્રહપૂર્વક ડૉ. મજુમદારને સોંપ્યું હતું. જે સ્વીકારીને તેમણે અગિયાર દળદાર ખંડોમાં સમાવી છે. દીર્ઘ આયોજન, કઠોર પરિશ્રમ અને લાંબા સમયની સેવાની અપેક્ષા રાખે તેવું ભારતીય ઇતિહાસને સમૃદ્ધ કરનારું આ યશસ્વી કાર્ય, તેમના જીવનનો એક મહામૂલ્ય વારસો બની રહેશે.

ભારતીય ઐતિહાસિક ચરિત્રોમાં તેઓ સૌથી વધુ અશોકથી પ્રભાવિત હતા. અશોક પછી શિવાજીનું ચરિત્ર એમને ગમતું હતું. એમના અભિપ્રાય પ્રમાણે શિવાજી નેપોલિયન કરતાં પણ વધુ વ્યક્તિત્વસંપન્ન યોદ્ધા હતા. અશોક અને શિવાજી પછી મહાત્મા ગૌતમ બુદ્ધ અને તેમના ભૂતમાત્ર પ્રત્યેના અતુલનીય પ્રેમના તેઓ ચાહક હતા.

ભારતીય તવારીખના કોઈ પણ કાળને મજુમદારની લેખિની એક નવું જ દર્શન, નૂતન અર્થઘટન અને અભિગમ લઈને રજૂ કરતી હતી. ભારતી–વિદ્યા–ભવનની ઇતિહાસ ગ્રંથાવલીના લેખનમાં વિવિધ વિષયોના વિદ્વાનોએ વિવિધ પાસાંઓ આવરી લીધા છે. આ ગ્રંથાવલી માટે ઘણાં પ્રકરણો તો મજુમદારે જ લખ્યાં છે. પરંતુ સંપાદન કાર્યમાં એમણે લેખકોને પૂરતું સ્વાતંત્ર્ય આપ્યું છે. અમુક સ્થળોમાં લેખક કરતાં જુદા પડતા મંતવ્યો રજૂ કરતાં આ સમર્થ ઇતિહાસવેત્તા અચકાયા નથી. આ દૃષ્ટિએ તેમનું સંપાદન કૌશલ ખરેખર પ્રશંસનીય રહ્યું છે. ભારતીય ઇતિહાસ અને તેની સંસ્કૃતિનો છેલ્લો અગિયારમો ખંડ ૧૯૭૭માં પ્રકટ થયો, ત્યારે એમની ઉમર અઠ્ઠ્યાશી વર્ષની હતી. લંડનના પ્રસિદ્ધ ટાઈમ્સ પત્રના લિટરરી સપ્લિમેન્ટે આ ગ્રંથની કક્ષા ખૂબ જ ઊંચી ગણાવી છે.

ઐતિહાસિક સત્યો અને ઘટનાઓને યોગ્ય સ્વરૂપમાં પ્રસ્તુત કરવાના આગ્રહમાં મજુમદાર સ્વધર્મનું પરિપાલન સમજતા. તેમનાં લેખન અને વક્તવ્ય બન્નેમાં ગંભીર અધ્યયન, સૂક્ષ્મ વસ્તુઓને સમાવિષ્ટ કરી લેવાની ભાવના, વિચારોની ક્રમબદ્ધતા, તર્કશુદ્ધતા અને અર્થઘટનની અભિનવ પરિપાટી ધ્યાન ખેંચે એવી છે.

એમના ભગીરથ પુરુષાર્થને લીધે ભારતીય ઇતિહાસનું સૂત્રબદ્ધ આલેખન અને પુનરાવલોકન થતાં અગાઉના ગ્રંથોમાં રહી ગએલી ત્રુટિઓ દૂર થવા પામી છે. પોતાના અવસાનના થોડાક મહિના પહેલાં તેઓ શ્રી પી. એન. ચોપડા સાથે 'ભારતીય ઇતિહાસની મુખ્ય ધારાઓ' પુસ્તક પ્રસિદ્ધ કરી ગયા છે. બંગાલના ઇતિહાસ વિષે પણ એમણે વિશેષ પુસ્તક લખ્યું છે. એમના થોડાક અગ્રગણ્ય ગ્રંથો આ પ્રમાણે છે: (૧) એન્શિયંટ ઇંડિયા (રાજકીય ને સાંસ્કૃતિક ઇતિહાસ), (૨) સિપૉય મ્યુટિની ઍન્ડ રીવૉલ્ટ ઑવ ૧૮૫૭, (૩) ધી કલાસિકલ ઍકાઉન્ટ્સ ઈન એન્શિયંટ ઇન્ડિયા, (૪) સ્ટડી ઑવ સાયન્સીઝ ઈન એન્શિયન્ટ ઇંડિયા, (૫) એન એડ્વાન્સ્ડ હિસ્ટ્રી ઑવ ઇંડિયા, (૬) ગ્રેટ વિમેન ઑવ ઇંડિયા, અને (૭) ગ્રેટર ઇન્ડિયા.

ભારતના સ્વાધીનતા–આંદોલનના ઇતિહાસ વિષે ત્રણ ખંડો લખીને એમણે એ આંદોલનો વિષે પોતાના મૌલિક વિચારો અને અર્થઘટનો રજૂ કર્યાં છે. યાદવપુર ને કલકત્તાની યુનિવર્સિટીએ એમને ડી. લિટ્‌ની માનદ્ પદવી આપી હતી. વિશ્વભારતી (શાંતિનિકેતન)એ 'દેશિકોત્તમ' (ગુરુવર્ય)ની ઉપાધિ અને કલકત્તાની સંસ્કૃત કૉલેજે 'ભારત-ભાસ્કર'નું બિરુદ આપી એમનું બહુમાન કર્યું હતું. ઈ. ૧૯૭૦માં એમને 'રવીન્દ્ર પુરસ્કાર' (૫૦૦૦ રૂ.) પણ મળ્યો હતો. મુંબઈની એશિયાટિક સોસાએટી તરફથી કૅમ્પબેલ સુવર્ણચન્દ્રક ને કલકત્તાની એશિયાટિક સોસા૦ તરફથી સર વિલિયમ જોન્સ તથા બી. સી. લાહા સુવર્ણચંદ્રકો અપાયા હતા.

સાદું જીવન અને ઉન્નત વિચારના ભારતીય આદર્શને તેઓ વરેલા હતા. પ્રભાતમાં પાંચ વાગ્યે તેઓ જાગી જતા અને નિત્યકાર્યોથી પરવારીને દક્ષિણ કલકત્તાના વિપિનચંદ્ર પાલ રોડ પર આવેલા એમના નિવાસગૃહમાં સાત વાગ્યે તેઓ પોતાના અધ્યયન ખંડમાં આવી જતા. એમના એ ખંડમાં સંખ્યાબંધ પુસ્તકો, જૂનાં સામયિકો, વિવિધ ફાઇલો, ચાર્ટો, અને સંદર્ભ સામગ્રીના ગંજ ગોઠવાઈ રહેલા છે. એક નિષ્ઠાવાન શોધક મનીષીનું ધન આથી વધુ શું હોઈ શકે?

અગિયાર વાગ્યા સુધી તેઓ લેખનવાચનમાં ખૂબ વ્યસ્ત રહેતા. અગિયાર વાગ્યે ભોજન અને પછી વામકુક્ષી. ત્રણ વાગ્યે ફરી તેઓ અધ્યયન કક્ષમાં આવી જાય અને પત્રોના જવાબો લખે, પ્રૂફો તપાસે અને પોતાના ઇતિહાસશાસ્ત્ર સિવાયના માનવી અને તેના જીવનને લગતા કોઈ પણ વિષય ઉપર લખે. સાંજે પાંચ વાગ્યે તેઓ સરોવરની પાળે ફરવા નીકળે. બે કલાક પ્રકૃતિના સાન્નિધ્યમાં ગાળીને સાત વાગ્યે પાછા ફરે. સાડા નવ વાગ્યે શયનનો સમય થાય ત્યાં સુધી રેડિયો ઉપર રવીન્દ્રસંગીત કે પછી બંગકવિ અતુલપ્રસાદ સેન કે નઝરુલ ઈસ્લામનાં ગીતો સાંભળે સાથેસાથે સામયિકો પણ જોઈ જાય.

જીવનભર ઇતિહાસ અને સંસ્કૃતિના વિપુલ ક્ષેત્રો ખેડનાર એક ઇતિહાસ-મનીષીનું જીવન આથી વધુ બીજી કઈ રીતે પ્રવૃત્તિ-પરાયણ હોઈ શકે?

—શંકરદેવ વિદ્યાલંકાર

છાશ

જેમ સ્વર્ગમાં દેવોના સુખ માટે અમૃત છે, તેમ પૃથ્વી ઉપર મીઠી છાશ છે. નિત્ય છાશનું સેવન કરનાર કદી બીમાર પડતો નથી. અને છાશના પ્રયોગથી મટેલા રોગો ફરી થતા નથી.

છાશના ચાર પ્રકાર બતાવેલા છે: તક્ર, ઘોળ, મથિત અને ઉદ્શ્વિત.

પાણી વિના ચિકાશ સહિત બનાવેલી દહીંની છાશ ઘૉળ, અને ચિકાશ વિનાની તથા પાણી નાખેલી છાશ ઉદ્શ્વિત અને ચોથે ભાગે પાણી નાખેલી છાશ તક્ર કહેવાય છે. ઘૉળવું વાયુ તથા પિત્તને હરે છે. ઉદ્શ્વિત કફકર, બળપ્રદ અને શ્રમ મટાડવામાં ઉત્તમ છે. તક્ર દસ્તને રોકનાર, તુરી, ખાટી, મધુર, દીપન, હલકી, ઉષ્ણવીર્ય, બળ આપનાર, વીર્ય વધારનાર, તૃપ્તિ આપનાર અને વાતહર છે.

છાશમાં ત્રણ રસો સમાએલા છે : અમ્લ, મધુર અને કષાય. છાશ એ તો દહીંની પુત્રી છે. મવાહી તેમ જ એમાંથી માખણ છૂટું પાડેલું હોવાથી ગુરુ નહિ પરંતુ લઘુ ગુણવાળી છે. એટલે દીપન અને પાચન માટે ઉત્તમ છે. વિપાકમાં મધુર છે. અમ્લ રસ અને કષાય રસવાળી હોવાથી વાત, પિત્ત અને કફ ત્રણેય પ્રકૃતિવાળાને પ્રાયઃ માફક આવે છે. એમાં ખાસ કરીને ગ્રાહી ગુણ હોવાથી મરડો, ઝાડા, સંગ્રહણી અને આંતરડાંનો ક્ષય વગેરે દર્દોમાં વધુ અસરકારક છે. જઠરાગ્નિની મંદતા, વાતરોગ, અરુચિ, ઊલટી, વિષમ જ્વર, પાંડુ, મેદવૃદ્ધિ, સંગ્રહણી, હરસ, મરડો, મૂત્રકૃચ્છ, ભગંદર, પ્રમેહ, ઉદરરોગ, કુષ્ઠ, કૃમિ, તરસ અને આંતરડાંના વિકારથી થયેલ સોજા વગેરે રોગોમાં લાભકારક છે.

છાશ કબજિયાત તોડે છે. આંતરડાંમાં મળનો ભરાવો થવા દેતી નથી. તે આંતરડાંના ખૂણેખૂણેથી મળને ઉખેડી કાઢી આંતરડાં સ્વચ્છ કરે છે. યુક્તિપૂર્વક વાપરવાથી વાત, પિત્ત અને કફજન્ય સર્વ દોષો ઉપર તે અમોઘ ઔષધીરૂપ છે. બપોરે જમ્યા પછી એકાદ વાડકો છાશ પીનારને

જઠર અને આંતરડાંના રોગો થતા નથી. છાશ સૌથી વધારે પાચક છે, એટલું જ નહિ પણ તે અન્ય ખોરાકને પચાવવામાં પણ મદદરૂપ છે. ઉનાળામાં ઠંડા પીણા તરીકે છાશમાં થોડી ખાંડ નાખી પીવાથી સ્વાદિષ્ટ શરબત જેવી લાગે છે. દહીં છાશ ગાયનાં જ વાપરવાં ઉત્તમ છે, કારણ કે એમાં જીવનતત્ત્વ અને પ્રાણદાયક શક્તિ વધારે છે. એનો ગુણ ઓજસ વધારવાનો છે અને એ ઓજસ જ આપણા શરીરને ટકાવી રાખી દીર્ઘાયુષી બનાવે છે. ગાય કરતાં ભેંશના દહીંની છાશ ભારે છે. બકરીની છાશ ગાય કરતાં હલકી અને ક્ષયનાશક ગુણવાળી છે. (નિરામય)

રાળનો મલમ

દ્રવ્યો : (૧) ચોખ્ખું ઘી તોલા ૧૦; (૨) રાળનું ચૂર્ણ તોલા ૧; (૩) કપૂર તોલા ૨; (૪) ફૂલાવેલો કાથો તોલો ૧.

બનાવટ : ચોખ્ખા ઘીને ગરમ કરી તે ઓગળે એટલે તેમાં ધીમે-ધીમે રાળનું ચૂર્ણ નાખી હલાવતા જવું. બંનેનું બરાબર મિશ્રણ થઈ જાય ત્યારે તેને પાણીમાં નાખી ખૂબ ફીણવું, ફીણીને ખૂબ ચીકાશ લાવવી. તે સફેદ ચીકણું થઈ જાય ત્યારે તેમાં કપૂર તથા કાથાનું ચૂર્ણ મેળવી ખૂબ ઘૂંટવું. આ મિશ્રણ તૈયાર થાય ત્યારે તેને પહોળા મોઢાની શીશીમાં થોડા પાણી સાથે ભરી દેવું.

ઉપયોગ : ૧) દાઝયા ઉપર આ મલમથી એક પણ ઔષધ ચડિયાતું નથી. દાઝયાની બળતરા, તેનાથી થતો પાક, તેમાંથી પડતાં ચાંદાંમાં આ મલમ અકસીર છે. દાઝયાની બળતરા એવી સરસ મટાડે છે કે ઠંડું હીમ જેવું લાગે છે. ૨) પગમાં ચીરા પડયા હોય તો તેમાં આ મલમ લગાવવાથી ચીરા ઓછા થઈ જશે. ૩) ગૂમડા ઉપર આ દવા લગાડવાથી જલદી રૂઝ આવી જશે. ૪) હાથપગમાં બળતરા આ મલમથી ઓછી થાય છે. ૫) ઝામર વાની બળતરા પણ આ મલમથી ઓછી થાય છે. આ મલમ ઝેરી નથી. તેમાં પાણી ભરી રાખવાથી તે લાંબા સમય બગડશે નહિ.

('શ્રેયસી') —વૈદ્ય નવીનભાઈ ઓઝા

સરગવો

સરગવો રસમાં કિંચિત્ તીખો, કડવો અને મધુર હોય છે.

ગુણની દૃષ્ટિએ ગરમ, હળવો, લુખ્ખો, રુચિકર, પાચનશક્તિ વધારનાર, આંખો માટે હિતકારી, તીક્ષ્ણ અને મળ-મૂત્રનું વિસર્જન કરનાર છે. તેના સેવનથી વિષ, વાયુ, કફ, કૃમિ તથા શૂળનો નાશ થાય છે. વધુ-પડતો ખવાય તો વીર્ય તેમ જ મેદ ઘટે છે. અને પિત્તપ્રકૃતિવાળી વ્યક્તિને ક્યારેક પ્રતિકૂળ પણ પડે છે.

પક્ષાઘાત, સંધિવાત, મોંનો લકવો, કમરનો દુખાવો, આમવાત વગેરે વાયુના રોગોમાં સરગવાનું શાક, સૂપ કે પાનનો શેક ઉપયોગી છે. મેદોવૃદ્ધિમાં સરગવાનો સૂપ ખૂબ જ હિતાવહ મનાયો છે.

શરીર જકડાઈ ગયું હોય, સર્વાંગમાં વેદના થતી હોય, વાંસો, કેડ કે પડખાં દુખતાં હોય ત્યારે કાઠી ભરેલા ખાટલા પર સરગવાનાં પાન પાથરી વરાળિયો શેક લેવાથી અવશ્ય લાભ થાય છે.

કફથી કે કૃમિના કારણે માથામાં દુખાવો થતો હોય ત્યારે સરગવાનાં બીનું બારીક ચૂર્ણ સૂંઘવાથી અને કપાળે લેપ કરવાથી રાહત મળે છે. મંદાગ્નિ અને શરદીના દર્દી માટે તો સરગવો શ્રેયસ્કર છે જ.

તેના સમ્યક્ સેવનથી શ્વાસ, શરદી, શૂળ, અપચો, અતિનિદ્રા, મસા, આંખો દુખવી, બરોળ વધવી, વિદ્રધિ, વિષમ જ્વર, પથરી, મૂત્રકૃચ્છ, કૃમિ, મરડો, મંદાગ્નિ, વિષ, વાતરક્ત, શીતળા, છાતી જકડાઈ જવી, સન્નિપાત, સાદો તાવ, કાનનો દુખાવો, હેડકી, વ્રણ, વાળો અને માથાનો ખોડો મટે છે.

('આયુડાઈજેસ્ટ') —વત્સલ વસાણી

વિટામિનોનો કોઠો


કઈ વસ્તુમાંથી કયા વિટામીન કેટલા પ્રમાણમાં મળી શકે છે તેનો ખ્યાલ આપતો કોઠો.

વસ્તુ	વિટામિન 'એ'નું પ્રમાણ	વિટામિન 'બી'નું પ્રમાણ	વિટામિન 'સી'નું પ્રમાણ
બટાટા	સાધારણ	બહુ ઓછું	બહુ ઓછું
રીંગણ	બહુ ઓછું	સાધારણ	સાધારણ
વાલોળ	બહુ ઓછું	સાધારણ	સાધારણ
કારેલાં	વધુ	સાધારણ	વધુ
ફ્લાવર	સાધારણ	વધુ	વધુ
વટાણા	વધુ	વધુ	વધુ
કોળું	સાધારણ	સાધારણ	સાધારણ
પાલખ	જરૂરિયાત કરતાં વધુ	વધુ	વધુ
ગાજર	જરૂરિયાત કરતાં વધુ	વધુ	બહુ ઓછું
કોબીજ	વધુ	વધુ	જરૂરિયાત કરતાં વધુ
સફરજન	સાધારણ	સાધારણ	વધુ
કેળાં	સાધારણ	સાધારણ	વધુ
નારિયેળ	સાધારણ	સાધારણ	બહુ ઓછું
કાકડી	સાધારણ	બહુ ઓછું	વધુ
ફણગાવેલા ચણા	સાધારણ	વધુ	વધુ
દ્રાક્ષ	બહુ ઓછું	સાધારણ	સાધારણ
લીંબુ	બહુ ઓછું	સાધારણ	જરૂરિયાત કરતાં વધુ
નારંગી	સાધારણ	સાધારણ.	,,
પાકાં ટમેટાં	બહુ ઓછું	જરૂરિયાત કરતાં વધુ	જરૂરિયાત કરતાં વધુ
તાજું દૂધ	વધુ	વધુ	વધુ
કેરી	વધુ	સાધારણ	સાધારણ
પપૈયું	વધુ	સાધારણ	સાધારણ
મગફળી	સાધારણ	સાધારણ	સાધારણ
બદામ	સાધારણ	સાધારણ	બહુ ઓછું
ઈંડાં	વધુ	સાધારણ	બહુ ઓછું
માછલી	વધુ	સાધારણ	બહુ ઓછું
ઘી	સાધારણ	બહુ ઓછું	બહુ ઓછું
કાજુ	જરૂરિયાત કરતાં વધુ	જરૂરિયાત કરતાં વધુ	બહુ ઓછું
ચોખા	બહુ ઓછું	સાધારણ	બહુ ઓછું
ફૂલા સાથેનો લોટ	વધુ	વધુ	વધુ

(નિરીક્ષક) —મદનમોહન વૈષ્ણવ

અજમાવી જુઓ

કપડામાં લસણની કળી લઈ, તે ફૂંકી તે જ કપડાથી આંજણી પર દિવસમાં બે વાર રસ લગાડવાથી આંજણી મટે છે. ❑ શેકેલાં લવિંગ મોંમાં રાખવાથી દાંતનાં મૂળ મજબૂત થાય છે. ❑ મેથીના થોડા દાણા દહીંમાં પલાળી તે દહીં ખાવાથી મરડામાં ફાયદો થાય છે. ❑ પાયોરિયા માટે બોરસલીનું દાતણ ઉત્તમ છે. ❑ અરડૂસીનો રસ હળદરવાળા દૂધમાં પીવાથી ટૉન્સિલ (કાકડા) મટે છે. ❑ આમળાંનું



આકાશદર્શન ડિસેમ્બરથી મે માસ સુધીના મધ્ય આકાશમાં મધરાત પૂર્વે દેખાતા મુખ્યમુખ્ય તારાઓ ને તારામંડળો આપણે જોયાં. અહીં હવે અગાઉ જાન્યુઆરી માસમાં આપેલા નકશાનો ઉત્તરાર્ધ આપ્યો છે, જેમાં જૂનથી નવેમ્બર માસના તારા અને તારામંડળો દર્શાવ્યાં છે. અગાઉના નકશા સાથે સરખાવતાં જણાશે કે તેમાં ધ્યાન ખેંચે તેવા બે મુખ્ય તફાવત છે. એક તો બંને નકશામાં નદીના પટ જેવી બતાવેલી આકાશગંગાની દિશા. વર્ષના પૂર્વાર્ધમાં એ અગ્નિ અને વાયવ્ય દિશામાં ફેલાએલી જોવા મળે છે, જ્યારે હવે ઈશાન-નૈઋત્યમાં દેખાશે. બીજો તફાવત છે ક્રાંતિવૃત્ત એટલે કે સૂર્યના આકાશીમાર્ગનો. અત્યાર સુધી વિષુવવૃત્તની ઉત્તરે દેખાતો સૂર્ય હવે દક્ષિણે જોવા મળશે. પરિણામે હવે દિવસો પણ ટૂંકા થવા લાગશે.

પાછલા માસોમાં મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ-આ બધા ગ્રહો તો જોયા હશે. આમાંથી બુધ હજી થોડા દિવસો સૂર્યાસ્ત પછી અર્ધોએક કલાક સુધી પશ્ચિમ આકાશમાં જોઈ શકાશે. મિથુનથી કર્ક રાશિ ભણી એ જઈ રહ્યો છે. મંગળ, ગુરુ અને શનિનું સિંહ રાશિના તારામંડળમાં થઈ રહેલું દર્શન તો પ્રેક્ષણીય રહ્યું છે. પણ હવે મધરાત પૂર્વે જ એમનો અસ્ત થવા લાગશે. છતાં આમાંના મંગળની વેગીલી ગતિ ધ્યાન ખેંચે તેવી છે. ગુરુ અને મઘાની બાજુમાંથી ખસીને હવે એ ઝડપથી શનિ તરફ તેની ગતિ છે. ૨૫ જૂને એ શનિની દક્ષિણે પણે પાસે પહોંચી જશે. સિંહ રાશિ છોડીને એ કન્યા રાશિ તરફ જઈ રહ્યો છે. શુક્ર પણ હવે ૨૦ જૂન પછી સાંજે પશ્ચિમ આકાશના બદલે સૂર્યોદય પૂર્વે અઢાઈ કલાક અગાઉથી પૂર્વ આકાશમાં જોવા મળશે. —બિ.

ચૂર્ણ સાકરના પાણીમાં મેળવી પીવાથી પેશાબની બળતરા ઓછી થાય છે. ¶ મધમાં શંખાવલી ચાટવાથી ઊંઘ આવે છે. ¶ (અપામાર્ગ) અઘેડાના પાનનો રસ રક્તસ્રાવ દૂર કરે છે. ¶ અનંતમૂળના ઉકાળામાં સાકર તથા વાવડિંગનો ભૂકો મેળવી પિવડાવવાથી બાળકોનો લકવો તથા સુકતાનમાં ફાયદો થાય છે. ¶ અંઘોલના ફૂલની સૂકી કળી આમળાં-હળદર સાથે વાટી મધ સાથે ચાટવાથી પેશાબમાં થતો પરુસ્રાવ બંધ થાય છે. ¶ લીંબુનો રસ નાખેલા પાણીથી વાળ ધોવાથી વાળ ચમકદાર બને છે. ¶ અરડૂસીનાં સૂકાં પાનનો ધુમાડો લેવાથી દમના રોગીને રાહત થાય છે. ¶ વાળાના જખમ પર લસણ બાંધવાથી અંદર છુપાએલા કીડા બહાર આવે છે. ¶ ખાંડ સાથે વડનાં દૂધનાં સાત ટીપાં પાવાથી પેશાબ કે ગુદા વાટે વહેતું લોહી બંધ થાય છે. ¶ સાકર સાથે ફટકડી ખાવાથી પેશાબનાં દરદોમાં રાહત થાય છે. ¶ કાળીજીરીનું ચૂર્ણ ખાવાથી ઝીણો તાવ મટે છે. ¶ લીંબુના રસમાં કાળીજીરી વાટીને માથામાં લગાડવાથી જૂ-લીખ મટે છે. ¶ બીલીનાં મૂળનો ઉકાળો પીવાથી સારી ઊંઘ આવે છે. ¶ આકડાના દૂધમાં હીરાકસી લગાડવાથી કંઠમાળમાં લાભ થાય છે. ¶ નગોડના પાનનો ઉકાળો એરંડિયા સાથે પીવાથી સુવારોગ મટે છે.
('આયુડાયજેસ્ટ') —નીલા વસાણી

આગામી માસ (જુલાઈ) ઇતિહાસમાં

તા. ૧/૧૯૦૯ સર કર્ઝન વાયલીનું ખૂન. હિંદુસ્તાનમાં રાષ્ટ્રીય ક્રાંતિના જુવાળ દરમિયાન હિંદમાં દેશભક્તો પર જે અમર્યાદ જુલ્મો થવા લાગ્યા એનાથી પ્રેરાઇને ઈંગ્લૅંડમાં હિંદી ક્રાંતિકારીઓએ હિંદમાંની બ્રિટિશ નીતિનું નિયમન કરતા સર કર્ઝન વાયલીનું ખૂન કરવાનું નક્કી કર્યું. ત્યાં 'ઈંડિયા હાઉસ'માં 'અભિનવ ભારત'ની સાપ્તાહિક સભાઓમાં ઈંગ્લૅન્ડ ભણવા ગએલા અનેક હિંદીઓ દેશને સ્વાધીન કરવાની પ્રેરણા મેળવતા. એમાંના એક મદનલાલ ધીંગરાને આ કાર્ય સોંપાયું. ઈ. ૧૯૦૯ની પહેલી જુલાઇએ ઇન્ડિયન નેશનલ એસોસીએશનના વાર્ષિક સમારંભમાં એને નિમંત્રણ હતું. ત્યાં વાત-વિનોદમાં તદ્દન સ્વસ્થ ને શાંત દેખાતા મદનલાલે વાયલીને એક બાજુ લઈ જઈ તેના પર ધડાધડ ગોળીઓ છોડી તેને ઠાર કર્યો, ને પછી શાંતિથી હસતે મોંએ એણે ધરપકડ વહોરી લીધી. આ બદલ ૧૬મી ઑગસ્ટે તેને ફાંસી અપાઈ હતી. સ્વાધીનતાની લડતોને માટે જુલાઈ માસ કંઈ વધુ ફળવંતો લાગે છે. અમેરિકા આ જ માસની ૪થી તારીખે ૧૭૭૬માં સ્વતંત્ર થએલું. ફ્રાંસની ઇતિહાસ પ્રસિદ્ધ લોકક્રાન્તિનાં મંડાણ પણ આ જ માસમાં ૧૪મી તારીખે (૧૭૮૯) થએલાં.

તા. ૨/૧૮૪૩ હોમીઓપથીની ઉપચાર-પદ્ધતિના શોધક સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન.

તા. ૪/૧૯૦૩ એટલાંટિક અને પૅસિફિક મહાસાગર વચ્ચે પહેલી તાર લાઈન ખુલ્લી મુકાઈ.

તા. ૭/૧૮૯૨ દાદાભાઈ નવરોજી બ્રિટિશ પાર્લામેન્ટની ચૂંટણીમાં જીતીને તેના સભ્ય બન્યા.

તા. ૮/૧૪૯૭ ત્રણ જહાજોમાં ૧૭૦ માણસો લઈને વાસ્કોડા-ગામા હિંદ આવવા નીકળ્યો.

તા. ૧૧/૧૯૧૧ ગુજરાતના જાણીતા પારસી સાક્ષર બહેરામજી મલબારીનુ અવસાન.

તા. ૧૪/૧૮૬૫ યુરોપના આલ્પ્સ પર્વતનું સર્વોચ્ચ શિખર મૅટર હૉર્ન સર થયુ.

તા. ૧૬/૧૮૭૨ સાહસ-સફરી રાઓલ્ડ આમુંડસેનનો નૉર્વેમાં જન્મ. નાનકડા વહાણની



હેરાફેરી કરી ગુજરાન ચલાવતા એક નાવિકના એ પુત્રને પણ દરિયાખેડનું એટલું આકર્ષણ લાગ્યું કે ૨૫ વર્ષની વયે વૈદકનો અભ્યાસ અને ગામ બંને છોડીને એ એટલાંટિકની શોધસફરે જતી એક બેલ્જિયન ટુકડી સાથે ઊપડી ગયો. ત્યારથી આરંભાએલાં એનાં સફર-સાહસોમાં એણે ૧૯૦૩માં ઉત્તર દિશામાં ગ્રીનલૅન્ડ, લૅંકસ્ટરની સામુદ્રધુની અને કિંગ્સ પૉઈન્ટ થઈ બે ત્રણ વર્ષે ઉત્તરના માર્ગે પૅસિફિકમાં પ્રવેશ કર્યો. આ એનું પોતાનું પહેલું જ સાહસ હતું અને એમાં એણે સફળ થઈ એક નવો જ માર્ગ આંક્યો. માર્ગમાં એણે અનેક ઉપયોગી અવલોકન કર્યાં, નકશા બનાવ્યા અને ઉત્તર ચુંબકીય ધ્રુવનું સ્થાન પણ નક્કી કર્યું. ઈ. ૧૯૧૦માં એ દક્ષિણ ધ્રુવની સફરે ગયો અને ૧૯૧૧ની ૧૬ ડિસેમ્બરે એણે દ. ધ્રુવ પણ સર કર્યો. ત્યાંથી પાછા ફરી એણે 'ધ સાઉથ પોલ' નામક પુસ્તક લખ્યું (૧૯૧૩) અને પોતાની સફરો વિષે વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૧૮માં એ ઉત્તરધ્રુવ જવા ઊપડ્યો અને ૧૯૨૦ના જુલાઈમાં અલાસ્કામાં 'નૉમ' સુધી પહોંચ્યો. ૧૯૨૬ના મે માસમાં વિમાન દ્વારા એણે ૭૧ કલાકમાં ૨૭૦૦૦ માઈલ ઊડી ઉ. ધ્રુવ ફરતાં બે ચક્કર લગાવેલાં, ને આર્કટિક સાગર પાર કરી બેરિંગની સામુદ્રધુનીમાં ઊતરેલો. ૧૯૨૮ની ૧૮ જૂને જનરલ નોબાઈલની ગૂમ થએલી શોધ ટુકડીની શોધમાં ટ્રૉમ્સો (નૉર્વે)થી એક ફ્રેન્ચ દરિયાઈ વિમાન લઇને ગયો તે પછી તેના કંઈ જ ખબર મળ્યા નથી. માત્ર સાહસ ખાતર એણે આ બધી સફરો ખેડેલી, પણ તેના દ્વારા ઘણું નવું ભૌગોલિક જ્ઞાન પ્રાપ્ત થયું. ધ્રુવ પ્રદેશમાં સામાન્ય હોકાયંત્ર ન ચાલે ત્યાં તેણે 'સૂર્ય હોકાયંત્ર' યોજેલું.

તા. ૧૦/૧૮૫૭ અંગ્રેજો સામેના દેશવ્યાપી બંડમાં અંગ્રેજોએ નાનાસાહેબ પેશ્વાને હરાવ્યા. આ હાર પછી યે નાનાસાહેબ ગેરિલા પદ્ધતિએ વારંવાર લડતા રહીને અંગ્રેજ સેનાપતિઓને તોબા પોકરાવેલી. અંગ્રેજોએ એમને માટે એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરેલું, પણ એ પકડાયા નહોતા. છેવટ બધી બાજુએથી વિપ્લવકારીઓનું બળ ઘટી જતાં એ નેપાળ ચાલ્યા ગયા અને તે પછી એમનું શું થયું તે હજી સુધી જાણી શકાયું નથી.

તા. ૨૯/૧૮૫૯ પહેલવહેલું ગુજરાતી દૈનિકપત્ર 'સમાચાર દર્પણ' શરૂ થયું.



'તમે ઘડિયાળો આમ પડતર કરતાં પણ ઓછી કિંમતે વેચો છો એમાં કમાઓ કેવી રીતે?'
'ઘડિયાળી: 'એ જ ઘડિયાળોને રીપેર કરીને.'

કચ્છમાં કથા ચાલતી હતી. કથાકારે ભગવાનના વર્ણનમાં તેમનું મુખારવિંદ એવો શબ્દ વાપર્યો. એક પ્રાકૃત બાઇને એમાં સમજ ન પડતાં પોતાની બાજુની સંસ્કારી બાઇને પૂછ્યું: 'ઇ મુખારવિંદ કુરો? (એ મુખારવિંદ એટલે શું?)' તેને સમજ પડે એવી કચ્છીમાં જવાબ મળ્યો: 'ઠાકોરજી જો ડાચો.'

પહેલો ઠોંચેલો: અમેરિકનો ચન્દ્ર પર ઉતરાણ કરવામાં પ્રથમ હતા. હું સૂર્ય પર ઉતરાણ કરવામાં પહેલો બનીશ.
બીજો ઠોંચેલો: 'પણ...'
પહેલો: 'હું જાણું છું તું શું કહેવા માગે છે, પણ હું તો રાત્રે જવાનો છું.'

'અમે દિલગીર છીએ કે ભૂલથી તારી સજા કરતાં અમે તને વધુ એક અઠવાડિયું જેલમાં રાખ્યો.' છૂટી પામતા કેદીને જેલરે કહ્યું.
'કંઈ વાંધો નહિ સાહેબ. બીજી વખત એટલો વહેલો છોડી મૂકજો!'

'હું તમને પરણી ત્યારે તો એમ માનતી હતી કે તમે ગજબ હિંમતબાજ છો, પણ...'
'તું જ નહિ, બીજા પણ ઘણા લોકો ત્યારે મારી હિંમત જોઈ આશ્ચર્ય પામ્યા હતા.'



('જનસત્તા'માં સ્વ. શિવ)

ધણી, ધતૂરો, ઢોર ને ચતુરા, ચાકર, ચામ,
કેળવશો જેવાં તમે તેવાં દેશે કામ.

સગાઈ થયા પછી એક પારસી યુવક વિલાયત ગયો. ત્યાં તેને ભાવિ પત્ની તરફથી પત્ર મળ્યો કે મારી આંખનું તેજ ઓછું થતું જાય છે, ને ભવિષ્યમાં કદાચ સમૂળગી આંખો પણ જાય; માટે તમારે સગાઈ તોડવી હોય તો હું તમને ખુશીથી મુક્ત કરું છું. યુવકે જવાબમાં લખ્યું કે આ જાણ્યા પછી તો લગ્ન કરવાની મારી વિશેષ ફરજ થઈ પડે છે. ને વિલાયતથી આવીને તે તેને જ પરણ્યા. જતે દહાડે પત્નીની આંખો સમૂળગી ગઈ, અને એ યુવક—જાણીતા પ્રો૦ એ. આર. વાડિયા છેક લગી પ્રેમપૂર્વક એ પત્નીની સેવા કરી રહ્યા.

અનેકાર્થી શબ્દ : વટ=વડ; મુખ્ય, બધા મા ટેનું; ધીરધાર કરવી તે; ધીરધાર થતી હોય તે બજાર; ટેક, પણ; આબરૂ.



ટિકિટકથા : શિકાગોના એક યુવાન ધારાશાસ્ત્રી પૉલ હૅરિસે સ્થાપેલી વિખ્યાત 'રૉટરી ઇન્ટરનેશનલ ક્લબ'ની ૭૫મી જયંતીનું આ વર્ષ છે. આ નિમિત્તે ટોગો રીપબ્લિક બહાર પાડેલી ૭ ખાસ ટપાલટિકિટોમાંની આ એક ઉપર 'રૉટરી ક્લબ'ની જાણીતી સંજ્ઞા આપી છે. બાકીની બીજી ટિકિટો ઉપર અલ્પ વિકસિત દેશોને વિવિધ સહાય આપવાના આ ક્લબના એક વ્યાપક કાર્યક્રમ અંગેનાં સંજ્ઞાત્મક આલેખનો આપ્યાં છે. રૉટરીને બિરદાવતી સૅંકડો ટિકિટો બહાર પડી છે, જેમાં ઑસ્ટ્રીઆએ ૧૯૩૧માં બહાર પાડેલી છ ટિકિટોની શ્રેણી સૌ પ્રથમ હતી. આજે એની ૧૫૦ પાઉન્ડ જેટલી કિંમત બોલાય છે. ઑસ્ટ્રેલિયા, બેલ્જિયમ, ફ્રાંસ અને યુનાઇટેડ સ્ટેટ્સે પણ પોતાની ટપાલટિકિટો પર આ આંતરરાષ્ટ્રીય ક્લબને બિરદાવી છે.

धर्म यो बाधते धर्मो
न स धर्मः प्रकीर्तितः।
अविरोधात्तु यो धर्मः
स धर्मः सत्यविक्रमः॥

જે ધર્મ બીજાના ધર્મનો બાધ કરે છે તેનું નામ ધર્મ નથી. પણ અધર્મ છે. જે ધર્મ બીજા ધર્મનો વિરોધી નથી તે જ સાચો અને પ્રભાવશાળી ધર્મ છે.

ગણિતગમ્મત : ગુણાકાર અને સરવાળો એક જ આવે એવી બે રકમ શોધવા માટે પૂર્ણાંક આંકડાની રકમ લેવી, બીજી રકમમાં તે જ અંક તેના અંશમાં અને તેનાથી એક ઓછો અંક છેદમાં લેવો. જેમ કે $\frac{૩}{૧}\times\frac{૩}{૨}=\frac{૯}{૨}$, $\frac{૩}{૧}+\frac{૩}{૨}=\frac{૯}{૨}$ (નૌતમ વખારિયા)

કહેવતોના અર્થ : 'અગૂઠા પ્રમાણે રાવણ'. –થોડી વસ્તુ ઉપરથી આખું જાણી શકાય, એ ભાવ દર્શાવવા માટે વપરાતી આ કહેવત પાછળ પેલી લોકકથાનો આધાર છે કે રાવણ કેવો હતો તે ચીતરી બતાવવાનો સીતાને આગ્રહ થયો. તે પતિવ્રતાએ આંખ ઊંચી કરીને તેને કદી જોયો ન હતો, પણ સદા નીચી રહેતી તેની નજરે ફક્ત તેનો અંગૂઠો પડેલો તે તેણે ચીતરી બતાવેલો; અને તે એટલો હૂબહૂ હતો કે તે પરથી તે રાવણનો જ છે એમ કળી ગએલા રામ ગુસ્સે થએલા. એ રીતે થોડા ઉપરથી સમસ્તની પરીક્ષા કરવા માટે વપરાતી એવી બીજી કહેવતો : 'ભર્યા ચરુનો દાણો ચપાય', 'કાકા દીઠે કુટુંબ દીઠું' વગેરે.

સૂંઠ

અજીર્ણમાં ગોળ સાથે સૂંઠ ખાવી. માથાના રોગમાં સૂંઠ નાખી દૂધ પીવું. આધાશીશીમાં ગોળ અને સૂંઠ ઉકાળી નસ્ય આપવું. આમ વાતમાં સૂંઠના કવાથમાં દીવેલ આપવું. હૃદય રોગમાં સૂંઠનો ગરમ કવાથ પીવડાવવો. કમળામાં ગોળ સાથે સૂંઠ આપવી. આમપાચન માટે ગરમ પાણીમાં સૂંઠ આપવી.


આસાન જિંદગીની યાચના ન કરશો. ખમીરવંતા બનવાની પ્રાર્થના કરજો.

ટમેટાંને પહેલાં ગરમ ને પછી ઠંડા પાણીમાં પલાળવાથી તેની છાલ સહેલાઈથી નીકળશે.

ખોટી વાત : દહીં ઠંડુ નહીં પણ ગરમ છે; જ્યારે જેને આપણે ગરમ જ ગણીએ છીએ તે ખજૂર ખરી રીતે ઠંડુ છે.

ખોરાક દાઝીને તળિયે ચોંટી ગયો હોય તેવા વાસણને સાફ કરવા તેમાં થોડાં ડુંગળીનાં પતીકાં અને એક ચમચો મીઠું નાખેલું પાણી રાતભર મૂકી રાખવું. સવારે સરળતાથી સાફ થઈ જશે.

બાળકને દાંત આવતા હોય ત્યારે ત્રાંબા-જસતના તારનું માદળિયું ગળામાં પહેરાવવાથી દાંત વગર પીડાએ ને જલદી નીકળે છે. ત્રાંબા તથા જસતના ૩–૩ તાર લઈ, તેને આંટા મારી એક જાડો તાર કરી, ગોળ વાળીને ઉપર ત્રણેક પડ જેટલું કાળું કપડું લપેટવું. લપેટતી વેળા કપૂરકાચલીનું ચૂર્ણ જરા ભભરાવવું ને પછી તેને કપડામાં સીવી લઈ ગળામાં પહેરાવવું.
(આયુર્વેદ વિજ્ઞાન) —હરિપ્રસાદ ભટ્ટ



કલાકણિકા : ટ્યૂનીશિયાની આ તરતરી (રકાબી)માં સામાન્ય તારકસીથી ઊલટું કામ છે; એટલે કે રૂપાના તારના કામને બદલે આમાં રૂપાની રકાબીમાં કળા પોલાદનું જડતરકામ છે.